# ઋષભ અને મહાવીર

યુવાચાર્ય મહાપ્રજ્ઞ

અનેકાન્ત ભારતી પ્રકાશન

# ઋષભ અને મહાવીર

લેખક

યુવાચાર્ય મહાપ્રજ્ઞ

રોહિત શાહ

પ્રકાશક :
પ્રેક્ષાધ્યાન એકેડેમી સંચાલિત
અનેકાન્ત ભારતી પ્રકાશન
અમદાવાદ.

હિન્દી આવૃત્તિ
સંપાદક : મુનિ દુલહરાજ □ મુનિ ધનંજય

● ગુજરાતી આવૃત્તિ ●

અનુવાદક તથા સંપાદક : **રોહિત શાહ**

પ્રબંધ સંપાદક : **શુભકરણ સુરાણા**

**આવૃત્તિ પ્રથમ : પ્રજાસત્તાક દિન, ૧૯૯૩**

**JAIN PRAKASHAN MANDIR**
**309/4, Khatri ni Khadki, Doshiwada ni Pole**
**Ahmedabad- 380001 (S) 2535 6806**
**(M) 98242 40839 (R) 2663 9275**

પ્રકાશક : **શ્રી સંતોષકુમાર સુરાણા** (નિર્દેષક)
**પ્રેક્ષાધ્યાન એકેડેમી સંચાલિત**
**અનેકાન્ત ભારતી પ્રકાશન**
ઈ/ચારુલ, સહજાનંદ કોલેજ પાસે,
ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ માર્ગ,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

લેસર કંપોઝ
**મારુતિ પ્રિન્ટર્સ,**
એન. આર. એસ્ટેટ,
તાવડીપુરા, શાહીબાગ
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન ; ૩૧૨૩૧૨, ૩૪૫૫૫૯

મુદ્રક
**સુહાસ પ્રિન્ટેક પ્રા. લિ.**
ઈસનપુર,
અમદાવાદ-૩૮૦ ૦૪૩

# • પ્રસ્તુતિ

બે અંતિમો : એક અર્હત્ પરંપરાનું અને બીજું શ્રમણ પરંપરાનું. બન્ને વચ્ચે ખૂબ અંતર હોવા છતાં બન્ને પરસ્પરથી સુસંબદ્ધ છે. ઋષભ અર્હત્ છે અને મહાવીર શ્રમણ છે. શ્રમણ પરંપરાનું આદિબિંદુ અર્હત્ અને તેનું (અર્હત્નું) ચરમબિંદુ શ્રમણ. ઋષભે સમાજવ્યવસ્થાની સુરચના કરી તે પછી ધર્મચક્રનું પ્રવર્તન, પ્રવૃત્તિમાંથી નિવૃત્તિમાં પ્રવેશ. મહાવીર પ્રારંભથી જ સંયમ તરફ અભિમુખ બની રહ્યા. બન્નેનું ખૂબ વ્યાપક પ્રદાન છે. આ નાનકડી પુસ્તિકામાં તેનું સંક્ષિપ્ત અવગાહન છે. ભાવક સરળતાથી ત્યાં સુધી પહોંચી શકે, સામ્પ્રત સંદર્ભમાં તેમનો સાક્ષાત્કાર કરી શકે, બસ, એટલી નાનકડી છે આ યાત્રા. 'જૈનધર્મ અર્હત્ ઔર અર્હતાએં' પુસ્તકનો પ્રથમ-દ્વિતીય અધ્યાય, શેષમાં અશેષનો સમાવેશ !

૧૪ જૂન ૧૯૯૦ — યુવાચાર્ય મહાપ્રજ્ઞ

*મારવાડ જંક્શન*
*પાલી (રાજસ્થાન)*

# આનંદનો ઉદ્‌ગાર

પૂજ્ય યુવાચાર્ય શ્રી મહાપ્રજ્ઞજીના અનેક ગ્રંથોના ગુજરાતી અનુવાદોનું સંપાદન કરતાં કરતાં મનમાં સતત એક લાગણી ધબક્યા કરતી હતી કે મારે પણ તેમના એકાદ ગ્રંથનો અનુવાદ કરવો છે. પરંતુ બહુવિધ પ્રવૃત્તિઓની વ્યસ્તતાને કારણે, સમયની સંકડાશ અવરોધરૂપ બનતી હતી. મુરબ્બી શ્રી શુભકરણ સુરાણાજી પણ સદાય પ્રેમાગ્રહથી મને કહેતા હતા, 'આપ પૂ. મહાપ્રજ્ઞજીના ગ્રંથોનું સંપાદન તો કરો જ છો, પણ એકાદ ગ્રંથનો સુંદર અનુવાદ કરી આપો, તેવી અમારી ભાવના છે.' મારી લાગણી અને મુરબ્બી શ્રી સુરાણાજીના પ્રેમાગ્રહનું સાકાર સ્વરૂપ પ્રસ્તુત ગ્રંથ છે.

આ પુસ્તકનો અનુવાદ કરતી વખતે, ગ્રંથના વિષયનું વ્યાપક અને ગહન અધ્યયન સહજ રીતે જ શક્ય બન્યું, પણ તેથી ય વિશેષ આનંદ તો પૂ. યુવાચાર્યશ્રીના પ્રબળ અધ્યયનથી પરિચિત થવાની એક વધુ રૂડી તક મળી તેનો છે. 'ઋષભ અને મહાવીર' ગ્રંથના વાચકને પ્રતીતિ થશે કે, પૂ. મહાપ્રજ્ઞજી જ્યારે ભગવાન ઋષભના યુગની વાત કરે છે ત્યારે તેઓ ભગવાન ઋષભના સમયનો સાક્ષાત્કાર કરાવે છે અને જ્યારે ભગવાન મહાવીરના યુગની વાત કરે છે ત્યારે, ભગવાન મહાવીરના સમયનો સાક્ષાત્કાર કરાવે છે ! જૈનધર્મના પહેલા અને છેલ્લા તીર્થંકરો વચ્ચે અનેક યુગોનું અંતર હોવા છતાં, તેઓ બન્ને પરસ્પરના પૂરક છે. પ્રસ્તુત ગ્રંથમાં આ બન્ને તીર્થંકરોની જીવનશૈલીનું તેમજ તેમણે સ્થાપેલા સિદ્ધાંતોનું રોચક આલેખન તો છે જ, સાથોસાથ ધ્યાનવિષયક ઉપયોગી સિદ્ધાંતો અને સૂત્રો પણ તેમાં ભરપૂર છે.

શ્રી શુભકરણજી સુરાણાએ આવા સુંદર ગ્રંથના અનુવાદ-સંપાદનનું સદ્‌ભાગ્ય મને આપ્યું તે માટે તેમનો હાર્દિક ઋણી છું. તો શ્રી નવનીતભાઈ સી. પટેલના ઉષ્માપૂર્ણ સહયોગથી પૂ. યુવાચાર્ય મહાપ્રજ્ઞજીના સમૃદ્ધ ગ્રંથો ગુજરાતી વાચકોને સુલભ બન્યા છે, તે માટે સૌ ગુજરાતી વાચકો તેમના આભારી બની રહેશે.

મકરસંક્રાંતિ : ૧૯૯૩

**● રોહિત શાહ**

*૧૧૦૭, કીકા ભટ્ટની પોળ,*

*દરિયાપુર, અમદાવાદ-૧*

● અર્થસૌજન્ય ●

# ક્રમ-અનુક્રમ


૧. કાલચક્ર અને કુલકર / 7

૨. ઋષભનું અવતરણ / 14

૩. રાજતંત્રનો સૂત્રપાત / 21

૪. ઋષભ અને સમાજવ્યવસ્થા / 28

૫. ધર્મ-તીર્થનું પ્રવર્તન / 36

૬. જાગો ! કેમ જાગતા નથી ? / 44

૭. ભરત અને બાહુબલી / 50

૮. નિર્વાણવાદના પ્રવક્તા : ભગવાન મહાવીર (૧) / 59

૯. નિર્વાણવાદના પ્રવક્તા : ભગવાન મહાવીર (૨) / 64

૧૦. મૃત્યુનું દર્શન : સમાધિમરણ / 68

૧૧. વર્ધમાન : જાગરૂક ચર્યા / 77

૧૨. વર્ધમાન : નિદ્રાસંયમ / 84

૧૩. વર્ધમાન : પરિષહોના ભરડામાં / 90

૧૪. સંકલ્પની ધૂણી ઉપર કરવામાં આવેલું તપ / 97

૧૫. વર્ધમાન : પ્રેક્ષાના પ્રયોગ / 105

# કાલચક્ર અને કુલકર 1.

ઘણા પ્રાચીન સમયથી કેટલીક જિજ્ઞાસાઓ માનવીના મસ્તિષ્કમાં ઉદ્‌ભવતી રહી છે, પ્રશ્નો પુછાઈ રહ્યા છે અને સમાધાનો શોધાઈ રહ્યાં છે. પ્રશ્નો કંઈક આવા છે : આ વિશ્વ કોણે બનાવ્યું ? આ વિશ્વ શેનાથી બન્યું ? ક્યારે બન્યું ? કેવી રીતે બન્યું ? મૂળ તત્ત્વ શું છે ? એ તત્ત્વ શું છે, જે નિરંતર પરિવર્તનમાં પણ અપરિવર્તિત રહે છે ? આ પૃથ્વી ક્યારથી છે ? આ આકાશ ક્યારથી છે ? આ સૌરમંડળ ક્યારથી છે ? આ પ્રાણીજગત ક્યારથી છે ? આ મનુષ્ય ક્યારથી છે ? આવા પ્રશ્નો માનવમનમાં આકાર ધારણ કરે છે. મનુષ્ય પોતાની બુદ્ધિ દ્વારા અને પોતાની અંતર્દૃષ્ટિ દ્વારા આવા પ્રશ્નોનું સમાધાન શોધે છે. જૈનદર્શને પણ તેનું સમાધાન શોધ્યું. એકસાથે શોધ્યું કે ધીરે ધીરે શોધ્યું તે ઇતિહાસનો વિષય છે, પરંતુ જૈનદર્શનમાં તે પ્રશ્નોનું સમાધાન શોધાયું છે.

**વિશ્વનો સંદર્ભ :**

પ્રથમ પ્રશ્ન છે : આ વિશ્વ કોણે બનાવ્યું ?

જૈનદર્શને તેનું સમાધાન આપ્યું : વિશ્વને બનાવનારું કોઈ નથી.

બીજો પ્રશ્ન છે : આ વિશ્વ શેનાથી બન્યું છે ?

જીવ અને અજીવ આ બે તત્ત્વો છે. આ બન્ને તત્ત્વો દ્વારા આ વિશ્વ બન્યું છે.

ત્રીજો પ્રશ્ન છે : આ વિશ્વ ક્યારે બન્યું ?

તેનું કોઈ ઠામ-ઠેકાણું નથી. તેનું આદિબિંદુ પકડી શકાતું નથી. એટલા માટે તેનું આદિબિંદુ પકડી શકાતું નથી કે, આ વિશ્વમાં જેટલાં તત્ત્વો અગાઉ

હતાં, તેટલાં જ છે અને તેટલાં જ રહેશે. જીવ અને અજીવ પૈકીનું એક પણ તત્ત્વ, એક પણ અણુ, ના તો નવો જન્મ લે છે તથા ના તો પુરાણું નાશ પામે છે. જેટલું હતું તેટલું જ છે અને તેટલું જ રહેશે. અતીતમાં જેટલા પદાર્થ હતા, તે વર્તમાનમાં પણ છે અને અનંત ભવિષ્યમાં પણ તે પદાર્થો બરાબર જળવાઈ રહેશે. તેમાં વધઘટ નહિ થાય. તેથી વિશ્વ ક્યારે બન્યું એ પ્રશ્નનો કોઈ ઉત્તર દર્શનજગતની પાસે નથી અને તેનું આદિબિંદુ શોધી પણ શકાય તેમ નથી.

**મૂળ દ્રવ્ય બે છે :**

ચોથો પ્રશ્ન છે : વિશ્વ કેવી રીતે બન્યું ?

જીવ અને અજીવનો સંયોગ થતો રહે છે અને તે સંયોગે આ સૃષ્ટિનું નિર્માણ કર્યું છે. પ્રશ્ન ઉદ્ભવે છે, દૂધ કેવી રીતે બન્યું ? ગાયે ઘાસ ખાધું અને દૂધ બન્યું. જે કાંઈ વિકાસ છે તે સંપૂર્ણ યૌગિક છે. તેમાં જીવ અને અજીવ આ બે તત્ત્વોનો યોગ છે. આ બન્નેનો યોગ મળતો રહે છે અને તેમાં ઉમેરો થતો રહે છે. બેમાંથી ચાર, ચારમાંથી આઠ અને આઠમાંથી સોળ. આમ ગુણોત્તર રીતે ઉમેરો થયા જ કરે છે.

પાંચમો પ્રશ્ન છે : મૂળ તત્ત્વ શું છે ?

જીવ અને અજીવ આ બે મૂળ તત્ત્વો છે.

જગતનો જેટલો વિસ્તાર છે, તે જીવ અને અજીવના સંયોગથી થયો છે. તે વિસ્તારની શક્તિનું નામ વ્યંજનપર્યાય છે. પર્યાય બે પ્રકારના હોય છેઃ સ્વભાવપર્યાય અને વ્યંજનપર્યાય. પ્રત્યેક પદાર્થમાં પોતપોતાનું પરિણમન થાય છે તે સ્વભાવપર્યાય છે અને જે બેના યોગથી બને છે તથા પ્રગટ થાય છે તે વ્યંજનપર્યાય છે. બેનો યોગ મળ્યો, હાઈડ્રોજન-ઑક્સિજન મળ્યા અને પાણી બન્યું. પાણી કોઈ મૂળ તત્ત્વ નથી. પાણી યૌગિક છે. જેટલાં યૌગિક દ્રવ્યો છે તે સંયોગથી મળે છે અને બનતાં રહે છે.

**વિસ્તાર યૌગિક છે :**

આપણા જગતનો જે વિસ્તાર છે તે યૌગિક વિસ્તાર છે. મૂળ તત્ત્વો તો અત્યંત અલ્પ છે, પરંતુ તેમનો વિસ્તાર એટલો બધો થઈ ગયો કે આપણને ભિન્ન ભિન્ન દ્રવ્યો દેખાવા લાગ્યાં. પ્રશ્ન થાય છે, મકાન શું છે ? એ કોઈ મૂળ દ્રવ્ય નથી. ઈંટ, પથ્થર, સિમેન્ટ, લોખંડ આ બધાનો યોગ મળ્યો અને મકાન બની ગયું. આ માટી શું છે ? આ પૃથ્વી શું છે ? કંઈક પ્રાણી અને કેટલાક પુદ્ગલ મળ્યાં, માટીનું નિર્માણ થઈ ગયું. આ જળ શું છે ? કંઈક પ્રાણી અને કેટલાક પુદ્ગલના સ્કંધ મળ્યા, જળનું નિર્માણ થઈ ગયું. આ અગ્નિ શું છે ? કંઈક પ્રાણી અને કેટલાક પરમાણુ સ્કંધ મળ્યા, અગ્નિનું નિર્માણ થઈ ગયું. હવા શું છે ? કંઈક પ્રાણી અને કેટલાક પુદ્ગલોનો યોગ છે. આ વનસ્પતિજગત શું છે ? તેનો ઉત્તર પણ આ જ છે. કેટલાક જીવ અને કેટલાક પુદ્ગલ મળ્યા

અને આટલું વિશાળ વનસ્પતિજગત બની ગયું. આ ત્રસજગત-કીડા-મકોડાથી લઈને મનુષ્ય સુધીનું-શું છે ? તે પણ યૌગિક જ છે. જીવ મળ્યો અને પુદ્ગલ મળ્યો, અને એક કીડો બની ગયો, એક પક્ષી બની ગયું, એક પશુ બની ગયું અને એક માણસ બની ગયો. મૂળ દ્રવ્ય કોઈ દશ્યજગત છે તે સંપૂર્ણપણે જીવ અને પુદ્ગલનું યૌગિક સ્વરૂપ છે. ના કોઈ શુદ્ધ જીવ છે અને ના કોઈ શુદ્ધ પુદ્ગલ. જો પુદ્ગલ છે તો તે જીવ દ્વારા છોડેલો પુદ્ગલ છે. સૂક્ષ્મ પુદ્ગલ આપણને દેખાતા નથી.

**વિશ્વરચનાનાં મૂળ તત્ત્વો :**

કેટલાક દાર્શનિકોએ માન્યું કે, વિશ્વની રચનાનું મૂળતત્ત્વ પંચભૂત છે. પૃથ્વી, પાણી, પવન, અગ્નિ અને આકાશ આ પાંચ મહાભૂતોમાંથી સૃષ્ટિનું નિર્માણ થયું છે. જૈનદર્શને પાંચ તત્ત્વોને સ્વીકૃતિ આપી નથી. જૈનદર્શન પ્રમાણે જીવ અને અજીવ આ બેના યોગથી સૃષ્ટિનું નિર્માણ થયું છે. આ યોગમાં પૃથ્વી પણ છે, પાણી પણ છે, પવન પણ છે, અગ્નિ પણ છે. પરંતુ આકાશ અલગ પડી જાય છે. આકાશ એક સ્વતંત્ર દ્રવ્ય છે. તે આ ચારની સાથે નથી, તે યૌગિક નથી.

સમગ્ર સંસાર પુદ્ગલો અને જીવોના યોગથી બને છે. બંનેનો યોગ મળ્યો અને વ્યંજનપર્યાય થઈ ગયો. વ્યંજનપર્યાય એટલે પ્રગટ થનારો પર્યાય. ગાયે ઘાસ ખાધું અને દૂધ બની ગયું તે વ્યંજનપર્યાય છે. પ્રશ્ન થયો, દૂધ ક્યાંથી આવ્યું ? શું દૂધનું અસ્તિત્વ ગાયમાં છે ? શું દૂધનું અસ્તિત્વ ઘાસમાં છે ? જો ગાયમાં છે તો ઘાસ કદીય દૂધ નહિ આપે. એનું અસ્તિત્વ ના ગાયમાં છે, ના ઘાસમાં છે પરંતુ બંનેના યોગમાં છે. ગાય અને ઘાસ બન્નેનો યોગ મળ્યો અને એક નવો પર્યાય બન્યો. દૂધ આપણી સમક્ષ હાજર થયું. આમ અનેક પ્રકારના યોગ બને છે, જેમની ગણતરી કરી શકાય તેમ નથી. અસંખ્ય યોગ બને છે અને અસંખ્ય પદાર્થ બનતા રહે છે.

**પરિવર્તનનો પ્રશ્ન :**

છઠ્ઠો પ્રશ્ન છે : શું આ યૌગિક જગત બદલાતું જ રહે છે ?

કહેવાય છે - એવું નથી. નિરંતર પરિવર્તનની વચ્ચે એક એવું તત્ત્વ છે, જે અપરિવર્તિત રહે છે. જીવ અને અજીવ : આ બેમાં પરિવર્તનનું ચક્ર ચાલી રહ્યું છે. પરંતુ બન્નેના પરિવર્તનમાં, પરિવર્તન નહિ પામનારું તત્ત્વ પણ સમાયેલું છે. જૈનદર્શનમાં ત્રણ તત્ત્વોનું પ્રતિપાદન કરવામાં આવ્યું : ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય. પદાર્થ ઉત્પન્ન થાય છે, વિનાશ પામે છે અને ધ્રુવ (અવિચળ) પણ રહે છે. એક ધ્રુવતત્ત્વ એવું છે, જે ઉત્પાદ અને વ્યયની વચ્ચે બેઠું છે. વૈદિક દર્શનોએ સૃષ્ટિના ઉત્પાદ અને લયને સ્વીકાર્યા. સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે અને તેનો લય થાય છે, મૂળ કારણમાં. મૂળ કારણ છે ઈશ્વર

અથવા બ્રહ્મ. તે સ્થાયી રહે છે. જો આપણે કલ્પનાને નજીક લાવીએ તો ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય તથા ઈશ્વર, લય અને ઉત્પત્તિને એક દૃષ્ટિએ જોઈ શકીએ છીએ.

**પૃથ્વીનું અસ્તિત્વ :**

સાતમો પ્રશ્ન છે : આ પૃથ્વી ક્યારથી બની ?

જ્યારથી જીવ અને અજીવનું અસ્તિત્વ છે ત્યારથી પૃથ્વીનું અસ્તિત્વ છે. આપણું સૌરમંડળ કેટલું મોટું છે ! આપણી નિહારિકાઓ કેટલી મોટી છે ! જે સૌરમંડળ દેખાઈ રહ્યું છે, જે નિહારિકાઓ દેખાઈ રહી છે તેવી અસંખ્ય અસંખ્ય નિહારિકાઓ અને અસંખ્ય સૌરમંડળ આ જગતમાં છે. વિજ્ઞાન પણ આ તથ્ય સ્વીકારે છે. એક ગ્રહથી બીજા ગ્રહ સુધીનું અંતર બે કરોડ અરબ કે ખરવ પ્રકાશવર્ષ છે ! એક પ્રકાશવર્ષ કેટલું મોટું હોય છે ! એટલું વિરાટ છે આપણું આ બ્રહ્માંડ, જગત અથવા વિશ્વ ! તેમાં નિરંતર પરિવર્તન થયા કરે છે. પૃથ્વી પણ બદલાયા કરે છે. આકાશ અટલ-અવિચળ રહે છે. તે ક્યારેય સુધરતું કે બગડતું નથી. તે પોતાના સ્વભાવમાં બદલાય છે, પરંતુ બહારથી નથી બદલાતું.

**પ્રાણીજગત પણ બદલાય છે :**

પ્રાણીજગત પણ બદલાતું રહે છે. એક કાળે આ પૃથ્વી ઉપર જે પ્રાણીઓનું સામ્રાજ્ય હતું, તે સમાપ્ત થઈ ગયું. બે કરોડ વર્ષ, ચાર કરોડ વર્ષ પૂર્વે જે પ્રાણીઓનું સામ્રાજ્ય હતું તે પ્રાણીઓનું આજે અસ્તિત્વ પણ લગભગ સમાપ્ત થઈ ચૂક્યું છે. નવાં પ્રાણીઓ આવ્યાં. પ્રાણીઓની જાતિઓ અને પેટાજાતિઓ બદલાતી રહે છે. પ્રાણીઓનું અસ્તિત્વ પણ બદલાતું રહે છે. આકાર પણ એકસરખો નથી રહેતો. આજે માનવીનો જેવો આકાર છે તેવો આકાર શું વર્ષો પૂર્વે પણ હતો ? કહેવાનું કપરું છે. તે ખૂબ બદલાયો છે. તેમાં એટલું બધું પરિવર્તન આવી ગયું છે કે જેની આપણે કલ્પના પણ ના કરી શકીએ ! આગમ સાહિત્યમાં એવાં એવાં પ્રાણીઓ, મનુષ્યોનો ઉલ્લેખ છે, જેમનું મોઢું ઘોડા જેવું હતું અને તેમને પૂંછડી પણ હતી. આજે એમ માનવામાં આવે છે - વાંદરાને પૂંછડી હોય છે પરંતુ છપ્પન અન્તર્દ્વીપના મનુષ્યોનું જે વર્ણન મળે છે તે ભારે વિચિત્ર છે. તેથી આપણે એમ નથી કહી શકતા કે મનુષ્ય સદાય આવા (અત્યારના) રૂપમાં જ હતો. તેના આકાર-પ્રકાર બદલાયા છે, રૂપ બદલાયાં છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પણ બદલાયાં છે. આ સંજોગોમાં એકસમાન હોવાનું કહેવું કપરું છે. પ્રાણીજગત પણ બદલાયું છે અને મનુષ્યજગત પણ બદલાયું છે.

**પરિવર્તનનો આધાર :**

જ્યારથી આ પૃથ્વીનું અસ્તિત્વ છે, જીવ અને પુદ્‌ગલના સંયોગ છે

ત્યારથી પ્રાણીજગતનું અસ્તિત્વ છે, મનુષ્યનું અસ્તિત્વ છે. તેમાં પરિવર્તનનું ચક્ર અવિરત ફરતું રહે છે. જૈન આચાર્યોએ પરિવર્તનને ભિન્ન ભિન્ન ખંડોમાં વિભાજિત કર્યું. પરિવર્તનનો એક આધાર બન્યો : ભૌગોલિકતા. પૃથ્વી પર ક્ષેત્રજન્ય પરિવર્તનનો એક આધાર છે કાલચક્ર. આપણે જે પૃથ્વી ઉપર જીવી રહ્યા છીએ તે પૃથ્વી ઉપર કાલચક્રનું પરિવર્તન થાય છે. કાલચક્ર ચાલે છે અને તેના આધારે પરિવર્તન ચાલે છે. કાલચક્રને બાર વિભાગોમાં વહેંચ્યું.આ બાર ભાગમાંથી છ ભાગનું નામ આપ્યું અવસર્પિણી કાળ અને શેષ છ ભાગોનું નામ રાખ્યું : ઉત્સર્પિણી કાળ. એક કાળ એવો આવે છે જેમાં ધીરે ધીરે તમામ વસ્તુઓનો હ્રાસ થતો જાય છે. તે કાળને અવસર્પિણી કાળ કહેવામાં આવ્યો. એક કાળ એવો આવે છે જેમાં તમામ વસ્તુઓનો વિકાસ થતો જાય છે તેને ઉત્સર્પિણી કાળ કહેવાયો. અત્યારે આપણે જે કાળખંડમાં જીવી રહ્યાં છીએ તેનું નામ છે અવસર્પિણી કાળ.

**યૌગલિક યુગ :**

આ કાળચક્રના સિદ્ધાંત અનુસાર પ્રથમ ખંડ વીત્યો, બીજો અને ત્રીજો પણ વીત્યો. જ્યારે ત્રીજો ખંડ વીતી રહ્યો હતો, ત્રીજા કાળખંડના ત્રીજા ભાગથી પણ અલ્પ ભાગ શેષ રહ્યો હતો ત્યારે આ વિશ્વની વ્યવસ્થાએ એક વળાંક લીધો. મનુષ્યનો ઇતિહાસ બદલાયો. એક નવો જ વળાંક આવ્યો માનવજાતિના ઇતિહાસમાં. વિશ્વને કુલકરોએ પ્રભાવિત કર્યું. પૂર્વે યૌગલિક યુગ હતો. તેમાં સમાજ જેવી ખાસ વ્યવસ્થા નહોતી. એક જોડકું જન્મ લેતું, તે સહજ સંયમથી જીવન જીવતું અને અંતિમ સમયે એક (નવા) જોડકાને જન્મ આપીને વિદાય લેતું. ના કોઈ વ્યાપાર હતો, ના કોઈ વ્યવસાય હતો. ના કોઈ રાજ્યશાસન હતું અને ના કોઈ વ્યવસ્થા હતી. એક પ્રકારનું સંપૂર્ણ જંગલી જીવન હતું. તેવું જીવનારા મનુષ્યોને યૌગલિક મનુષ્ય કહેવામાં આવતા. તેઓ સહજ ધાર્મિક હતા. ના કોઈ ધર્મનું પ્રવર્તન હતું અને ના કોઈ ધર્મનો ઉપદેશક હતો ! તેમનું જીવન શાંત હતું. ક્રોધ, માન, માયા અને લોભ સહજ શાંત હતાં. ના કલેશ ના ઈર્ષ્યા, અને ના ચુગલી. કાંઈ જ નહિ ! તેઓ શાંતિથી જીવન પૂરું કરીને મૃત્યુ પછી સ્વર્ગમાં જતાં. તે યુગમાં સહજ શાંત જીવનની સુંદર પ્રણાલી ચાલતી હતી. પરંતુ જ્યારે ત્રીજો કાલખંડ અંતિમ તબક્કામાં આવ્યો, ત્યારે યુગમાં પરિવર્તન આવવા લાગ્યું. સંતતિનો વિકાસ થવા લાગ્યો. જ્યાં સંતતિ વધી, વસતિ વધી ત્યાં સમસ્યાઓ પણ વધવા લાગી. જનસંખ્યાની સાથોસાથ સમસ્યાઓ પણ વધે છે. આ એક ધ્રુવ સિદ્ધાંત હોઈ શકે છે : જેટલો પરિગ્રહ સીમિત હશે તેટલી જ વ્યક્તિ પવિત્ર, સુખી અને શાંત હશે. પરિગ્રહ વધશે તો ઝંઝટ પણ વધશે. સંઘર્ષો પણ વધશે. ઈર્ષ્યા પણ વધશે. બધું જ વધશે. સમાજને ક્યારેય એકરૂપ બનાવી શકાતો નથી. એક થવું શક્ય પણ

નથી. જ્યાં સમાજ હશે ત્યાં આ દરેક બાબત હશે. સમાજમાં લોભ પણ વધશે અને તૃષ્ણા પણ વધશે.

જ્યારે અપેક્ષા વધે છે, ત્યારે તૃષ્ણા પણ વધી જાય છે, લોભ પણ વધી જાય છે, બધું જ વધી જાય છે.

**નેતૃત્વનું બીજારોપણ :**

ત્રીજા યુગના અંતિમ તબક્કામાં આકાંક્ષા વિકસવા લાગી. યૌગલિક યુગ સમાપ્તિ પામી રહ્યો હતો. નવા યુગનો સૂત્રઘોષ થઈ રહ્યો હતો. તે યુગના સંધિકાળમાં, સંક્રાન્તિકાળમાં સ્થિતિઓ બદલાવાની શરૂ થઈ ગઈ. જે ભૂમિ અત્યંત મીઠાશ આપતી હતી, તે મીઠાશ ઘટવા લાગી. આજની ખાંડ (સાકર)થી પણ વિશેષ મીઠાશ તે કાળે માટીમાં હતી ! પદાર્થોની શક્તિ ઘણી વધારે હતી. એ વખતે લોકો ચણાની એક દાળ જેટલું ખાઈ લેતા તો બે દિવસ સુધી ખાવાની જરૂર પડતી નહિ ! તેમને રોજ ખાવાની જરૂર નહોતી. ત્રીજા આરામાં : કાલખંડમાં જાણે કે નિરંતર વરસીતપ ચાલી રહ્યું હતું ! કોઈપણ વ્યક્તિ રોજ રોજ ખાતી નહિ. સૌ કોઈ એક એક દિવસના આંતરે ખાતા. શક્તિઓ પણ ઘટવા લાગી, ભૂમિની મીઠાશ પણ ઘટવા લાગી, કાળની સ્નિગ્ધતા પણ ઓછી થતી ગઈ. મગજમાં શુષ્કતા આવતી ગઈ અને સાથોસાથ અપરાધ પણ જન્મ લેવા લાગ્યા. કલ્પવૃક્ષ દ્વારા ખાવાની પૂર્તિ થતી હતી, તે પણ અલ્પ આપવા લાગ્યાં. સંતતિ વધવા લાગી, પેદાશ ઘટવા લાગી, લૂંટફાટ અને ચોરીઓનો ઉપદ્રવ શરૂ થયો. લોકો ત્રાહિમામ્ થઈ ગયા. તેમણે વિચાર્યું, આ રીતે તો કામ નહિ ચાલે. કેટલાક લોકોએ મળીને પોતાનો નેતા પસંદ કરવાનું શરૂ કર્યું. કુળ બન્યાં. કુળોના આગેવાનો બન્યા. કુલકરની વ્યવસ્થાનું આ આદિબિંદુ છે. સમાજવ્યવસ્થાનું કામ એક આગેવાનને સોંપી દેવામાં આવ્યું. નાનાં નાનાં કુળ બનાવવામાં આવ્યાં.

કુલકરોએ પોતાની વ્યવસ્થાને ચુસ્તપણે અમલી બનાવી. લૂંટફાટને રોકવાનો પ્રયત્ન કર્યો. પોતાના અધિકાર જમાવવાનું પ્રારંભ્યું. તેમણે વ્યવસ્થા આપી : અમુક પદાર્થ અથવા ક્ષેત્ર અમારા અધિકારમાં છે, અહી અન્ય કોઈ આવી નહિ શકે અને અહીંથી કાંઈ જ લઈ નહિ શકે. સ્વામિત્વનું બીજારોપણ થઈ ગયું. વ્યક્તિગત સ્વામિત્વ, કુળ, કુળની વ્યવસ્થા વગેરેનો ઉદ્‌ભવ થઈ ગયો. અનેક કુલકર બનયા. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ મુજબ પંદર કુલકર થયા. આવશ્યક નિયુક્તિ અને સ્થાનાંગ સૂત્ર પ્રમાણે સાત કુલકર થયા. તેમાં વિમલવાહનને પ્રથમ કુલકર માનવામાં આવ્યો છે, પરંતુ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં તેઓને સાતમા કુલકર માન્યા છે. કુલકરોએ કુળની વ્યવસ્થા સંભાળી લીધી અને એ રીતે નેતૃત્વનું બીજારોપણ થઈ ગયું.

**કુલકર પરંપરા - બે અભિમત :**

યૌગલિક વ્યવસ્થામાં સૌ કોઈ સ્વશાસિત હતા. બીજાનું શાસન નહોતું. પોતાનું શાસન પોતાના દ્વારા ચાલતું હતું. સંપૂર્ણ લોકતંત્ર હતું. કોઈ શાસક નહિ, કોઈ શાસિત નહિ. પોતાની મેળે પોતાનું જીવન ચલાવતા અને પોતાનામાં જ રચ્યાપચ્યા રહેતા. જ્યારે કુલકરની વ્યવસ્થાનો સૂત્રઘોષ થયો ત્યારે એક શાસક એક વ્યવસ્થા અને એક નેતૃત્વનું બીજારોપણ થઈ ગયું. કુલકરોએ પોતાના અધિકારોનો વિસ્તાર કર્યો. જે વ્યક્તિ ભૂલ કરતી, પદાર્થોને અહીં-તહીં કરતી, તેના નિયમનને માટે વિચારવાનું પણ શરૂ કર્યું. જ્યારે ભૂલો થવાની શરૂઆત થઈ ગઈ, અપરાધ થવાના શરૂ થઈ ગયા ત્યારે કુલકરોએ વિચાર્યું, કંઈક ઉપાય કરવો જોઈએ. ચિંતન આગળ ચાલ્યું. એક નવો વળાંક આવ્યો. નાભિ સાતમા કુલકર માનવામાં આવ્યા છે. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ મુજબ નાભિ ચૌદમા કુલકર અને ઋષભ પંદરમા કુલકર થયા. ઋષભને પણ કુલકર માની લેવામાં આવ્યા. નાભિ અંતિમ કુલકર છે. ઋષભનાં બે રૂપ બની જાય છે : ઋષભ કુલકર પણ બન્યા છે અને રાજા પણ બન્યા છે. એક રીતે વિચારીએ તો નાભિ ચૌદમા છે કે સાતમા છે, પરંતુ અંતિમ કુલકર તો છે જ. તેમણે કુળની વ્યવસ્થાને ઠીક ઠીક જમાવી. તેમની સામે પણ મુશ્કેલીઓ આવી. જેમ જેમ કાળનો પ્રભાવ વધતો ગયો, કાળની સ્નિગ્ધતા ઘટતી ગઈ, દિમાગનું ઠંડાપણું ઘટતું ગયું, દિમાગ અને લોહીની ઉષ્મા વધતી ચાલી તેમ તેમ અપરાધોનું પ્રમાણ વધતું ગયું.

આ ખૂબ મનનીય વાત છે. જ્યારે દિમાગ ઠંડું હોય છે, રક્ત (લોહી) ઠંડું હોય છે ત્યારે અપરાધ જાગતા નથી. અપરાધ ત્યારે જ જાગે છે જ્યારે લોહીની ગરમી વધી જાય છે, દિમાગ પણ ગરમ થઈ જાય છે.

નાભિના યુગમાં અપરાધમાં વૃદ્ધિ શરૂ થઈ ગઈ. એક પ્રશ્ન-પ્રસ્તુત થયો - હવે શું કરવું જોઈએ ? આ વિષય ઉપર ચિંતન-મંથન ચાલ્યાં. અપરાધને રોકવાની દિશામાં એક કદમ મંડાઈ ગયું.

●

# 2. ઋષભનું અવતરણ

સમુદ્રમાં હિમખંડ તરતા રહે છે. તેની ટોચનો થોડો ભાગ સમુદ્રની સપાટીની ઉપર હોય છે જ્યારે બરફનો પહાડ અંદર રહે છે. જોનાર માત્ર ટોચને જ જુએ છે, અંદર નથી જોતો. પ્રત્યેક વ્યક્તિ આ વિશ્વના મહાસમુદ્રમાં હિમખંડ જેવી છે. આપણને ઉપરછલ્લું સ્વરૂપ દેખાય છે, પાછળ રહેલું સ્વરૂપ દેખાતું નથી. આપણે માત્ર વર્તમાનને જાણીએ છીએ, અતીતને જાણતા નથી. અતીતને જાણ્યા વગર વર્તમાનને યોગ્ય રીતે જાણી શકાતો નથી. વર્તમાન માત્ર અભિવ્યક્તિ છે. જે પ્રગટ થાય છે તેની પાછળ શું છે, કેટલું છે તે જાણવું અત્યંત આવશ્યક છે. અધ્યાત્મએ આ વાત જાણી, તેણે વ્યક્તિને માત્ર હિમખંડની ટોચ ન માનતાં સંપૂર્ણ હિમખંડ જ માની.

**વર્તમાન : અભિવ્યક્તિની ક્ષણ :**

વર્તમાનની સાથે કેટલો અતીત જોડાયેલો છે તેનું પણ વિશેષ મૂલ્ય છે. શું કોઈ ઋષભ અતીત વગર ઋષભ બની શકે ખરા ? એ કદીય શક્ય નથી. કોઈપણ વ્યક્તિ માત્ર વર્તમાનના આધારે ઋષભ બની શકે નહિ. અતીતમાં સાધના કરતાં કરતાં અભિવ્યક્તિની એક ક્ષણ આવી અને આપણી સમક્ષ ઋષભનું અવતરણ થઈ ગયું. આપણે અભિવ્યક્તિની ક્ષણને જોઈ છે પરંતુ તેની પાછળ જે અતીત છે, જે સાધના છે તેને જોવાનું પણ જરૂરી છે. પ્રત્યેક વ્યક્તિના મનમાં ભાવના જાગે છે- હું મહાન બનું. આવી મહત્ત્વાકાંક્ષા હોઈ શકે છે. મહત્ત્વાકાંક્ષા હોવી તે અમુક અર્થમાં ખરાબ પણ નથી. પરંતુ કોઈપણ મહત્ત્વાકાંક્ષા ત્યારે જ પૂરી થાય છે જ્યારે તેની પાછળ અતીતનો યોગ

થાય છે. જો અતીત જોડાયેલો નથી તો માત્ર મહત્ત્વાકાંક્ષાનો કોઈ અર્થ નથી. તે નિર્માણને બદલે વિધ્વંસ કરે છે. નિર્માણમાં સમય લાગે છે.

**તોડશો નહિ : જોડતા રહો :**

એક વ્યક્તિએ પૂછ્યું, "ભગવાનની શક્તિ વિશેષ છે કે શયતાનની ?"

મેં ઉત્તર આપ્યો, "ભગવાનની શક્તિ વિશેષ છે."

"ના, એ ખોટી વાત છે. ભગવાનની શક્તિ જોઈ નથી શકાતી. શયતાનની શક્તિ આપણી સામે જ હોય છે. તે જ્યારે ઇચ્છે ત્યારે ખરાબ કરી શકે છે. શયતાન દુનિયામાં ઘણા બધા છે. પગલે પગલે જોવા મળે છે. પણ ભગવાન ક્યાંય દેખાતા નથી."

"તમારો તર્ક પણ ઠીક છે, મારો તર્ક પણ ઠીક છે."

"કેવી રીતે ?"

"બનાવવામાં (નિર્માણ કરવામાં) સમય વધુ લાગે છે, બગાડવામાં કોઈ સમય નથી લાગતો."

એક વ્યક્તિએ બુદ્ધને ઉપદેશ માટે વિનંતી કરી. ઉપદેશ માગનાર ચોર હતો, ડાકુ હતો, દુરાચારી હતો. બુદ્ધે કહ્યું, "ઉપદેશ પછીથી આપીશ. પહેલાં તું સામેના વૃક્ષ ઉપરથી પાંચ પાંદડાં તોડી લાવ." તે ગયો. પાંચ પાંદડાં તોડીને લઈ આવ્યો. એ તોડવામાં તેને એક મિનિટ પણ ના લાગી. બુદ્ધે કહ્યું, "હવે આ પાંચ પાંદડાંને ફરીથી જોડી આવ." તેણે કહ્યું, "એ કામ શક્ય નથી. તોડવાનું મારા વશમાં હતું. જોડવાની વાત મારા વશમાં નથી. હું તોડી શકું છું, જોડી નથી શકતો." બુદ્ધે કહ્યું, "એ જ સંબોધિ છે. તોડશો નહિ. જોડવામાં સતત પ્રવૃત્ત રહો."

**વિકાસની પ્રક્રિયા :**

વિધ્વંસનું કામ કોઈ પણ વ્યક્તિ કરી શકે છે પરંતુ નિર્માણનું કામ કોણ કરે છે ? આમ કહેવું યુક્તિપૂર્ણ છે કે શયતાનની શક્તિ ઓછી છે, ભગવાનની શક્તિ વિશેષ છે. નિર્માણમાં સમય વધુ લાગે છે, વિધ્વંસમાં સમય ખૂબ ઓછો લાગે છે. વ્યક્તિએ કાંકરો નાખ્યો અને ઘડો ફૂટી ગયો. તેને ફોડવામાં એક મિનિટ પણ ના લાગી. પરંતુ એ જ ઘડાના નિર્માણમાં કેટલાં શ્રમ અને શક્તિનો ખર્ચ થાય ! નિર્માણ સમય-સાપેક્ષ છે. પોતાના જીવનના નિર્માણમાં પણ ખૂબ સમય લાગે છે. ઋષભને ઋષભ બનવામાં કેટલો બધો સમય લાગ્યો ! તેઓ એક દિવસમાં જ ઋષભ બની ગયા નહોતા. તેમના તમામ અતીતના અભ્યાસથી આ વાત સ્પષ્ટ થઈ જાય છે.

જૈનસાહિત્યમાં પૂર્વજન્મના વર્ણનની સુંદર વિદ્યા ઉપલબ્ધ છે. તેમાં સેંકડો વ્યક્તિઓના પૂર્વજન્મ બતાવવામાં આવ્યા છે. તેના દ્વારા વિકાસની પૂરેપૂરી પ્રક્રિયા સમજાય છે. વ્યક્તિ પહેલાં ક્યાં હતી, અને વિકાસ કરતાં

કરતાં તે ક્યાં સુધી પહોંચી ગઈ તે પૂર્વજન્મની ઘટનાઓના આધારે જાણી શકાય છે. પ્રત્યેક વ્યક્તિ પહેલાં સાધારણ સ્થિતિમાં હોય છે. તે સાધારણ સ્થિતિથી જ પોતાની યાત્રાનો આરંભ કરે છે. વિકાસની આ પ્રક્રિયા અનેક જન્મો સુધી ચાલે છે. એક જન્મ, બે જન્મ, પાંચ જન્મ, દસ જન્મ, વીસ જન્મ અને ત્રીસ જન્મ. જન્મ-જન્માંતર પર્યંત આ પ્રક્રિયા ગતિશીલ રહે છે. વિકાસ કરતાં કરતાં વ્યક્તિ એ બિન્દુ ઉપર પહોંચે છે જ્યાં પહોંચીને કોઈપણ વ્યક્તિ ઋષભ બની જાય છે, મહાવીર બની જાય છે. ઋષભ અને મહાવીર એક જ દિવસમાં બની જવાતું નથી. જૈનદર્શનનો મહત્ત્વનો સિદ્ધાંત છે- પ્રત્યેક વ્યક્તિ ઉચ્ચ ભૂમિકા સુધી પહોંચી શકે છે. પરંતુ એ ભૂમિકાએ એ જ પહોંચી શકે છે જેણે વિકાસની દિશામાં, નિર્માણની દિશામાં પ્રસ્થાન કરી દીધું હોય. વિધ્વંસની દિશામાં જનાર ઉચ્ચ ભૂમિકાએ પહોંચી શકશે નહિ. ઋષભ વિધ્વંસની દિશામાં ન ગયા. તેમણે વિકાસ અને નિર્માણની દિશામાં પોતાનાં કદમ માંડ્યાં અને આ પૃથ્વી ઉપર ઋષભનું અવતરણ થઈ ગયું.

**ઋષભ : જન્મજાત પ્રાજ્ઞ :**

જૈનદર્શનનો સિદ્ધાંત છે : કોઈ પણ વ્યક્તિ ઈશ્વર બનીને જન્મ નથી લેતી. કોઈ અવતાર નથી હોતો. પ્રત્યેક વ્યક્તિ અપૂર્ણતાઓ સહિત જન્મ લે છે. વ્યક્તિ વ્યક્તિમાં વિશેષતાનું તારતમ્ય હોઈ શકે છે. કોઈ વ્યક્તિમાં અપૂર્ણતા વધુ હોય છે અને કોઈ વ્યક્તિમાં ઓછી. જે વ્યક્તિ જન્મ લે છે તેનામાં બે જ્ઞાન-મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન- અથવા બે અજ્ઞાન મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન અવશ્ય હોય છે. તેના કરતાં ઓછું નથી હોતું. કોઈ વ્યક્તિ એવી પણ હોય છે જેનામાં જન્મથી જ ત્રણ જ્ઞાન હોય છે. તેનું ત્રીજું જ્ઞાન હોય છેઃ અવધિજ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાન. ઋષભ પૂર્ણ નહોતા, અપૂર્ણ હતા. વ્યક્તિ પોતાની સાધના દ્વારા પૂર્ણ બને છે. ઋષભમાં અપૂર્ણતાની સાથોસાથ કેટલીક વિશેષતાઓ પણ હતી. તેઓ અવધિજ્ઞાન- અતીન્દ્રિય જ્ઞાનની સાથે જન્મ્યા. જન્મથી જ તેમની પ્રજ્ઞા જાગૃત હતી. જે વ્યક્તિની પ્રજ્ઞા જાગૃત હોય છે, તેના જીવનનો સમગ્ર ક્રમ બીજા પ્રકારનો હોય છે. ઋષભના જીવનનો ક્રમ બાળપણથી જ બીજા પ્રકારનો હતો. તેમને વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત હતું. તેમની અતીન્દ્રિય ચેતના જાગૃત હતી. તેથી તત્કાલીન જેટલાં યૌગલિક હતાં તેમની રહેણીકરણી અને વાતચીત જે પ્રકારનાં હતાં- તેવાં ક્રિયાકલાપ ઋષભનાં નહોતાં. કહેવાતું હતું કે, આ કુમારનું ભાગ્ય જ અલગ પ્રકારનું છે. તેમાં કંઈક અલગતા હતી. જ્યારે પ્રજ્ઞા જાગે છે ત્યારે વ્યક્તિનો વ્યવહાર બદલાઈ જાય છે.

**પ્રજ્ઞા જાગરણની પરિણતિ :**

પ્રાચીન ઘટના છે. યુવરાજ ભદ્રબાહુ ખૂબ સુંદર હતા. તેમને પોતાના

સૌન્દર્ય ઉપર ભારે ગર્વ હતો, બહુ જ અહંકાર હતો. તેઓ એક દિવસ નગરની બહાર પરિભ્રમણ કરી રહ્યા હતા. માર્ગમાં સ્મશાનઘાટ આવ્યો. તેમણે જોયું, એક મડદાને અગ્નિદાહ અપાયો હતો. તેઓ પહેલી જ વખત સ્મશાન તરફ ગયા હતા અને તેમણે પ્રથમ જ વખત મડદાને બળતું જોયું હતું. ભદ્રબાહુએ પોતાના સાથીઓને પૂછ્યું, "અહીં આગ કેમ સળગાવી છે ?"

સાથીઓએ ઉત્તર આપ્યો : "કુમાર ! અહીં ચિતા સળગાવી છે."

"ચિતા શું હોય છે ?"

"તેમાં મૃત્યુ પામેલી વ્યક્તિને સળગાવવામાં આવે છે."

"મૃત્યુ પામેલી વ્યક્તિ (મડદું) કોને કહેવાય ?"

"જે વ્યક્તિ નિષ્પ્રાણ થઈ જાય, તેને મડદું કહેવાય."

"ઓહ ! તે સુંદર નહોતો તેથી તેને સળગાવવામાં આવ્યો છે. જો તે સુંદર હોત તો તે મૃત્યુ ના પામત અને જો તે મૃત્યુ ના પામત તો તેને સળગાવ્યો ના હોત !"

આ સાંભળીને સાથીઓ હસી પડ્યા. તેમણે વિચાર્યું, 'કેટલો ભોળો છે રાજકુમાર ! એટલું પણ નથી જાણતો કે મૃત્યુ પામ્યા પછી કોઈ વ્યક્તિ સુંદર નથી રહેતી, સુંદરમાં સુંદર વ્યક્તિને પણ મૃત્યુ પછી ઘરમાં નથી રાખી શકાતી.

સાથીઓ બોલ્યા, "કુમાર ! આ ખૂબ સુંદર અને સંપન્ન પણ હતો."

"સુંદર હતો તો મૃત્યુ કેમ પામ્યો ? અને મૃત્યુ પામ્યો તો સળગાવવામાં કેમ આવ્યો છે ?"

"મૃત્યુ પછી સુંદરતા નષ્ટ થઈ જાય છે. શરીર વિકૃત થઈ જાય છે. તેમાંથી દુર્ગંધ આવે છે. તેની પાસે જવાનું કોઈ નથી ઇચ્છતું. તેને તો સળગાવી દેવાનું જ સારું છે."

"શું એક દિવસ મારી પણ આવી જ હાલત થશે ? હું આટલો સુંદર છું, શું હું પણ મૃત્યુ પામીશ ? શું મને પણ સળગાવી દેવામાં આવશે ?"

કુમારના આવા પ્રશ્નોના ઉત્તર એમના મિત્રો કેમ આપી શકે ? તેઓ સૌ ચૂપ થઈ ગયા. ભદ્રબાહુએ મિત્રોની આંખોમાં જોયું. તેમની આંખોમાં એ જ ઉત્તર પ્રતિબિમ્બિત થતો હતો : 'ભદ્રબાહુ, તમારી પણ આવી જ સ્થિતિ થવાની છે.' એ જોઈને ભદ્રબાહુનો અહંકાર ચૂરેચૂરા થઈ ગયો. તેમની પ્રજ્ઞા જાગી ગઈ. તેમના જીવનનો સમગ્ર ક્રમ બદલાઈ ગયો. તેમનું ખાવું-પીવું, તેમની રહેણીકરણી બધું જ બદલાઈ ગયું. તેમની ચેતના પરિવર્તિત થઈ ગઈ.

જ્યારે પ્રજ્ઞા જાગે છે ત્યારે જીવનશૈલી આપોઆપ જ બદલાઈ જાય છે. જ્યાં સુધી પ્રજ્ઞા ન જાગે, અતીન્દ્રિય ચેતના ન જાગે, ઇન્દ્રિયાતીત ચેતનાનો ઉદય ના થાય ત્યાં સુધી જીવનશૈલીને બદલવાનું દુષ્કર છે.

**ૠષભનો વિવાહ : નવો વળાંક :**

કુમાર ૠષભ અતીન્દ્રિય ચેતનાના સ્વામી હતા. તેમના સમગ્ર જીવનનો ક્રમ એક વિશિષ્ટતાપૂર્ણ હતો. ૠષભનું જીવન પરિપૂર્ણ જીવન હતું. તેમણે ગૃહસ્થનું જીવન પણ જીવ્યું. તેમણે કામ, અર્થ, ધર્મ અને મોક્ષ- ચાર પુરુષાર્થોનો આશ્રય લીધો. આપણને પરિપૂર્ણ જીવનની કલ્પના ૠષભના જીવનથી મળે છે. તેમણે વ્યક્તિગત જીવનને માટે ઘણું બધું કર્યું. સમાજ માટે પણ ઘણું કર્યું, પોતાના માટે કર્યું, બીજાઓ માટે કર્યું. જો કોઈ તીર્થંકરને સમગ્ર જીવનના સંદર્ભમાં જોવામાં આવે તો કહી શકાય કે, ૠષભનું જીવન સમગ્રતાનું જીવન છે. તેઓ કુમાર અવસ્થામાં હતા. કુમાર અવસ્થાને અતિક્રમીને તેઓ યુવાન થયા. તેમનો વિવાહ કરી દેવામાં આવ્યો. તેમના વિવાહમાં પણ એક નવો વળાંક આવ્યો. યૌગલિક યુગમાં બહુપત્ની-પ્રથા નહોતી. બહુપત્ની-પ્રથાનો પ્રારંભ ૠષભથી થાય છે. પછીના સમયમાં બહુપત્ની-પ્રથાને ખૂબ મહત્ત્વ મળ્યું. એક એક રાજાને સોળ હજાર રાણીઓ હતી, એંશી હજાર અને એક લાખ રાણીઓ હતી ! તે માપદંડ બની ગયો. જેને જેટલી વધુ રાણીઓ તે એટલો મોટો માણસ ! કદાચ આ પ્રથાના પ્રારંભનો યશ ભગવાન ૠષભને મળ્યો. પહેલો અવસર હતો- તેમને બે પત્નીઓ થઈ, સુનંદા અને સુમંગલા. ત્યાં સુધી બહુપત્નીની પ્રથા નહોતી. એક જોડકું જન્મ લેતું, એ જ જોડકું પતિ-પત્નીના રૂપમાં બદલાઈ જતું. કોઈ જોડકું અધવચ્ચે મરતું નહિ. તે અંતસમય સુધી એકીસાથે રહેતું હતું. અકાળે મૃત્યુ થતું નહિ. અકાળ મૃત્યુનો પ્રસંગ જ નહોતો. પરંતુ એક દુર્ઘટના થઈ. એક જોડકું હતું. તેમાં પુરુષ મૃત્યુ પામ્યો. સ્ત્રી બચી ગઈ. તે એકાકી સ્ત્રીને ૠષભની સાથે જોડી દેવામાં આવી, સુનંદા અને સુમંગલાનાં ૠષભ સાથે લગ્ન થઈ ગયાં.

**કુમાર : બે અર્થ :**

ૠષભ કુમારમાંથી વિવાહિત બન્યા. 'કુમાર' શબ્દના બે અર્થ હોય છે. તેનો પ્રથમ અર્થ છે, જ્યાં સુધી રાજા જીવિત હોય ત્યાં સુધી રાજકુમારને કુમાર કહેવાય છે. બીજો અર્થ છે : જ્યાં સુધી યુવકનાં લગ્ન ન થાય ત્યાં સુધી તેને કુમાર કહેવાય છે. ૠષભ કુમાર-કુંવારા ના રહ્યા. પરણિત થઈ ગયા. આચાર્ય હેમચંદ્રે લખ્યું છે ૠષભનાં લગ્ન થઈ ગયાં છતાં તેઓ ખૂબ અનાસક્ત ભાવે વિવાહિત જીવન જીવી રહ્યા હતા.

*ભોગાન્ સ્વામ્યપ્યનાસક્તઃ, પત્નીભ્યાં બુભુજે ચિરમ્,*
*સદ્વેદનીયમપિ હિ, ન કર્મ ક્ષીયતેઽન્યથા.*

આ વાત સમજવા જેવી છે. જો વ્યક્તિ વૈવાહિક જીવન જીવે, કામ-ભોગનું જીવન જીવે અને તેમાં પ્રબળ આકર્ષણ હોય તો તે ના તીર્થંકર બની શકે છે, ના મોક્ષ પામી શકે છે. એક તર્ક આપવામાં આવ્યો : જે

મોક્ષગામી છે, મુનિમાંથી તીર્થંકર બનનાર છે, તે ભોગ ભોગવતો હોવા છતાં એટલો અનાસક્ત રહે છે કે, તેમાં લપટાતો નથી.

**ઋષભનો પરિવાર :**

એમ લાગે છે કે ઋષભને બાળપણથી જ નવાં નવાં કામ કરવાની આદત પડી ગઈ. તેમણે અનેક પરંપરાઓ તોડી. યૌગલિક યુગમાં એક યુગલ એક યુગલને પેદા કરતું હતું. ઋષભે આ પરંપરાને તોડી. તેમને એક સો પુત્રો અને બે પુત્રીઓ થઈ. સુમંગલાએ નવ્વાણું પુત્રોને જન્મ આપ્યો. સુનંદાએ બાહુબલીને જન્મ આપ્યો. બે બહેનો થઈ : બ્રાહ્મી અને સુંદરી. ઘણા ગ્રંથોમાં વિવાદ છે, કોણ કોનો દીકરો અને કોણ કોની દીકરી એ વિશે. સમવાયાંગ સૂત્ર મુજબ એટલું નિશ્ચિત છે કે સુમંગલા ભરતની માતા હતી. તેથી એ સાબિત થાય છે સુનંદા બાહુબલીની માતા હતી. ઋષભનો તમામ પરિવાર થઈ ગયો. તેમનો પુત્ર ભરત ચક્રવર્તી બન્યો.

**વિકાસના નવા આયામ :**

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં ઋષભનું અત્યંત સુંદર વર્ણન ઉપલબ્ધ છે. તેઓ કેટલા આધ્યાત્મિક હતા તેનું અતિ મહત્ત્વપૂર્ણ ચિત્રણ કરવામાં આવ્યું છે. તેમના બન્ને પુત્રો- ભરત અને બાહુબલી અલગ અલગ પ્રકારના હતા. તેમની બન્ને કન્યાઓ- બ્રાહ્મી અને સુંદરી પણ અલગ અલગ પ્રકારની હતી. ભગવાને તેમને ભણાવ્યાં. તેમની પાસેથી ખૂબ કામ લીધું. સ્ત્રીશિક્ષણની વાત પણ ઋષભ સાથે જોડાયેલી છે. તેમની પુત્રી બ્રાહ્મીના નામથી લિપિનું ચલણ શરૂ થયું. બ્રાહ્મી લિપિ અતિપ્રાચીન લિપિ છે. તે આજે પણ ચાલી રહી છે. ઋષભે જીવનની એક નવી શૈલીનું ચલણ શરૂ કર્યું. તેમની પૂર્વે ના કોઈ ભણનાર હતું ના કોઈ ભણાવનાર. ના કોઈ ગુરુ હતો, ના કોઈ શિષ્ય ! જે જન્મતું તે, એમ જ, પરંપરાગત રીતે જીવતું. ના વિકાસ હતો, ના વિકાસની કોઈ કામના. ઋષભે વિકાસને માટે નવા આયામ રજૂ કર્યા.

**ભોજ; વિપ્ર :**

રાજા ભોજ નદીના કિનારે ઊભા હતા. એક વિપ્ર નદીને ઓળંગીને કિનારે આવી રહ્યો હતો, તે ચિંથરેહાલ હતો. રાજા ભોજે પૂછ્યું, 'કિયન્ માત્રં જલં વિપ્ર ?' (નદીમાં જળ કેટલું છે ?)

વિપ્ર બોલ્યો, "જાનુદઘ્નં નરાધિપ." (નદીમાં ઘૂંટણ સુધી પાણી છે.)

ભોજે બીજો પ્રશ્ન પૂછ્યો : "ઈદૃશી કિમવસ્થા તે ?" (તમારા જેવા વિદ્વાન બ્રાહ્મણની આવી (અવ)દશા શા માટે ?)

બ્રાહ્મણે કહ્યું : "ન હિ સર્વે ભવદૃશા :" (બધા આપના જેવા સમર્થ નથી કે જે આવી દશાને સુધારી દે !)

રાજા ભોજ આ ઉત્તરથી પ્રસન્ન થઈ ઊઠ્યો. તેણે તેની અવસ્થા

સુધારી નાખી. તેને ગરીબમાંથી સંપન્ન બનાવી દીધો.

**કર્મનો યોગ :**

તમામ વ્યક્તિઓ ઋષભ જેવી નથી હોતી, જે વિશ્વની અવસ્થા સુધારે. ઋષભ ઋષભ હતા. ઋષભનું અવતરણ નવી દિશાના ઉદ્ઘાટન માટે થયું હતું. તેમણે વિશ્વની તમામ વ્યવસ્થાઓને સુધારવા માંડી. યુગને નવો વળાંક આપ્યો. જે યુગ ચાલી રહ્યો હતો તે આદિવાસીઓ જેવો યુગ હતો. અતિ સીમિત પ્રવૃત્તિઓ હતી. અતિ સીમિત ખાણી-પીણી હતી. વ્યક્તિ દરરોજ ખોરાક ખાતી નહોતી. પ્રશ્ન ઉદ્ભવે છે : "યૌગલિક મનુષ્યો આટલો બધો લાંબો સમય શી રીતે વીતાવતા હતા ? ના કોઈ ધ્યાન કરતું હતું, ના ધર્મ કરતું હતું. ના કોઈ નિંદા કરતું હતું, ના કોઈ વાતચીતનો વિષય હતો. તો પછી આટલો લાંબો સમય શી રીતે વ્યતીત થતો ? સમાધાન આપવામાં આવ્યું: તેમનું જીવન સહજ શાંત હતું. તે પોતાનામાં જ એટલા લીન હતા કે જાણે પોતાની અંદરથી જ આનંદ વરસી રહેતો હતો. તેમનો સમય અનાયાસ વીતતો હતો. આનંદનો પ્રવાહ કાળની અનુભૂતિને બદલી નાખતો. તે સમયે કર્મભૂમિ અકર્મભૂમિ જેવી બની ગઈ હતી. જૈન સાહિત્યમાં ભૂમિને બે ભાગમાં વહેંચી દીધી : કર્મભૂમિ અને અકર્મભૂમિ. અકર્મભૂમિમાં કાંઈ જ કરવાનું નથી હોતું. ના ખેતી કરવાની હોય છે, ના બીજું કોઈ કાર્ય. તે ધ્યાનમાં હોય છે તેવી અકર્મની સ્થિતિ પણ નથી. તેમનું સહજ અકર્મ હતું. તેથી તે ભૂમિમાં વસનાર અકર્મભૂમિના જીવ કહેવાતા હતા. ઋષભે એક વળાંક આપ્યો. કર્મને સાર્થક બનાવ્યું. કર્મના યુગનો આરંભ થયો.

**ઋષભના અવતરણનો અર્થ :**

ઋષભના અવતરણનો અર્થ છે - પ્રવૃત્તિનું અવતરણ. ઋષભના અવતરણનો અર્થ છે - નિવૃત્તિનું અવતરણ. માત્ર પ્રવૃત્તિનું અવતરણ હોત તો ઋષભનું જીવન અધૂરું રહી જાત. માત્ર નિવૃત્તિનું અવતરણ હોત તો કદાચ કામ ના ચાલત. ઋષભના અવતરણનો અર્થ છે : સમાજવ્યવસ્થાનું અવતરણ. ઋષભના અવતરણનો અર્થ છે : કલાનું અવતરણ. ઋષભના અવતરણનો અર્થ છે વિજ્ઞાન, વિદ્યા અને શિલ્પનું અવતરણ. એક વ્યક્તિનું અવતરણ સમગ્ર યુગનું અવતરણ બની ગયું. આજે વિકાસના તમામ ઇતિહાસની પાછળ પ્રાગ્-ઐતિહાસિક કાળમાં જઈએ તો ઋષભનું અવતરણ તેનું એક જીવતું-જાગતું ચિત્રણ છે. તેને સમજીને આપણે સમાજના આદિમ યુગને સમજી શકીએ છીએ અને તેનું યોગ્ય રીતે ચિત્રાંકન કરી શકીએ છીએ.

●

# રાજતંત્રનો સૂત્રપાત 3.

આપણી દુનિયા દ્વંદ્વાત્મક છે. જ્યાં દ્વંદ્વ હોય ત્યાં સમસ્યાઓની ઉપસ્થિતિ અનિવાર્ય બની જાય છે. કહેવાય છે, આજે ખૂબ સમસ્યાઓ છે, પણ એમાં સચ્ચાઈ નથી. અતીતમાં પણ ઘણીબધી સમસ્યાઓ હતી. કોઈપણ યુગના દસ્તાવેજ જુઓ, એમાં આવો ઉલ્લેખ હશે જ : જમાનો બહુ ખરાબ છે. ભલે બસો વર્ષ પહેલાંનો દસ્તાવેજ જુઓ કે પછી બે હજાર વર્ષ પહેલાંનો દસ્તાવેજ જુઓ. આ ધ્વનિ અવશ્ય મળશે, કે, આજે જમાનો બહુ ખરાબ આવી ગયો છે. આ શાશ્વત સત્ય છે. સમસ્યાઓ સદાય અસ્તિત્વ ધરાવે છે. ભ્રષ્ટાચાર, અનૈતિક વ્યવહાર વગેરે, ના જાણે કેટકેટલાં દોષારોપણ આ કલિકાળ ઉપર કરવામાં આવે છે. જો આપણે પ્રાચીનકાળમાં જઈએ, યૌગલિક યુગ ઉપર નજર કરીએ તો ત્યાં પણ આ સમસ્યાઓ જોવા મળશે. આજે કહેવામાં આવે છે, આ વૈજ્ઞાનિક યુગમાં-ઔદ્યોગિક યુગમાં અપરાધો ઝડપથી વધી રહ્યા છે. એ પણ એક જમાનો હતો, જ્યારે અપરાધો ઝડપથી વધી રહ્યા હતા, એક પછી એક સમસ્યાઓ ઉભરતી જતી હતી, દંડનીતિનું ચલણ અનિવાર્ય હતું.

**કુળવ્યવસ્થા : કુલકર :**

અપરાધ અને અવ્યવસ્થાના નિયમન માટે ત્યારે 'કુળ' વ્યવસ્થાનો વિકાસ થયો. તેનો અગ્રણી 'કુલકર' કહેવાયો. કુલકર સાત થયા છે : (૧) વિમલવાહન (૨) ચક્ષુષ્માન (૩) યશસ્વી (૪) અભિચંદ્ર (૫) પ્રસેનજિત (૬) મરુદેવ (૭) નાભિ.

**હાકારનીતિ :**

કુલકર વ્યવસ્થામાં ત્રણ દંડનીતિઓ પ્રચલિત થઈ. પ્રથમ કુલકર વિમલાવાહને હાકારનીતિનું પ્રવર્તન કર્યું. તે પૂર્વે કોઈ દંડ નહોતો, દંડનીતિ નહોતી. વિમલવાહને હાકારનીતિ દ્વારા સમાજને અનુશાસિત કર્યો. 'હા, તેં આ કર્યું' આ દંડ મૃત્યુદંડ કરતાં ય વિશેષ હતો. તેમણે જ્યાં 'હા' કહી દીધી ત્યાં સઘળા અપરાધ સમાપ્ત થઈ જતા હતા. પરંતુ સમયની સાથે સમસ્યાઓ ઝડપથી વધતી ગઈ. લોકમાનસ પરિવર્તન પામતું રહ્યું. ત્યારે 'હા' કહેવાનો અર્થ હતો મોત. આ 'હાકારનીતિ' બીજા કુલકર ચક્ષુષ્માન સુધી અસરકારક રહી. ત્રીજા કુલકર યશસ્વી અને ચોથા કુલકર અભિચંદ્રના યુગમાં હાકારનીતિએ પોતાનો પ્રભાવ ગુમાવ્યો. 'હા' કહેવી સામાન્ય વાત થઈ ગઈ. અપરાધ તેનાથી આગળ વધી ગયા.

**અપરાધનું કારણ :**

અપરાધોનું પણ પોતાનું એક વિજ્ઞાન છે. અપરાધો કઈ રીતે વધે છે અને શા માટે વધે છે ? કેવી પરિસ્થિતિઓમાં વધે છે ? કેવા પ્રકારની માનસિક પરિસ્થિતિ, કેવા પ્રકારની શારીરિક રચના, કેવા પ્રકારનાં શારીરિક રસાયણો અને કેવા પ્રકારનું વાતાવરણ આ બધું મળીને અપરાધોને જન્મ આપે છે. આ તમામ બાબતો અપરાધ સાથે જોડાયેલી છે. તે યુગમાં આ બધી પરિસ્થિતિઓ બદલાવા લાગી. શરીરરચનામાં થોડો થોડો તફાવત આવવા લાગ્યો. માનસિક સંરચનામાં પણ થોડું થોડું અંતર આવવા લાગ્યું. જ્યારે શરીર સંરચના અને માનસિક સંરચના બન્ને બદલાય છે ત્યારે વાતાવરણ બદલાવા લાગે છે. અપરાધો વધવા લાગે છે.

**માકારનીતિ :**

અપરાધોની વૃદ્ધિથી યૌગલિક પ્રજા ગભરાઈ ગઈ. કેટલાક લોકો યશસ્વીની પાસે ગયા અને નિવેદન કર્યું, "મહારાજ ! અપરાધો વધી રહ્યા છે. 'હાકારનીતિ'નો પ્રભાવ ઘટતો જાય છે. હવે અપરાધોને રોકવામાં 'હા' પ્રભાવહીન બની રહી છે. આપ બીજો ઉપાય આપો." યશસ્વીએ વિચાર્યું, અપરાધોને રોકવા માટે બીજો ઉપાય શોધવો જોઈએ. તેમણે 'હા'ને બદલે 'મા' શબ્દનો પ્રયોગ કર્યો. 'મા' શબ્દ 'હા' કરતાં વધુ શક્તિશાળી બની ગયો. શબ્દોનો પણ પોતાનો પ્રભાવ હોય છે. જો શબ્દોના પ્રભાવનો ઈતિહાસ લખવામાં આવે તો તેમાં 'હા' અને 'મા'નો ઈતિહાસ પણ લખાશે. શબ્દનો ખૂબ પ્રભાવ હોય છે. 'હા' ના સ્થાને 'મા' શબ્દ પ્રભાવી બની ગયો. આ દવા ચમત્કારપૂર્ણ બની ગઈ. જ્યાં નાનો અપરાધ થતો ત્યાં 'હા' શબ્દનો પ્રયોગ થતો અને જ્યાં ગંભીર અપરાધ થતો ત્યાં 'મા' શબ્દનો પ્રયોગ થતો. 'મા' બહુ જ કડક દંડ (આકરી સજા) માનવામાં આવ્યો. યશસ્વીને સંતોષાનુભૂતિ

થઈ. તેમણે અનુભવ્યું, બહુ જ ઉચિત ઉપાય મારા હાથમાં આવી ગયો છે. એક એવી દવા મારી પાસે છે જે તત્કાળ પોતાનો પ્રભાવ બતાવે છે, જાદૂ બતાવે છે. પરંતુ આ જાદૂ પણ ઝાઝો સમય ટકી શક્યો નહિ.

**ધિક્કારનીતિ :**

'માકાર'નીતિનો પ્રભાવ પણ ઘણો સમય ચાલ્યો. પાંચમા કુલકરના સમયમાં 'મા' એ પોતાનો પ્રભાવ ગુમાવ્યો. 'હા' શબ્દ પણ નિષ્પ્રભાવી બની ગયો અને 'મા' શબ્દ પણ નિષ્પ્રભાવી બની ગયો. પરંતુ માણસ સહજતાથી પોતાની હાર માનતો નથી. જો એક બાબત પોતાનો પ્રભાવ ખોઈ બેસે છે તો બીજી બાબતને શોધવાનો પ્રયાસ કરે છે. વ્યક્તિ કદી પરાજય નથી સ્વીકારતી. કદી હાર કબૂલ નથી કરતી. એક તરફ પ્રકૃતિ પોતાનું કામ કરે છે તો બીજી તરફ મનુષ્યનું દિમાગ પણ પોતાનું કામ કરે છે. તે અટકતું નથી. થોભતું નથી. તે નિરંતર આગળ વધ્યા જ કરે છે. પ્રકૃતિની ગમે તેટલી થપાટો, અડચણો કે અવરોધો આવે, તે તેને પાર કરવાનો ઉપાય શોધી લે છે.

'હાકાર' અને 'માકાર' નિષ્પ્રભાવી થવાથી પાંચમા કુલકરે એક નવો શબ્દ શોધ્યો- 'ધિક્કાર'. હાકાર, માકાર અને ધિક્કાર ! જ્યાં સામાન્ય અપરાધ હોય ત્યાં 'હાકારનીતિ' વપરાતી, જ્યાં થોડો ગંભીર અપરાધ હોય ત્યાં 'માકારનીતિ' અને જ્યાં ભયંકર અપરાધ થતો, ત્યાં ધિક્કાર શબ્દનો પ્રયોગ થતો. તેનાથી અપરાધો શાંત થઈ જતા. ત્રણે દંડનીતિઓનું સ્વરૂપ આ પ્રમાણે હતું :

૧. હાય ! તેં આ કર્યું - હાકારનીતિ.
૨. આવું હવે કદી નહિ કરવાનું - માકારનીતિ.
૩. ધિક્કાર છે તને, કે તેં આવું કામ કર્યું - ધિક્કારનીતિ.

**કૃતનિયમ બદલાય છે :**

આપણે ઇતિહાસને જોઈએ. સમયનું ચક્ર જેમ જેમ આગળ ફરતું રહ્યું, તેમ તેમ સમાજનું માનસ પણ બદલાતું ગયું. બદલાતા વાતાવરણમાં હવે ધિક્કાર પણ પોતાનો પ્રભાવ ગુમાવવા લાગ્યો. એવું તો બની જ નથી શકતું કે, જે નિયમ મેં આજે બનાવ્યો તે શાશ્વત બની રહેશે. કોઈપણ કૃત નિયમ શાશ્વત નથી હોતો. તર્કશાસ્ત્રનો નિયમ છે : 'યદ્ યદ્ કૃતકં તદ્ તદ્ અનિત્યં, યથા ઘટઃ' જે જે કૃત હોય છે - કરવામાં આવેલું હોય છે તે અનિત્ય હોય છે, જેમ કે ઘડો. નિત્ય માત્ર એ જ હોઈ શકે છે- જે નૈસર્ગિક હોય છે, પ્રાકૃતિક હોય છે. જે અકૃત છે - કોઈના દ્વારા બનાવવામાં આવ્યું નથી એ જ શાશ્વત હોઈ શકે છે. શાશ્વત નિયમ કોઈના દ્વારા બનાવાયેલા હોતા નથી. તે નિયત જ હોય છે, જે પ્રકૃતિનો નિયમ છે, તે નિયતિ છે. આપણે સૌ નિયતિના અર્થમાં અનેક ભ્રાંતિઓ કરીએ છીએ. જે સાર્વભૌમ અને જાગરૂક નિયમો છે

તેમને કોઈ બદલી નથી શકતું. પરંતુ જે કૃતનિયમો છે તે નિશ્ચિત બદલાઈ જ જશે.

**સમસ્યાનો વિસ્તાર :**

જેમ જેમ મનુષ્યનું આચરણ બદલાતું ગયું તેમ તેમ નિયમ પણ બદલાતા રહ્યા. જ્યારે નાભિ કુલકરનો સમય આવ્યો ત્યારે હાકાર, માકાર અને ધિક્કાર ત્રણે શબ્દોએ પોતાનો પ્રભાવ ગુમાવી દીધો. તેમના યુગમાં આ ત્રણે અપ્રભાવી થઈ ગયા. લોકો નાભિની પાસે ગયા. કહ્યું, "મહારાજ ! અપરાધની સમસ્યા જેમની તેમ જ છે. કોઈ જ ઉપાય કારગત બનતો નથી. હવે અમે શું કરીએ ?" તેઓ ઋષભની પાસે ગયા. તેમની સામે સમસ્યા વ્યક્ત કરી.

સમાધાન (ઉકેલ) એ જ આપી શકે છે, જે વિશિષ્ટ જ્ઞાની હોય છે. સામાન્ય માનવી વિશિષ્ટ જ્ઞાન આપી નથી શકતો, અને તેના વગર સમસ્યાનો ઉકેલ ઉપલબ્ધ નથી થતો. નેતા તેને જ બનાવાય છે જે વિશિષ્ટ જ્ઞાની હોય છે, જે પ્રત્યેક સમસ્યાનો ઉકેલ શોધી કાઢે છે. આચાર્યને ઉપાયજ્ઞ કહ્યા છે. નેતાને પણ ઉપાયજ્ઞ કહ્યો છે. જે ઉપાયને નથી જાણતો તે સમાધાન શું આપશે ? કેવી રીતે સમાધાન આપશે ?

**ઋષભનું ચિંતન :**

ઋષભે વિચાર્યું, સમસ્યાનું સ્થાયી સમાધાન હોવું જોઈએ. સમાધાનમાં કેટકેટલાં પરિવર્તનો આવતાં ગયાં ! 'હા'માંથી 'મા', 'મા'માંથી ધિક્કારનો પ્રયોગ કરવામાં આવ્યો છતાં સમાધાન થઈ શક્યું નહિ !

ઋષભ વિશિષ્ટ જ્ઞાની હતા. કેટલાક કુલકર મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને જાતિસ્મૃતિ (પૂર્વજન્મ) જ્ઞાનથી સંપન્ન હતા. તેમણે જે સમાધાનો શોધ્યાં, તે જાતિસ્મૃતિ વડે શોધ્યાં, પરંતુ ઋષભ ત્રણ જ્ઞાન-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનથી સંપન્ન હતા. તેમની પાસે જાતિસ્મૃતિ જ્ઞાન પણ હતું. તેમણે પોતાના અતીન્દ્રિય જ્ઞાનના બળે પરિસ્થિતિનું પરીક્ષણ કર્યું.

ઋષભે લોકોને કહ્યું, સમસ્યા ખૂબ વધી ગઈ છે. તેનું સમાધાન હવે શબ્દોથી થઈ શકશે નહિ. જ્યાં સઘળા લોકો મર્યાદાનું ઉલ્લંઘન કરવા લાગી જાય છે, ત્યાં શબ્દશક્તિ કામમાં આવતી નથી. તેનું સમાધાન રાજશક્તિથી જ થઈ શકે છે. જો રાજા શાસક બની જાય તો આ સમસ્યાઓ ઉકેલી શકાય છે.

***॥ જ્ઞાનત્રયધરો જાતિસ્મરઃ સ્વામીત્યવોચત,***
***મર્યાદોલ્લંઘિનાં લોકે, રાજા ભવતિ શાસિતા ॥***

**ઋષભની વિનમ્રતા :**

લોકોએ પૂછ્યું : "રાજા શું હોય છે ?"

ઋષભ બોલ્યા : "એક રાજા હોય છે, તે સૌ કોઈનો શાસક હોય છે."

"તે શું કરે છે ?"

"તે સૌનો માલિક હોય છે. તેની એક રાજધાની હોય છે. તેની પાસે સેના હોય છે. તેની પાસે દંડશક્તિ હોય છે. તેના અનેક સચિવો હોય છે. તે સચિવોના પરામર્શ વડે રાજ્યનું સંચાલન કરે છે. તેની પાસે પોતાનું પણ એક તંત્ર હોય છે."

"આ બહુ જ સારી વાત છે. શું રાજા બન્યા પછી કોઈ અતિચાર નહિ થાય ? અતિક્રમણ નહિ થાય ?"

"એવું નહિ થાય એમ તો કહી ના શકાય. પણ એવું કરનાર વ્યક્તિ સજા પામશે. દંડશક્તિના આધારે વ્યવસ્થાને ઠીક રાખી શકાશે. પદાર્થોને અહીં-તહીં લઈ જવાશે નહિ. તેના ઉપર નિયમન હશે, અનુશાસન હશે. અને નિયમોનું જે અતિક્રમણ કરશે તેને સજા કરવામાં આવશે."

જ્યાં કોઈ જ શાસન નહોતું, તંત્ર નહોતું, ત્યાં આ ઉપાય એક સુંદર સમાધાન બની ગયો.

લોકોએ કહ્યું, "આપ જ આવો ઉપાય બતાવી શકો છો. આપ જ અમારા રાજા બની જાઓ."

"આ મારું કામ નથી. આપ સૌ નાભિની પાસે જાઓ. તેઓ મારા પિતા છે. કુલકર છે. આપ તેમને વિનંતી કરો. તેમને આગ્રહ કરીને કહો કે અમને એક રાજા આપો. આપના આગ્રહથી તેઓ રાજા બની જશે.

**રાજા શા માટે જોઈએ ?**

બધા લોકો નાભિની પાસે ગયા. તેમણે નાભિને અનુરોધ કર્યો, "અમારે રાજા જોઈએ છે. આપ અમને રાજા આપો."

નાભિએ પૂછ્યું, "રાજા શું હોય છે ?"

લોકોએ સમગ્ર હકીકત કહી.

નાભિએ કહ્યું, "રાજા વિશે તમને કોણે કહ્યું ?"

"ઋષભે."

"રાજાની શી આવશ્યકતા છે ?"

"મહારાજ ! આપ જ જુઓ. સમસ્યાઓ વકરી રહી છે. કોઈ કામ થઈ શકતું નથી. અપરાધો સતત વધતા જ જાય છે. જો અપરાધો આ રીતે જ વધતા રહ્યા તો સારું નહિ થાય. આ સઘળા અપરાધોને અટકાવવા માટે એક રાજાની આવશ્યકતા છે. આપ અમને રાજા આપો, અમારું કામ પાર પડી જશે."

નાભિ થોડીક ક્ષણો માટે મૌન રહી ગયા.

**રાજતંત્રનો સૂત્રપાત :**

બે માણસો સમય ઓળખીને મૌન રહે છે, જે વ્યક્તિ ગંભીર હોય છે

તે મૌનથી કામ લે છે અને જે વ્યક્તિ કંજૂસ હોય છે તે પણ મૌન રહે છે. મૌન રહેવાથી વિચારવાની તક મળે છે. વિચારવાની શક્તિ જાગે છે.

નાભિએ વિચાર્યું, જે પ્રસ્તાવ આવ્યો છે તેનો સ્વીકાર કરી લેવો ? શું એમ કરવાથી સમસ્યાનું સમાધાન મળી જશે ? ગંભીર મનોમંથન પછી તેમને એ પ્રસ્તાવ યોગ્ય લાગ્યો. તેમણે કહ્યું, "તમને રાજા મળી જશે."

"આપ ઘોષણા કરો, અમારા રાજા કોણ હશે ?"

"એથી આપને શો મતલબ છે ?"

"અમે નામ સાંભળવા માગીએ છીએ."

"તે આપની સન્મુખ આવી જશે."

"અમે તેનું નામ અત્યારે જ સાંભળવા માગીએ છીએ."

"આપ કોને (રાજા તરીકે) ચાહો છો ?"

"જેને આપ યોગ્ય સમજો... પરંતુ તેની ઘોષણા અત્યારે જ કરો."

"તમારો રાજા હશે ઋષભ !"

**રાજા અને દેવતા :**

લોકોએ તાળીઓના ગડગડાટથી આ ઘોષણાનું સ્વાગત કર્યું. લોકો ખુશીથી ઝૂમી ઊઠ્યા. તેમણે નાચ-ગાન કર્યા, હવામાં વસ્ત્રો ઉછાળ્યાં. તે લોકો દોડતા દોડતા ઋષભ પાસે પહોંચ્યા. તેમણે હર્ષોલ્લાસભર્યા અવાજે કહ્યું, "આપ આજે અમારા રાજા બની ગયા. આપ આ રાજ્યને સંભાળો. અમે આપની પ્રજા છીએ. આપ અમારી સમસ્યાઓનું નિરાકરણ કરો. તમામ અપરાધોને મિટાવી દો. અમે સૌ પરેશાન છીએ. દિન-પ્રતિદિન અપરાધો વધતા જ જાય છે. આપ આપના પદને સંભાળો. અને પોતાની ફરજો વડે શાંતિપૂર્ણ જીવનનો માર્ગ ખુલ્લો કરો."

રાજતંત્રના સૂત્રઘોષની આ પ્રથમ પળ હતી. આ સમાજના આદિમ યુગના ઇતિહાસનો એ દિવસ હતો, જે દિવસે રાજતંત્રનો સૂત્રઘોષ થયો. રાજતંત્રનો ઇતિહાસ ખૂબ લાંબો છે. પરંતુ તેનું આરંભબિંદુ આદિમ યુગમાં છે. માત્ર હિન્દુસ્તાનનો જ નહિ, સમગ્ર વિશ્વનો ઇતિહાસ રાજતંત્રનો ઇતિહાસ છે. ઋષભ પ્રથમ રાજા બન્યા. રાજાઓનાં રાજ્ય સ્થપાઈ ગયાં. અને રાજાઓ એટલા પ્રતિષ્ઠિત થઈ ગયા કે રાજા અને દેવતા-બે (અલગ)ના રહ્યા ! રાજાની ગણના પણ દેવતાના રૂપમાં થવા લાગી. જેટલા પૂજનીય, સમ્માનનીય અને આદરણીય દેવો હોય છે એટલા જ શ્રદ્ધા અને આદરપાત્ર રાજા બની ગયા. રાજાની પ્રતિષ્ઠા વધતી ચાલી. પૃથ્વી ઉપર તેનાથી ચઢિયાતી કોઈ સમ્માન્ય વ્યક્તિ ન રહી. રાજા એક દિવ્ય શક્તિ બની ગયો.

**રાજતંત્રનો ઉદ્દેશ :**

જે દિવસે ઋષભ રાજા બન્યાની જાહેરાત (ઘોષણા) થઈ, તે

રાજતંત્રના ઈતિહાસનો પ્રથમ દિવસ હતો. રાજતંત્રના ઈતિહાસનો પ્રથમ સૂર્યોદય થયો, સૂર્યનાં પ્રથમ રશ્મિ પ્રગટ્યાં. તે જ દિવસે રાજતંત્રની ઘોષણા થઈ અને સમાજવ્યવસ્થાને ચલાવવા માટેનો વિધિવત્ સૂત્રઘોષ થયો. મોટી માછલી નાની માછલીને ગળી ના જાય. કોઈપણ વ્યક્તિ શક્તિશાળી બની શકે છે પરંતુ તે પોતાની શક્તિનો દુરુપયોગ ના કરે, કમજોર કે શક્તિહીનને સતાવે નહિ, તેના અધિકારોની કતલ ના કરે, તેના શાંતિપૂર્ણ જીવનમાં અવરોધ ના નાખે. આવી બધી બાબતો માટે રાજતંત્રનો ઉદ્ભવ થયો. આજે તો એ વિચાર પણ જૂના થઈ ગયા છે. પ્રાચીનકાળમાં રાજતંત્રના સૂત્રઘોષનાં આ કારણો દર્શાવવામાં આવ્યાં છે, પરંતુ અરસ્તૂએ આ તર્કોનો સ્વીકાર કર્યો નથી. તેમણે કહ્યું, જો રાજતંત્ર હોવાનો અર્થ એ જ હોય કે શક્તિશાળી સમાજ અથવા શક્તિશાળી વ્યક્તિ બીજાઓને સતાવે નહિ, તો તેવું રાજતંત્ર કોઈ અર્થપૂર્ણ રાજતંત્ર નથી. વાસ્તવમાં રાજતંત્રના પ્રવર્તનનો ઉદ્દેશ હોવો જોઈએ સદ્ગુણોનો વિકાસ. આ કારણ જ સ્થાયી અને શાશ્વત હોય છે. અને તેને જ મહત્ત્વ આપી શકાય તેમ છે. જે રાજતંત્ર સમાજમાં સદ્ગુણોનો વિકાસ ના કરી શકે, જેનો ઉદ્દેશ માત્ર દંડ દેવાનો જ હોય, તે અધિક સમય સુધી ટકી શકશે નહિ. રાજતંત્રમાં ઉદાત્ત નાયકનું ચરિત્ર સામે આવે તો જ રાજતંત્રનો મહિમા ગાઈ શકાય છે.

વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

**સમાજવ્યવસ્થા : ધર્મ :**

ઋષભ માત્ર દંડ દેવા માટે રાજા નહોતા બન્યા. તે એક બાજુ હોઈ શકે છે. તેમણે જે વ્યવસ્થા આપી, તે બે (દષ્ટિ) કોણો પર આધારિત લાગે છે. તે રાજતંત્રીય સમાજ સુંદર હોય છે જ્યાં અર્થ અને પદાર્થનો અભાવ નથી હોતો. સમાજને માટે અર્થ અને પદાર્થનો અભાવ હોય તે ઠીક નથી. તેનો અભાવ હોવો તે સમાજના પતનનું કારણ છે. તેમનો અભાવ ન હોવો, તે સમાજવ્યવસ્થાનું અંગ બને છે. અને તેનો પ્રભાવ ના હોવો તે ધર્મનો અંકુશ બની શકે છે. આ બે અંકુશોના આધારે ઋષભે રાજતંત્ર સંભાળ્યું. ઋષભનો રાજાના પદ ઉપર વિધિવત્ અભિષેક થયો. અભિષેકની દીર્ઘ પ્રક્રિયા ચાલી. ઋષભ રાજકુમારમાંથી રાજા બની ગયા, રાજ્યની વ્યવસ્થામાં જોડાઈ ગયા.

# 4. ઋષભ અને સમાજવ્યવસ્થા

કર્તવ્ય અને ધર્મ આ બન્નેનો અર્થ સ્પષ્ટ નથી થતો ત્યારે સમાજ સમસ્યાઓથી ઘેરાઈ જાય છે. આ આજની મોટી સમસ્યા છે. આજે કર્તવ્ય અને ધર્મનો વિવેક સ્પષ્ટ નથી જણાતો. આચાર્ય ભિક્ષુની સૌથી મોટી ભેટ છે- કર્તવ્ય અને ધર્મના વિવેકનું પુનઃ જાગરણ, કર્તવ્ય અને ધર્મના વિવેકની પુનઃ સ્થાપના. તેમણે અત્યંત સ્પષ્ટપણે આ તથ્ય પ્રતિપાદિત કર્યું કે કર્તવ્ય અલગ હોય છે અને ધર્મ પણ અલગ હોય છે.

**ભોજનની સમસ્યા :**

ઋષભ રાજા બન્યા. રાજાને પોતાનાં કર્તવ્યો હોય છે. તેમણે પોતાની જવાબદારી અંગે નિર્ધાર કર્યો. તેમણે સર્વપ્રથમ વિચાર્યું, પ્રજા પ્રત્યે મારી શી જવાબદારી છે? હું પ્રજાને માટે શું કરું? તેમણે પ્રજાની પ્રાથમિક જરૂરિયાતોની પૂર્તિ ઉપર પોતાનું લક્ષ્ય સ્થિર કર્યું. સૌથી પહેલી આવશ્યકતા હોય છે ભોજનની. ભોજનની પૂર્તિ સમસ્યાનું રૂપ ધારણ કરી રહી હતી. કલ્પવૃક્ષો દ્વારા જે કાંઈ મળતું હતું, તેનાથી જીવનનું કામ ચાલવાનું કઠિન બન્યું. ભગવાન ઋષભે આ સમસ્યાને ઉકેલવાનો સંકલ્પ કર્યો. તેમણે લોકોને ખેતી કરતાં શિખવ્યું. લોકોએ ખેતી કરવાનું શરૂ કરી દીધું. અનાજ પેદા થવા લાગ્યું. ખાદ્ય પદાર્થોની સમસ્યા હળવી થવા લાગી. લોકોએ પ્રથમ વખત અનાજ ખાધું. અનાજને રાંધવાનું ત્યારે ના તો કોઈ સાધન હતું અને ના તો કોઈને તેનું જ્ઞાન હતું. લોકો કાચું અનાજ પચાવી ના શક્યા. સમસ્યા જાગી. અનાજ ખૂબ શક્તિશાળી હોય છે. જે ભૂમિ ઉપર પહેલી વખત અનાજ પાક્યું, તે કેટલું શક્તિશાળી હશે તેની તો માત્ર કલ્પના જ કરી શકાય છે. લોકો ઋષભની પાસે

આવ્યા. નિવેદન કર્યું, "મહારાજ ! અમે અનાજ ખાધું પરંતુ અજીર્ણ થઈ ગયું. અનાજ પચતું નથી. અમે શું કરીએ ?" ઋષભે કહ્યું, "તમે અનાજને હાથથી મસળીને ખાઓ. તેનાં છોતરાં-ફોતરાં કાઢીને ખાઓ. તેને પાણી વડે ધોઈને ખાઓ. લોકોએ તેમ કર્યું, છતાં તેઓ અનાજને પચાવી શક્યાં નહિ.

**સમાજ-વિકાસનો આધાર :**

એક દિવસ એવું બન્યું, જંગલમાં અનાયાસ જ એક પ્રકાશ જોવા મળ્યો. લોકો તે તરફ દોડી પડ્યા. તેમને થયું કે આ છે શું ? તેમણે અગાઉ કદી પ્રકાશ જોયો જ નહોતો. તેમણે પ્રકાશમાં હાથ નાખ્યા, હાથ બળી ગયા. તેમને અસહ્ય પીડા થઈ. તેઓ દોડીને ઋષભની પાસે પહોંચ્યા. બોલ્યા, "મહારાજ, ના જાણે જંગલમાં શું આવ્યું છે ! અમારા હાથ બળી ગયા." ઋષભે પોતાના અતીન્દ્રિય જ્ઞાનનો પ્રયોગ કર્યો. તેમણે જાણી લીધું કે અગ્નિ ઉત્પન્ન થઈ ગયો છે.

માનવીય સમાજના વિકાસનું સૌથી મોટું સાધન અગ્નિ છે. જો માનવીય વિકાસના ઇતિહાસમાંથી અગ્નિને દૂર કરીએ તો સમાજનો વિકાસ સમાપ્ત થઈ જાય છે. જો વિદ્યુતને કાઢી લેવાય તો વૈજ્ઞાનિક યુગનું અસ્તિત્વ જ ખતમ થઈ જાય. અગ્નિ અને વિદ્યુત : આ બે એવાં તત્ત્વ છે જેના આધારે સમાજનો વિકાસ ટકેલો છે. અગ્નિની ઉત્પત્તિનું કારણ છે- સ્નિગ્ધ અને રુક્ષ કાળનો યોગ. એકાન્ત સ્નિગ્ધ કાળ અને એકાન્ત રુક્ષ કાળમાં અગ્નિ પેદા નથી થતો. ઋષભે કહ્યું, "હવે સ્નિગ્ધરુક્ષ સમય આવી ગયો છે, તેથી અગ્નિ પેદા થઈ ગયો છે."

*સ્વામ્યપ્યૂચે સ્નિગ્ધરુક્ષકાલાદેષોગ્નિરુત્થિતઃ,*
*નૈકાન્તરુક્ષે નૈકાન્તસ્નિગ્ધે કાલે ભવત્યસૌ.*

**બ્રિટેનિકાનો અભિમત :**

બ્રિટેનિકાનો જે વિશ્વકોશ છે તેમાં લખ્યું છે, 'નેગેટિવ અને પોઝીટિવ (ધન અને ઋણ) બન્નેના યોગથી વિદ્યુત પેદા થાય છે. આ સિદ્ધાંતને હજારો વર્ષ પૂર્વે જૈન લોકોએ જાણ્યો હતો.' જ્યાં સુધી કાળ સ્નિગ્ધ અને રુક્ષ નહોતો, ત્યાં સુધી ઋષભ પણ અગ્નિ પેદા કરી શકતા નહોતા. જ્યાં સુધી વાતાવરણમાં પોઝીટિવ અને નેગેટિવનો યોગ નથી થતો ત્યાં સુધી વિદ્યુત ઉત્પન્ન થતી નથી.

ઋષભે કહ્યું, "આ જે પ્રકાશ દેખાઈ રહ્યો છે, તે આગ છે. તેનાથી તમારી ખાવાની સમસ્યા હલ થઈ જશે. હવે તમે અનાજને અગ્નિમાં પકાવીને ખાઓ. લોકોએ અનાજને અગ્નિમાં નાખ્યું. તે પાક્યું નહિ, પણ બળી ગયું. લોકો ફરીથી ભગવાન પાસે ગયા. નિવેદન કર્યું, "મહારાજ ! સમસ્યાનું સમાધાન નથી થયું, તે તો ઉલઝતી જ જાય છે ! બધું અનાજ અગ્નિમાં બળીને ભસ્મ થઈ ગયું."

એ યુગના લોકો કેવા ભોળા હતા ! અનાજની સાથે અનેક સમસ્યાઓ સ્વયમેવ આવી જાય છે.

**આધાર અને આધેયનો પ્રથમ સંબંધ :**

ઋષભે કહ્યુ, "એ રીતે અનાજ નહિ રંધાય."

"અમે અનાજને કેવી રીતે રાંધીએ ?"

"ચાલો મારી સાથે." કહીને ઋષભ લોકોને પોતાની સાથે લઈ ગયા. પછી કહ્યું, "માટી ખોદો."

લોકોએ માટી ખોદી કાઢી.

"હવે તેમાં પાણી નાખીને તેને ખૂંદો !"

લોકોએ ઋષભના કથનનું પાલન કર્યું.

"આનો ચાકડો બનાવો."

તે પણ બની ગયો.

પછી તેમણે ચાકડા વડે ઘડો બનાવાની પદ્ધતિ સમજાવી. તે પદ્ધતિ પ્રમાણે લોકોએ ઘડો તૈયાર કરી નાખ્યો.

"ઘડામાં અનાજ ભરો..."

પ્રજાએ ઘડામાં અનાજ ભર્યું.

"હવે તે અનાજ ભરેલો ઘડો આગ ઉપર મૂકો."

ઘડાને આગ ઉપર મૂકવામાં આવ્યો, અને અનાજ રંધાઈ ગયું.

પહેલી જ વખત આધાર અને આધેયના સંબંધનો વિકાસ થયો. તેની પહેલાં ના કોઈ આધાર હતો, ના કોઈ આધેય ! ઘડો આધાર છે અને તે ઘડામાં જે છે તે આધેય છે. આધાર-આધેયનો સંબંધ મળ્યો અને એક સમસ્યાનું સમાધાન મળી ગયું.

**પ્રવૃત્તિનું ચક્ર :**

એક સમસ્યાનો ઊકેલ મળ્યો ત્યાં જ બીજી સમસ્યા ઉત્પન્ન થઈ ગઈ. એમ લાગે છે કે ઋષભના તે દિવસો રોજેરોજ નવી સમસ્યાઓને ઉકેલવાના દિવસો હતા. દરરોજ નવી સમસ્યા આવતી અને દરરોજ તેનું સમાધાન શોધવામાં આવતું. ઘડો બની ગયો. અનાજ પેદા થઈ ગયું, પ્રશ્ન ખડો થયો, અનાજનું શું કરવું ? દરેક જગાએ અનાજ નહોતું. જ્યાં અનાજ ના હોય ત્યાં લોકો ભૂખે મરે. એ લોકો સુધી અનાજ કેવી રીતે પહોંચાડવું ? શક્ય છે કે, આ પ્રશ્નના સમાધાન રૂપે ગાડીનું નિર્માણ થયું હશે. એવું માનવામાં આવે છે કે જે દિવસે પૈડું બન્યું, તે દિવસે માનવસમાજનો ભાગ્યોદય થયો. પૈડું આપણી ગતિનો આધાર બને છે. ગતિમાં ઝડપ આવી ગઈ. એક માણસ ચાલી ચાલીને કેટલું ઝડપથી ચાલી શકે ? પૈડું ખૂબ ઝડપનું અને ખૂબ ભાર વહનનું માધ્યમ બની ગયું. ગાડી તૈયાર કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. પ્રથમ શિલ્પી બન્યો કુંભાર અને બીજો શિલ્પી સુથાર. ગાડીનું નિર્માણ થઈ ગયું. આમ ધીમે ધીમે સૌ શિલ્પકાર્યોનો વિકાસ થતો રહ્યો.

એક નિયમ છે : જેમ જેમ પ્રવૃત્તિઓનો વિસ્તાર થશે, તેમ તેમ કાર્યો વધશે અને સાથોસાથ સમસ્યાઓ પણ વધશે. ઋષભે પ્રવૃત્તિ અને કાર્યનું એક

ચક્ર શરૂ કરી દીધું.

ભગવાને ત્રણ દિશામાં વિકાસને ગતિ આપી :

બોંતેર કલાઓનો વિકાસ.

ચોસઠ સ્ત્રી-કલાઓનો વિકાસ.

એકસો શિલ્પકાર્યોનો વિકાસ.

**સાવદ્યકાર્યોનું ચલણ શા માટે ?**

પ્રશ્ન ઉદ્ભવે છે : ઋષભે આવાં બધાં કાર્યો કેમ કર્યાં ? જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિના સૂત્રકારના મનમાં પણ આ પ્રશ્ન ઉદ્ભવ્યો હતો. ઋષભે આવું બધું શા માટે કર્યું ? ભગવાને આ ત્રણે કામ પ્રજાના હિત માટે કર્યાં પરંતુ ભગવાને આ સાવદ્ય કાર્યોનો ઉપદેશ કેમ આપ્યો ? આચાર્ય હેમચંદ્રની સામે પણ આ પ્રશ્ન હતો. ત્રણે જ્ઞાનના ધારક ઋષભે કર્મબંધ કરાવતાં આ બધાં કાર્યો શા માટે કર્યાં ? તેમણે તે કાર્યોનું ચલણ (પ્રવર્તન) કેમ કર્યું ? સમાજને માટે તેનો વિકાસ કરવો સાવદ્ય છે, તેમાં આધ્યાત્મિક ધર્મ નથી. આ જાણવા છતાં ઋષભે જે કાર્યોનો વિકાસ કર્યો તેનું કારણ શું હતું ? તેમાં આત્માનુકંપાનો પ્રશ્ન પણ નહોતો. આ બધાના ચલણનો ઉદ્દેશ શો હોઈ શકે છે ? આચાર્ય હેમચંદ્રે એક સમાધાન આપ્યું છે :

*॥ એતચ્ચ સર્વં સાવદ્યમપિ લોકાનુકંપયા,*

*સ્વામી પ્રવર્તયામાસ, જાનન્ કર્તવ્યમાત્મનઃ ॥*

આ સઘળાં કાર્યો સાવદ્ય છે, તેમ જાણવા છતાં પોતાના કર્તવ્યને પ્રધાનતા આપીને ઋષભે લોકાનુકંપાથી આ કાર્યોનું ચલણ કર્યું.

**ધર્મ અને કર્તવ્ય :**

જ્યારે વ્યક્તિ કર્તવ્યને ઓઢી લે છે અને તેનું નિર્વહન કરતી નથી, ત્યારે સમસ્યા પેદા થઈ જાય છે. વ્યક્તિ કર્તવ્યને ના ઓઢે તે શક્ય છે, પરંતુ કર્તવ્યને ઓઢ્યા પછી ત્યાંથી પાછા વળવું, તેનું નિર્વહન ના કરવું તેને ઉચિત માનવામાં આવતું નથી. ગાયનું દૂધ દોહવું છે, પરંતુ ઘાસ નીરતી વખતે વ્યક્તિ વિચારે - આ કામ મારાથી નથી થઈ શકતું તો તેમાં વ્યક્તિની બમણી મૂર્ખામી છે. જે વ્યક્તિને દૂધ સાથે કશી લેવા દેવા નથી, તે આવી વાત વિચારી શકે છે. જે આત્મસ્થ રહેવા ઇચ્છે છે તેને માટે ગાયને ખૂંટે બાંધવાની જરૂર રહેતી નથી. એક વ્યક્તિ કહે, હું ગાયનું દૂધ મેળવવા ઇચ્છું છું પણ તેને ખાવાનું આપીશ નહિ, પાણી પીવડાવીશ નહિ તો શું કર્મબંધ નહિ થાય ? વિવેકના જાગરણ વગર આ મૂર્ખામીને દૂર કરી શકાતી નથી. વ્યક્તિ તમામ કાર્યો કરવા માગે છે પરંતુ જ્યાં કર્તવ્યપાલનનો પ્રશ્ન આવે છે ત્યાં તેને પાપની ચિંતા સતાવે છે. આ તેની સાચી સમજ ના કહેવાય.

**જરૂરી છે વિવેક :**

આચાર્ય ભિક્ષુએ જે દર્શન આપ્યું અને આચાર્ય હેમચંદ્રે જે મંતવ્ય રજૂ કર્યું છે તે બન્નેમાં કોઈ તફાવત નથી. આજે આ વિવેક જાગવો આવશ્યક છેઃ

કર્તવ્ય અલગ છે અને ધર્મની આરાધનાનો માર્ગ અલગ છે. લોકમાન્ય ટિળકે 'ગીતારહસ્ય'માં આ અંગે બહુ જ સુંદર મીમાંસા કરી છે : જ્યાં સુધી લૌકિક ધર્મ અને આધ્યાત્મિક ધર્મને અલગ નહિ સમજીએ ત્યાં સુધી સમસ્યાનું સમાધાન નહિ થાય. થોડાક દિવસો અગાઉ 'મહાવીર વનસ્થલી'નું ઉદ્‌ઘાટન કરતી વખતે પ્રધાનમંત્રી રાજીવ ગાંધીએ કહ્યું : ધર્મથી રાજનીતિને અલગ રાખવો જોઈએ. આ આચાર્ય ભિક્ષુના દર્શનનો ફલિતાર્થ છે. આચાર્ય ભિક્ષુએ એમ જ કહ્યું હતું, ધર્મ અલગ છે, સમાજનીતિ અને રાજનીતિ અલગ છે. સમાજની પોતાની આવશ્યકતાઓ અને ઉપયોગિતાઓ છે, તેમને સમાજની વ્યક્તિ છોડી નથી શકતી. પરંતુ જ્યાં ધર્મનીતિ-રાજનીતિ અને સમાજનીતિનું મિશ્રણ થાય છે ત્યાં હજારો સમસ્યાઓ પેદા થઈ જાય છે. સમસ્યામુક્તિ આ વિવેકથી જ શક્ય છે : ધર્મ અલગ છે. રાજનીતિ અને સમાજનીતિ અલગ છે. તેરાપંથ ધર્મ સંઘમાં પ્રારંભકાળથી જ નાનાં બાળકોને શિખવવામાં આવે છે : ત્રણ નીતિઓ હોય છે, ધર્મનીતિ, રાજનીતિ, સમાજનીતિ. આ ત્રણે ભિન્ન ભિન્ન છે અને તેમનું સ્વતંત્ર કાર્યક્ષેત્ર છે.

**ઋષભ : રાજ્યની જવાબદારી :**

ઋષભે સમાજ માટે જે કાંઈ કર્યું, તે પોતાના કર્તવ્યની પૂર્તિ માટે કર્યું. રાજાની પોતાની ખાસ જવાબદારી હોય છે, પોતાનું કર્તવ્ય હોય છે. તેણે પોતાનું કર્તવ્ય અને પોતાની જવાબદારીનું વહન કરવાનું હોય છે. ઋષભ સંન્યાસી બન્યા નહોતા. જે રાજા બનીને રાજસિંહાસન ઉપર બેઠો છે, જેણે રાજ્યની જવાબદારી સ્વીકારી છે તેણે પ્રજાહિતની વાત વિચારવી જ પડે છે. ઋષભે પણ તેમ જ કર્યું. તેમણે પ્રજાહિત માટે સુંદર માર્ગદર્શન આપ્યું. તેઓ પ્રજાહિત માટે કાર્યો કરતા રહ્યા.રાજાને પોતાનું (અંગત) હિત નથી હોતું. ખરેખર તો રાજા એ છે જેનું ચિંતન પ્રજાહિતનું હોય ! પ્રજાના હિતમાં જ રાજાનું હિત સમાયેલું છે. જો લોકતંત્રના સંદર્ભમાં વિચારીએ તો શાસકને પોતાનું અંગત હિત ના હોવું જોઈએ. જ્યાં શાસકનું અંગત હિત હોય છે ત્યાં સમગ્ર શાસનતંત્ર જ ગબડી પડે છે. ઋષભ સામે પણ આ પ્રશ્ન આવ્યો. ઋષભ આધ્યાત્મિક પુરુષ હતા. તેમણે પ્રજાહિતનું અતિક્રમણ ના કર્યું. તેમણે સઘળી શક્તિ પ્રજાહિતમાં લગાવી દીધી. લોકોની પ્રાથમિક જરૂરિયાતોનાં સાધન સુલભ થઈ ગયાં. અસિ, મષિ, કૃષિનો વિકાસ થવા લાગ્યો. લોકોનાં ખાણી-પીણી, રહેણી-કરણી, વ્યાપાર-વ્યવસાય વ્યવસ્થિત બની ગયાં. ખેતીને લોકો સુધી પહોંચાડવા માટે વિનિમયનું સાધન વ્યાપાર બન્યો. લોકો વ્યવસાયી બન્યા. જ્યારે પ્રગતિ વધે છે ત્યારે સુરક્ષા પણ આવશ્યક બને છે. સુરક્ષાના પ્રશ્નથી સુરક્ષાતંત્રનું નિર્માણ થયું. ત્રણ કાર્યોની ગોઠવણ થઈ ગઈ : કૃષિ, વાણિજ્ય અને સંરક્ષણ. ચોથું કાર્ય હતું શાસન-વ્યવસ્થા. ઋષભે શાસનની વ્યવસ્થાને પણ એક સ્વરૂપ આપ્યું.

**શિલ્પકલા અને વ્યવસાયનું પ્રશિક્ષણ :**

ઋષભે પોતાના જ્યેષ્ઠ પુત્ર ભરતને બોંતેર કલાઓ શિખવી. કનિષ્ઠપુત્ર બાહુબલીને પ્રાણીની લક્ષણવિદ્યાનું જ્ઞાન આપ્યું. મોટી પુત્રી બ્રાહ્મીને અઢાર લિપિઓ અને સુંદરીને ગણિત ભણાવ્યું. ધનુર્વેદ, અર્થશાસ્ત્ર, ચિકિત્સાશાસ્ત્ર, ક્રિડાવિધિ વગેરે વગેરે વિદ્યાઓનું પ્રવર્તન કરીને લોકોને સુવ્યવસ્થિત અને સુસંસ્કૃત બનાવ્યા.

અગ્નિની ઉત્પત્તિએ વિકાસની દિશા ખોલી નાખી. પાત્ર, ઓજાર, વસ્ત્ર, ચિત્ર વગેરે શિલ્પોનો જન્મ થયો. અન્નપાકને માટે પાત્રનિર્માણ આવશ્યક બન્યું. કૃષિ, ગૃહ-નિર્માણ વગેરેને માટે ઓજારો જરૂરી હતાં, તેથી લુહારી શિલ્પકલાનો આરંભ થયો. સામાજિક જીવને વસ્ત્ર, શિલ્પ અને ગૃહશિલ્પને જન્મ આપ્યો.

નખ, વાળ વગેરે કાપવા માટે નાપિતશિલ્પ (ક્ષૌરકર્મ) ચલણી બન્યું. આ પાંચ શિલ્પોનું ચલણ અગ્નિના ઉદ્‌ભવ પછી જ બન્યું.

પદાર્થોના વિકાસની સાથોસાથ તેમના વિનિમયની આવશ્યકતા જણાઈ. તે સમયે ઋષભે વ્યવસાયનું પ્રશિક્ષણ આપ્યું.

કૃષિકાર, વ્યાપારી અને રક્ષક-વર્ગનો પણ અગ્નિની ઉત્પત્તિ થયા પછી જ પ્રારંભ થયો. કહી શકાય છે કે, અગ્નિએ કૃષિનાં સાધનો, આયાત-નિકાસનાં સાધન, અને અસ્ત્ર-શસ્ત્રને જન્મ આપીને માનવીના ભાગ્યને જ બદલી નાખ્યું !

પદાર્થો વધ્યા ત્યારે પરિગ્રહમાં મમતા વધી. સંગ્રહ થવા લાગ્યો. કૌટુંબિક મમત્વ પણ વધ્યું. લોકેષણા અને ધનેષણાની ભાવના જાગી.

**અપરાધી કોણ હોય છે ?:**

આ તમામ વ્યવસ્થાઓની સાથોસાથ દંડનીતિનો પણ વિકાસ થયો. કુલકરોના સમયમાં હાકાર, માકાર અને ધિક્કાર આ ત્રણ, દંડનીતિનાં અંગ હતાં. રાજતંત્રના ઉદયની સાથે નવી દંડનીતિનો વિકાસ થયો. જેમ જેમ રાજતંત્રમાં પ્રગતિ થતી ગઈ, વિકાસ થયો, કારોબાર વિકસ્યો, સંરક્ષણ તંત્ર સંગીન બન્યું તેમ તેમ લોકમાનસ પરિવર્તન પામતું ગયું. પ્રજામાં લોભનો ભાવ વધી ગયો. જ્યારે લોભ વધે છે ત્યારે ઘણી બાબતો વધે છે. લોભ વધે છે તો અપરાધો પણ વધે છે. લોભ તમામ અપરાધોનું મૂળ છે. શરીરશાસ્ત્રી કહે છે, જ્યારે પ્રતિરોધાત્મક રક્ષણપ્રણાલી અને જૈવિક પ્રણાલી કમજોર બને છે, ત્યારે બીમારી પેદા થાય છે. પ્રાકૃતિક ચિકિત્સાનો સિદ્ધાંત છે, સઘળી બીમારી પેટથી શરૂ થાય છે. આયુર્વેદમાં લોભનાં બે પરિણામો બતાવ્યાં છે. લોભવૃત્તિથી પાચનતંત્ર ઉપર અસર થાય છે. જેટલા પ્રમાણમાં લોભ વધશે, તેટલા પ્રમાણમાં પાચનતંત્ર બગડશે. આ વાત ઉપર પણ ધ્યાન આપીએ કે, જ્યારે અપરાધ વધશે ત્યારે પણ પાચનતંત્ર બગડશે. પાચનતંત્ર બગડવાથી મસ્તિષ્કનું તંત્ર પ્રભાવિત થશે અને માણસ અપરાધી બનશે. જેનું પાચનતંત્ર

સ્વસ્થ હશે, તેનું મસ્તિષ્ક પણ સ્વસ્થ હશે. તે વ્યક્તિ અપરાધી નહિ હોય. અપરાધી થવા માટે પાચનતંત્રનો બગાડ મુખ્ય કારણ બને છે.

**દંડના ચાર પ્રકાર :**

સામાજિક વિકાસની સાથે અપરાધ પણ ઉછરે છે. અપરાધોની રોકટોક માટે દંડનીતિને નવું સ્વરૂપ આપવામાં આવ્યું. ઋષભે ચાર પ્રકારના દંડની વાત કરી :

**પરિભાષિત :** થોડા સમય માટે નજરબંધ કરવું. ક્રોધપૂર્ણ શબ્દોમાં અપરાધીને 'અહીં બેસી જાઓ'નો આદેશ આપવો.

**મંડળીબંધ :** આ દંડમાં અપરાધીને કહેવાનું કે, તમે આટલી સીમાની બહાર જઈ નહિ શકો.

**નજરબંધ :** બંધનનો પ્રયોગ. આ દંડ પામનાર વ્યક્તિ પોતાના ઘરની બહાર જઈ શકતી નથી. અમુક સ્થાનથી બહાર જઈ નથી શકતી.

**દંડપ્રહાર :** દંડપ્રયોગ. આ સૌથી મોટો દંડ હતો. ભયંકર અપરાધીને દંડા વડે ફટકારવો.

**મૃત્યુદંડ : અમાનવીય કૃત્ય :**

ઋષભના સમયમાં આ ચાર દંડનો વિકાસ થયો. દંડસંહિતામાં કારાવાસ અને દંડપ્રહાર માન્ય હતા, પરંતુ ત્યારે મૃત્યુદંડનો વિકાસ ન હતો. મૃત્યુદંડનું પ્રચલન ક્યારે થયું, તેને ક્યારે માન્યતા મળી તે નિશ્ચિતરૂપે નથી કહી શકાતું. મૃત્યુદંડ એક પ્રકારના અમાનવીય કૃત્ય જેવું લાગે છે. એક તરફ તેનો વિરોધ થઈ રહ્યો છે તો બીજી તરફ મૃત્યુદંડ આપવાની પરંપરા ચાલુ છે. હમણાં થોડા દિવસ અગાઉ વર્તમાનપત્રોમાં વાંચ્યું કે ઈરાનમાં પાંચસો વ્યક્તિઓને ફાંસીની સજા આપવામાં આવી. આ ખૂબ વિચિત્ર બાબત છે. સમગ્ર સંસારમાં એક પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે, મૃત્યુદંડને સમાપ્ત કરવા અંગેનો. મૃત્યુદંડથી અપરાધ અટક્યા છે એવું લાગતું નથી. અપરાધીઓ અપરાધ કરતા જ રહ્યા છે અને સરકાર તેમને ફાંસીએ ચઢાવતી જ રહી છે. અપરાધને રોકવાની જે બીજી પદ્ધતિ છે તે તરફ કોઈ ધ્યાન આપતું નથી. ના જાણે રાજનીતિના કેટલા લોકો ફાંસીના તખ્તા ઉપર ચઢી ગયા હશે ! જો કોઈની સામે બદલો લેવાનો હોય, તો તેના ઉપર કોઈ આરોપ લગાવી દો અને તે આરોપ પુરવાર કરીને તેને ફાંસીએ લટકાવી દો ! વિશ્વના અનેક પ્રધાનમંત્રીઓને આ રીતે ફાંસીએ ચઢાવી દેવાયા છે. તેને માનવીય કૃત્ય કહી શકાય નહિ.

**દંડની નવી વ્યવસ્થા :**

ઋષભના યુગમાં દંડનો જે વિકાસ થયો, તે આ રીતે નહોતો થયો. આટલા ક્રૂરતાપૂર્ણ દંડનું વિધાન નહોતું. પહેલાં અપરાધીને આ અનુભવ કરાવવામાં આવતો કે તેં અપરાધ કર્યો છે. ખોટું કામ કર્યું છે. ત્યાર પછી જ તેને સજા કરવામાં આવતી હતી. કારાવાસની વાત તો હજી સમજી શકાય છે, જે વધુ અપરાધ કરે છે તેને એક જગાએ બંધ કરી દેવામાં આવે તો તે (નવા,

વધુ) અપરાધ કરી નહિ શકે. પરંતુ અપરાધીને અત્યંત ક્રૂર યાતનાઓ આપવી, શૂળીએ ચઢાવવો, તેના શરીરના અવયવોનો છેદ કરવો, અંગભંગ કરવા વગેરે અમાનવીય કૃત્યો લાગે છે. માનવીય દૃષ્ટિએ વિચારીએ તો આ કૃત્યો ઉચિત નથી લાગતાં. ઋષભના સમયમાં જે દંડનો વિકાસ થયો, તે સમજદારીભર્યો લાગે છે. ઋષભે અપરાધીઓને અટકાવ્યા પણ ખરા અને એવી વ્યવસ્થા આપી કે જેથી અપરાધ પણ ના વધે, માનવીય ક્રૂરતાને આશ્રય પણ ના મળે. તેમના આવા ઉપક્રમથી દંડની નવી વ્યવસ્થાનો સૂત્રઘોષ થઈ ગયો.

**સ્ત્રીશિક્ષણનો લાભ :**

ઋષભે શિક્ષણ ઉપર પણ પર્યાપ્ત ધ્યાન આપ્યું. તેમણે ભરત, બાહુબલી, વગેરે પુત્રોને ભણાવ્યા. સ્ત્રીશિક્ષણનો સૂત્રઘોષ પણ તેમના દ્વારા કર્યો. તેમણે બ્રાહ્મીને અઢાર લિપિઓ શિખવી. આજે લિપિકલામાં કોણ કુશળ છે, તે કહી નથી શકાતું પરંતુ ઋષભે લિપિકલાનો અધિકાર સ્ત્રીઓને બક્ષ્યો. લિપિકલાના ક્ષેત્રમાં પ્રથમ સ્થાન મહિલાઓનું છે અને તેમને આ સ્થાન ઋષભે આપ્યું હતું. તેમણે સુંદરીને ગણિતવિદ્યા શિખવી. ગણિત ઉપર પણ મહિલાઓનો અધિકાર સુનિશ્ચિત થઈ ગયો. સ્ત્રીશિક્ષણના વિકાસનું આ આરંભબિંદુ હતું. હિન્દુસ્તાનને માટે મધ્યયુગ અંધકારનો યુગ રહ્યો. મહાભારત યુદ્ધ પછી જ્ઞાન-વિજ્ઞાન, કલા, સભ્યતા વગેરેનો નાશ થયો. આ બધાના જે જ્ઞાતાઓ હતા તે સૌ મહાભારતના યુદ્ધમાં મૃત્યુ પામ્યા. આવી સ્થિતિમાં મહાભારતનું યુદ્ધ હિન્દુસ્તાનની વિદ્યાઓ માટે અભિશાપ બની રહ્યું.

**ઋષભરાજ્ય : રામરાજ્ય**

તે એક યુગ હતો, જ્યારે ઋષભે પોતાનું ઘર પણ સંભાળ્યું અને પોતાની પ્રજાને પણ સંભાળી. તેમણે કોઈને અસંતુષ્ટ ન થવા દીધા. કોઈપણ વ્યક્તિ એવી નહોતી જે એમ કહી શકે કે, મારો વિકાસ નથી થયો. હું કાંઈ જ શીખ્યો નથી. એ એવો સુવર્ણયુગ હતો જેમાં ના કોઈ ભિખારી હતો, ના કોઈ ગરીબ હતો, કે ના કોઈ અમીર હતો. ત્યારે સવા સોળ આની સમાજવાદ હતો ! જરા કલ્પના તો કરો, જે યુગમાં સમાજવાદ વિકાસ પામી રહ્યો હતો, તે યુગની વ્યવસ્થાઓ કેટલી બધી સુંદર અને સુદૃઢ હશે ! આજે રામરાજ્ય પ્રસિદ્ધિ પામી ગયું છે. લોકો પ્રસિદ્ધિનાં સૂત્રો જાણતા નહોતા. જો આપણે રામરાજ્ય અને ઋષભરાજ્ય વચ્ચે તુલનાત્મક અભ્યાસ કરીએ તો એક નવો જ પ્રકાશ મળી શકે તેમ છે. રામને વાલ્મીકિ મળ્યા, રામ રામ બની શક્યા. ઋષભને કોઈ વાલ્મીકિ નહોતા મળ્યા. જે દિવસે ઋષભને કોઈ વાલ્મીકિ મળી જશે ત્યારે ઋષભરાજ સ્થપાઈ જશે !

●

# ધર્મતીર્થનું પ્રવર્તન

## 5.

હિન્દુસ્તાનમાં બે પરંપરાઓ અત્યંત પ્રાચીન છે : શ્રમણ પરંપરા અને વૈદિક પરંપરા. કઈ પરંપરા કેટલી પ્રાચીન છે, કોણ આગળ છે અને કોણ પાછળ છે તે આજે પણ સંશોધનનો વિષય છે. જે વધુ પ્રાચીન હોય છે તે સારી હોય છે અને જે નવી (પરંપરા) હોય છે તે સારી નથી હોતી, એ ખ્યાલ ખોટો છે. એક નવી પરંપરા ખૂબ તેજસ્વી અને શ્રેષ્ઠ હોઈ શકે છે. એ જ રીતે પ્રાચીન પરંપરા તેજસ્વી અને શ્રેષ્ઠ હોઈ શકે છે. એ જ રીતે પ્રાચીન પરંપરા તેજસ્વી તથા શ્રેષ્ઠ ના હોય તેવું પણ શક્ય છે. પ્રાચીન હોવું કે અર્વાચીન હોવું તે શ્રેષ્ઠતાનો માપદંડ નથી. છતાં ઐતિહાસિક દૃષ્ટિએ એમ અવશ્ય જાણવું જરૂરી છે કે પ્રાચીન કોણ છે અને અર્વાચીન કોણ છે ?

**ભગવાન ઋષભ : શ્રમણ પરંપરા :**

શ્રમણ પરંપરા અતિ પ્રાચીન છે, તેમાં કોઈ શંકા નથી. ઐતિહાસિક કાળ પ્રાગૈતિહાસિક કાળ - આ અતીતને જાણવાના બે કોણ છે. ઇતિહાસની સામગ્રી- પુરાતત્ત્વ, અવશેષો, સિક્કા વગેરેના આધારે ઇતિહાસકાળ ગણવામાં આવે છે. તેનાથી પણ જે કાંઈ પ્રાચીન છે તે પ્રાગૈતિહાસિક કાળ છે.

મહાવીર ઇતિહાસ-પુરુષ છે, પાર્શ્વનાથ પણ ઇતિહાસ-પુરુષ છે. તેનાથી આગળ ઇતિહાસની તેવી કોઈ સામગ્રી મળતી નથી, જેના દ્વારા તેની ઐતિહાસિકતાની કસોટી કરી શકાય. જૈન ધર્મનો બાકીનો અતીત પ્રાગૈતિહાસિક કાળમાં આવે છે. પ્રશ્ન થાય છે : જૈનધર્મનું પ્રવર્તન ક્યારે થયું ? શું મહાવીરે જૈન ધર્મનું પ્રવર્તન કર્યું ? તીર્થંકર આદિકર હોય છે. તીર્થંકર કોઈનો અનુયાયી

નથી હોતો. કોઈ તીર્થંકર અન્ય કોઈ તીર્થંકરનો પણ અનુયાયી નથી હોતો. મહાવીર પાર્શ્વના અનુયાયી નથી. પાર્શ્વ ઋષભના અનુયાયી નથી. સહુ આદિકર છે. પ્રશ્ન ઉદ્ભવ્યો : પ્રત્યેક તીર્થંકર આદિકર હોય તો ચોવીસ તીર્થંકરો શા માટે ? ચોવીસ તીર્થંકરોની પરંપરા શા માટે ? એવું કેમ સ્વીકારાયું, તે આજે પણ સંશોધનનો વિષય છે.

સૌ સ્વતંત્ર છે - આદિકર છે. આ દષ્ટિએ મહાવીર પણ પ્રવર્તક છે. પરંતુ જૈનધર્મનું સૌ પ્રથમ પ્રવર્તન કોણે કર્યું ? આ પ્રશ્નના ઉત્તરની શોધમાં યાત્રા કરતાં કરતાં આપણે તે યુગમાં પહોંચીએ છીએ- જે યુગમાં યુગલોનો યુગ સમાપ્ત થાય છે અને સમાજનો યુગ પ્રારંભ પામે છે. સમાજના તે આદિમ કાળમાં ભગવાન ઋષભે સૌ પ્રથમ જૈન ધર્મનું પ્રવર્તન કર્યું. માત્ર જૈન ધર્મનું જ નહિ, સમગ્ર શ્રમણ ધર્મનું પ્રવર્તન ભગવાન ઋષભે કર્યું. જે પરંપરા ભગવાન ઋષભ દ્વારા સ્થાપવામાં આવી તેનું નામ છે શ્રમણ પરંપરા. તે પરંપરામાં અનેક સંપ્રદાય બન્યા. સાંખ્ય સંપ્રદાય, બૌદ્ધ સંપ્રદાય, આજીવક સંપ્રદાય વગેરે જેવા ના જાણે કેટલા સંપ્રદાય વિકસ્યા ! તેમની સંખ્યા ચાળીસ સુધી પહોંચી ગઈ. અથવા તેનાથી અધિક સંખ્યા પણ હોઈ શકે છે. જેટલા અવૈદિક સંપ્રદાય હતા તે બધા શ્રમણ પરંપરામાં હતા. તે સૌ સંપ્રદાયની પરંપરાઓનું પ્રવર્તન ભગવાન ઋષભથી થયું છે.

**ફૂલોનો ઈતિહાસ :**

રાજા ઋષભ એક દિવસ ઉદ્યાનમાં ગયા. ત્યાં પુષ્પક્રિડા ચાલી રહી હતી. ફૂલો દ્વારા રમત રમાતી હતી, ફૂલોનો ઈતિહાસ ખૂબ પ્રાચીન છે. આજના વૈજ્ઞાનિકો એ તથ્ય ઉપર પહોંચ્યા છે કે લગભગ ચૌદ કરોડ વર્ષ પૂર્વે સુધી ત્યાં ફૂલો ખીલતાં હતાં. શક્ય છે, વૈજ્ઞાનિકો એક દિવસ ઋષભના યુગ સુધી પહોંચી જાય ! ઋષભની પુષ્પવાટિકા ખૂબ મનોહર હતી. વસંત ઋતુ હતી. વૃક્ષો ફળોથી સમૃદ્ધ હતાં. ડાળીઓ ઉપર ફૂલો ખીલેલાં હતાં. વિવિધ પ્રકારની ક્રિડાઓ ચાલી રહી હતી. ઋષભનું ધ્યાન તે તરફ કેન્દ્રિત થયું. ક્યારેક ક્યારેક માણસ ઊંડાણમાં પહોંચી જાય છે. ઋષભને તે અદ્ભુત ક્રિડા પરિચિત જેવી લાગી. તેના તરફ ધ્યાન લગાવ્યું. ધ્યાન આપતાં આપતાં ઋષભ અતીતમાં ચાલ્યા ગયા. સમગ્ર અતીત તેમની સમક્ષ સાક્ષાત્ પ્રસ્તુત થઈ ગયો. તેમણે જોયું કે, મેં આ દશ્ય સ્વર્ગમાં નિહાળ્યું હતું, અમુક સ્થળે નિહાળ્યું હતું.

**આત્મમંથન :**

જ્યારે વ્યક્તિ પોતાની અંદર જોવાનું શરૂ કરે છે અને પોતાના જીવનની વિવિધતાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે ત્યારે તે બદલાઈ જાય છે. આ રૂપાંતરણનું બિન્દુ છે. ઋષભે પોતાનો અતીત જોયો અને તે જોયા પછી તેઓ વિચયમાં ચાલ્યા ગયા. વિચયમાં તેઓ ઊંડા ઊતર્યા. ઊંડાણમાં જઈને

તેમણે અનુભવ કર્યો કે, આજે જે ફૂલ ખીલ્યું છે તે કાલે કરમાઈ જશે. આજે આ બહુ જ સુંદર લાગે છે, તેનો લાલ રંગ મનને હરી રહ્યો છે. કાલે આ જ પુષ્પ કચરો બની જશે. અહીં જ કચરાનો ઢગલો ખડકાયો છે. જે ફૂલો તૂટેલાં પડ્યાં છે તે કચરો બની ગયાં છે. આ ફૂલો પણ તૂટીને તેનો હિસ્સો બની જશે. આ શું ? આ કેવું જીવન ? ઋષભ આવા આત્મચિંતનમાં ડૂબતા ગયા. આત્મમંથનમાં લીન થતા રહ્યા. જે તે પદાર્થની તમામ સ્થિતિઓ તેમની સમક્ષ પ્રસ્તુત થઈ ગઈ. પદાર્થની સ્થિતિ શી છે ? પદાર્થ શું છે ? આ જગત શું છે ? તે કોનાથી બન્યું છે ? તે કઈ રીતે બને છે ? આ ફૂલો કઈ રીતે વિકસે છે, ખિલે છે અને કઈ રીતે કરમાઈ જાય છે ?

**પદાર્થ-અપદાર્થ :**

આ સમગ્ર ચિંતનથી ઋષભના મનમાં એક ભાવના જાગી. મેં સમાજનું નિર્માણ કર્યું. સમાજની વ્યવસ્થાઓ કરી. રાજ્યની સ્થાપના કરી. રાજતંત્રનું સંચાલન કર્યું. બધું જ કર્યું, છતાં હજી તેમાં કેટલીક ઊણપો છે. જો પદાર્થવિકાસની સાથોસાથ ત્યાગનો વિકાસ નહિ થાય તો સમગ્ર વિકાસ અધૂરો રહી જશે. ઋષભના મનમાં એક પ્રશ્ન જાગી ગયો, એક નવી જિજ્ઞાસા જાગી. તેમના મનમાં એક નવી અંતઃપ્રેરણા શરૂ થઈ- મારે પદાર્થની સાથે જ અપદાર્થનો વિકાસ કરવો જોઈએ. પદાર્થ અને અપદાર્થ. બન્ને વચ્ચે સંતુલન નહિ જળવાય તો કામ ઠીક રીતે નહિ ચાલે. તેમણે આ સત્યનો અનુભવ કર્યો. ઋષભે પોતાના શાસનકાળમાં પદાર્થને ખૂબ જ વિસ્તાર આપ્યો અને તેવો અનુભવ પણ કરી લીધો કે, જ્યાં પદાર્થ છે ત્યાં વિષમતાઓ જન્મ્યા વગર નહિ રહે.

**વિષમતા સમસ્યા છે :**

પદાર્થોનું જગત વિષમતાઓનું જગત છે. પદાર્થવિકાસ વિષમતા પેદા કરે છે. જે વ્યક્તિ શક્તિશાળી છે તે વધુ એકઠું કરશે અને જે વ્યક્તિ કમજોર છે તે પાછળ રહી જશે. આ સ્થિતિમાં વિષમતા અવશ્ય રહેશે જ. જૈનદર્શન કોઈ વ્યક્તિને સૃષ્ટિનો કર્તા માનતું નથી. જેઓ સૃષ્ટિનો કર્તા માને છે તેમની દૃષ્ટિએ વિચાર કરીએ તો પણ કહી શકાય કે, જો પરમાત્મા સ્વયં આવી જાય તો તે પણ આ જગતમાંથી વિષમતાને દૂર કરી નહિ શકે. એક સો માર્ક્સ (કાર્લમાર્ક્સ) જન્મે તો પણ આ જગતમાં સામ્યવાદ નહિ લાવી શકાય. વિષમતાનો નાશ કરી શકાતો નથી. વિષમતાને મિટાવવી એ તો લૂખી-સૂકી કલ્પના છે. મનને અપાયેલું ખોટું આશ્વાસન છે. પદાર્થ-જગતમાં વિષમતા મિટાવવી હરગીજ શક્ય નથી.

**ઋષભનો નિશ્ચય :**

ઋષભે એક નવા માર્ગના પ્રારંભનો સંકલ્પ કર્યો. તેમણે એવો માર્ગ

પ્રારંભ કરવાનો સંકલ્પ કર્યો, જ્યાં કોઈ વિષમતા ન હોય. તેમના મનમાં આવો સંકલ્પ જાગ્યો, મારે ત્યાગનું પ્રવર્તન કરવું છે. પુષ્પવાટિકાને મૂર્તરૂપ આપવાના નિશ્ચય સાથે ઋષભ રાજમહેલમાં આવ્યા. તેમણે પોતાની ભાવના ભરત સામે વ્યક્ત કરી. લોકો સામે મૂકી. ઋષભ પોતાને છોડીને જાય તેવું કોઈ ઇચ્છતું નહોતું. ભરત પણ એવું નહોતો ઇચ્છતો અને વિનીતાનગરીનો કોઈ નાગરિક પણ તેવું નહોતો ઇચ્છતો, કે ઋષભનું છત્ર - તેમની સુખદ છત્રછાયા છૂટી જાય. ભરતે ભગવાન ઋષભને અનુરોધ કર્યો, "આપ અમને આ રીતે અસહાય બનાવીને, ના જશો." લોકોએ પણ એવું જ નિવેદન કર્યું. ઋષભે તેમની ભાવનાનો સ્વીકાર ના કર્યો. તેમનો સંકલ્પ અટલ હતો. અને એક દિવસ આવ્યો... ઋષભે ભરત, બાહુબલી વગેરેને પોતાનું રાજ્ય સોંપી દીધું. તેઓ રાજ્યને છોડીને જંગલ તરફ ચાલી નીકળ્યા. શહેરથી નીકળીને ઋષભ વિનીતા ગ્રામની બહાર ઉદ્યાનમાં પહોંચ્યા. તેમની સાથે ખૂબ મોટી ભીડ હતી. સમગ્ર વિનીતાનગરી ઊમટી હતી. ચાર હજાર લોકો તેમની સાથે જ રહેવા માટે નીકળી પડ્યા હતા. તેઓ પૂછતા હતા, ઋષભ શા માટે જઈ રહ્યા છે ? ક્યાં જઈ રહ્યા છે ? તેઓ જાણતા નહોતા-સાધુ શું હોય છે. તેમણે ના સાધુને જોયો હતો અને ના તો સાધુનું નામ સાંભળ્યું હતું. તે કાંઈ જ જાણતા નહોતા પરંતુ કચ્છ અને મહાકચ્છના નેતૃત્વમાં તેઓ ઋષભની સાથે ચાલી નીકળવા કટિબદ્ધ હતા.

**નવું પ્રસ્થાન :**

ભરતે કહ્યું, 'કચ્છ-મહાકચ્છ, આપ ક્યાં જાઓ છો ?'

કચ્છ અને મહાકચ્છ બોલ્યા, 'અમે ભગવાન ઋષભની સાથે જઈ રહ્યા છીએ.'

'તમે ત્યાં શું કરશો ? તમે ત્યાં ના જાઓ.'

'ભલે ગમે તે થાય, જ્યાં ઋષભ જશે ત્યાં કચ્છ જશે. મહાકચ્છ પણ જશે. અમે સૌ જઈશું.'

ચાર હજારની ફોજ ઋષભની પાછળ નીકળી પડી. આ દૃશ્ય જોવાથી વિનીતાનગરીનો કોઈ નાગરિક વંચિત રહી ગયો નહિ. આ એક નવું પ્રસ્થાન હતું. શક્ય છે : ઋષભે વેષ પણ બદલ્યો હશે. તે સમયની તસવીર ખેંચવી કપરી છે. તે ચિત્ર કેવી રીતે તૈયાર કરવું (મેળવવું) ? તે સમયે ભગવાને પોતાનો વેશ કેવો રાખ્યો ? શો વેશ રાખ્યો ? કપડાં રાખ્યાં તો કેટલાં રાખ્યાં ? કેવા રંગનું વસ્ત્ર પહેર્યું ? પહેલી વખતે શું કર્યું ? જો એવું કોઈ સાધન વિકસ્યું હોય જે કરોડો કરોડો વર્ષ પૂર્વેનાં દશ્યોનો ફોટો લઈ શકે, તેમનું રીલ બતાવી શકે, તો આપણને કંઈક ખ્યાલ આવી શકે. નહિતર તેની માત્ર કલ્પના જ કરવાની રહે !

**આત્મા અને સમતા :**

ઋષભ વિનીતાનગરીના ઉદ્યાનમાં ઊભા રહી ગયા. તેમની સાથે ચાર હજારની ફોજ પણ ઊભી હતી. તેમનો સંકલ્પ હતો, જ્યાં ઋષભ રહેશે ત્યાં અમે સૌ રહીશું. તે ચાર હજાર લોકો ઋષભની સાથે મુનિ બની ગયા. સમતાધર્મનો પ્રારંભ - પ્રવર્તન થઈ ગયાં. સમતા ધર્મમાં પ્રવર્તન એટલે ધર્મતીર્થનું પ્રવર્તન. શ્રમણપરંપરાનું મુખ્ય સૂત્ર છે : સમતા. શ્રમણપરંપરા અને વૈદિકપરંપરામાં મુખ્ય વિભાજક રેખા સમતાની જ છે. સ્થાનાંગ સૂત્રમાં ત્રણ પ્રકારના વ્યવસાય બતાવ્યા છે : તેમાં એક છે સામાજિક વ્યવસાય. તેનો સંબંધ શ્રમણપરંપરા સાથે છે. સમતાનો એક અર્થ સમાનતા કરવામાં આવે છે, પણ તે મૂળ અર્થ નથી. સમતા એટલે આત્મા અને આત્મા એટલે સમતા. જે આત્મા છે તે સામાયિક છે અને જે સામાયિક છે તે આત્મા છે. આત્માનો સ્વીકાર કર્યા વગર સમતાની સ્થાપના શક્ય નથી. આ જ એવું બિન્દુ છે જ્યાં વાત કરી શકાય છે. જે વ્યકિત આત્માની ભૂમિકામાં નથી, તેને સમતાની વાત કરવાનો અધિકાર જ નથી.

**આશ્વાસન અને રાજનીતિ :**

આપણી સમક્ષ બે બિન્દુ છે : એક આત્મા અને બીજું પદાર્થ. પદાર્થના જગતમાં સમતાની વાત કરવી તે રાજનીતિ છે. રાજનીતિમાં આશ્વાસન આપવાનું હોય છે. તેમાં જો સમતાનું આશ્વાસન આપવામાં ના આવે તો કામ ચાલી શકતું નથી. રાજનીતિમાં અપાતાં આશ્વાસનો કેટલાં સાચાં હોય છે તેની ખબર નથી, પરંતુ રાજનેતાનું કામ આશ્વાસન આપવાનું છે.

ચૂંટણી જીતવા માટે રાજનેતાએ ગામના લોકોને આશ્વાસન આપ્યું : જો મને વિજય અપાવશો તો ગામમાં પાણી આવી જશે. રાજનેતા ચૂંટણી જીતી ગયા, પરંતુ પાણીનું એક ટીપું ય આવ્યું નહિ. જ્યારે બીજી ચૂંટણી નજીક આવી ત્યારે નળ લાગી ગયા. તે રાજનેતા ફરીથી ચૂંટણીમાં ઊભા રહ્યા. લોકોએ ફરિયાદ કરી, તમે ગયા વખતે ચૂંટણી પહેલાં કહ્યું હતું કે ગામમાં પાણી આવી જશે, પરંતુ હજી સુધી પાણી આવ્યું નથી. રાજનેતાએ કહ્યું, 'એ જ કામ ચાલી રહ્યું છે. પહેલાં મને જીતાડ્યો તો નળ આવી ગયા, અને હવે જીતાડશો તો પાણી આવી જશે.'

રાજનીતિમાં આવાં જ આશ્વાસનો અપાય છે. ક્યારેક ક્યારેક રાજનેતાઓ બહુ વિચિત્ર આશ્વાસન પણ આપે છે.

એક રાજનેતાએ ગામની મુલાકાત લીધી. ચૂંટણીનો અવસર હતો. ગામલોકોએ કહ્યું, 'અમારા ગામમાં સ્મશાનઘાટ પણ સારો નથી, અમે આપને કેવી રીતે મત આપીએ ?' રાજનેતા બોલ્યા, 'ચિંતા ના કરશો. તમે મને મત આપીને વિજયી બનાવો. હું જીતી જઈશ તો ઘેર ઘેર સ્મશાનઘાટ બનાવી

દઈશ.'

**પદાર્થનો સ્વભાવ :**

આશ્વાસન રાજનીતિનો ધર્મ છે. જે નેતા આશ્વાસન આપવાનું જાણતો નથી તે કુશળ રાજનેતા નથી બનતો. ચર્ચિલની ભાષામાં કુશળ રાજનીતિજ્ઞ એ છે જે સવારે એક વાત કહે છે, બપોરે તે વાતને બદલી નાખે છે, અને સાંજે એ વાતને સાબિત કરી દે છે કે, મેં જે વાત સવારે કહી હતી તે પણ યોગ્ય છે અને જે બપોરે કહ્યું તે પણ ઠીક છે.

પદાર્થના જગતમાં રાજનીતિ પણ આવશે, વ્યવસ્થાઓ પણ આવશે, ઉતાર-ચઢાવ અને વિષમતા પણ આવશે. પદાર્થની આ પ્રકૃતિ છે. તેને રોકી શકાતી નથી. પદાર્થજગતમાં તેનું અસ્તિત્વ અનિવાર્ય છે. આ નિષ્કર્ષ હોઈ શકે છે, જ્યાં જ્યાં પદાર્થનું જગત ત્યાં ત્યાં વિષમતા. જ્યાં જ્યાં વિષમતા ત્યાં ત્યાં પદાર્થજગત. આપણું આ અનુમાન, આ નિષ્કર્ષ કદીય ખંડિત નહિ થાય. માત્ર આત્માનું જગત જ એવું છે, જ્યાં સમતાની વાત કરી શકાય છે.

**જૂના આયામ- નવા આયામ :**

ભગવાન ઋષભે પદાર્થ જગતને વ્યવસ્થિત કરી દીધું. પદાર્થના સમ્યક્ વ્યવસ્થાપન પછી, ઋષભે આત્મા અથવા સમતાનો નવો આયામ સ્થાપ્યો. તેમણે જૂના આયામનું ઉત્થાપન કરીને નવો આયામ નથી સ્થાપ્યો. પદાર્થ વગર સમાજનું કામ નથી ચાલતું. તેની ઉત્થાપના કેમ થઈ શકે ? કેટલાક લોકોએ આચાર્ય ભિક્ષુને કહ્યું, 'ભીખનજી ! આપ મૂર્તિને ઉઠાવી રહ્યા છો. મૂર્તિની ઉત્થાપના કરી રહ્યા છો.' આચાર્ય ભિક્ષુએ તરત જ જવાબ આપ્યો, 'મૂર્તિ એટલી ભારે હોય છે કે તેને એક માણસ એકલો ઉઠાવી નથી શકતો. હું તેને કેવી રીતે ઉઠાવી શકું ?

**વિરોધપક્ષ જરૂરી છે :**

ઋષભે એક નવો આયામ ખોલ્યો. જગત બે ભાગમાં વિભક્ત થઈ ગયું. પદાર્થનું જગત અને આત્માનું જગત. સ્થૂળ જગત અને સૂક્ષ્મ જગત. મૂર્ત જગત અને અમૂર્ત જગત. આ બન્ને વચ્ચે સંતુલન કરવું પડશે. સ્થૂળ અને સૂક્ષ્મ, પદાર્થ અને આત્મા, મૂર્ત અને અમૂર્તના સંતુલનથી જ સમસ્યાઓ હળવી થશે. આપણે પદાર્થ સાથે કાંઈ લેવા-દેવા નથી, એમ વિચારવું સાચું નથી. પદાર્થ વગર વ્યક્તિનું કામ નથી ચાલી શકતું, જીવનની યાત્રા નથી ચાલતી. જો આપણે માત્ર પદાર્થમાં રમમાણ રહીએ તો સમસ્યાઓ વધુ ઘેરી બનતી જશે. સમસ્યાઓના ઉકેલ માટે વિરોધપક્ષને ઊભો કરવો જરૂરી છે. આજે આ વૈજ્ઞાનિક તથ્ય બની ગયું છે કે, બે વિરોધપક્ષો વગર, બે વિરોધી યુગલો વગર વિશ્વ ચાલી નથી શકતું. વિજ્ઞાનનો વિદ્યાર્થી, વિજ્ઞાનના સાહિત્યનો અભ્યાસી જાણે છે કે માત્ર મેટર હોઈ શકતું નથી. જો મેટર છે તો એન્ટીમેટર

પણ છે. વિરોધપક્ષ વગર દુનિયાનો વ્યવહાર ચાલતો નથી.

**આત્મા મેટરથી અલગ છે :**

લોકતંત્રની કલ્પના કરનારાઓએ બહુ મોટું સત્ય શોધ્યું. લોકતંત્રમાં પક્ષની સાથે વિપક્ષનું હોવું જરૂરી છે. જો વિરોધી પક્ષ નથી તો, લોકતંત્ર ઠીક નહિ ચાલે. અનેકાન્તનો સિદ્ધાંત છે - વિરોધી યુગલનું હોવું અનિવાર્ય છે. તેના વગર સમ્યક્ વ્યવસ્થા સર્જાતી નથી. આજે વિપક્ષનું કામ માત્ર જાણે કે પક્ષની નિંદા કરવાનું જ રહ્યું છે. તેઓ પરસ્પરના પૂરક નથી. તેથી તેઓ સમસ્યાને દૂર કરવામાં નહિ પણ વધુ ગુંચવવામાં- તેનો લાભ લેવામાં પ્રવૃત્ત છે. ધર્માસ્તિકાય નથી તો અધર્માસ્તિકાય હોઈ નથી શકતો. ધર્માસ્તિકાયને પોતાના અસ્તિત્વ માટે અધર્માસ્તિકાયને સ્વીકારવાનું જરૂરી છે. અધર્માસ્તિકાયને પોતાના અસ્તિત્વ માટે ધર્માસ્તિકાયના અસ્તિત્વને સ્વીકારવું આવશ્યક છે. લોક છે તો અલોક પણ આવશ્યક છે. અનેકાંતનો આ વૈજ્ઞાનિક સિદ્ધાંત છે, જે વ્યવહારમાં, લોકતંત્રમાં આવ્યો પણ ક્રિયાન્વિત ન થઈ શક્યો. પૂરકતાના બદલે ખોટો વિરોધ કરવો, પરસ્પરને ગાળો આપવી, એકબીજાને નીચા બતાવવાનો પ્રયત્ન કરવો; જાણે એટલું જ કરવાનું છે. બાકી કાંઈ કરવાનું જ ના હોય ! તે એક વિડંબના છે. અનેકાન્તની સાર્થક અભિવ્યક્તિ છે - પદાર્થ અને આત્માની સ્વીકૃતિ. પદાર્થનો સિદ્ધાંત મેટરનો સિદ્ધાંત છે. આત્મા મેટરથી અલગ છે.

**સમાજ-અસમાજ :**

ઋષભે સૌ પ્રથમ આત્માનો આયામ ખોલ્યો. તેમણે કહ્યું, 'જ્યાં આત્મા છે ત્યાં સમતાની વાત સ્વયં સિદ્ધ થશે. આ તથ્યને સ્વીકાર્યા વગર આત્માની વાત જ સંભવિત નથી. ઋષભની આવી ઉદ્‌ઘોષણાથી માનવસમાજને નવો પ્રકાશ મળ્યો. પદાર્થથી વિશેષ મૂલ્ય ત્યાગનું થઈ ગયું. પદાર્થનો માર્ગ સમાજનો માર્ગ છે. ધર્મનો માર્ગ, ત્યાગનો માર્ગ અસમાજનો માર્ગ છે. તે જ સમાજ સારી રીતે ચાલી શકે છે જેમાં અસમાજ હોય છે. જે સમાજમાં અસમાજ નથી હોતો, ત્યાં સમાજ સારી રીતે નથી ચાલતો. અર્થાત્ માત્ર ભોગ નથી ચાલતો, માત્ર હિંસા અને માત્ર જૂઠ નથી ચાલતાં. ભોગ ત્યાગના સહારે ચાલે છે. પ્રત્યેક માનવી ત્યાગ કરી રહ્યો છે. જો તે ત્યાગ ના કરે તો એક દિવસમાં ભયંકર પરિણામ ભોગવવું પડે. એક વ્યક્તિ ચોવીસ કલાક નિરંતર ભોગ કર્યા કરે, ચોવીસ કલાક સતત ખાધા કરે, ચોવીસ કલાક સતત પીતો રહે તો પરિણામ શું આવશે ? પરિણામથી આપણે અપરિચિત નથી. ભોગ ત્યાગના આધારે ચાલે છે, પણ આપણે આ તથ્યનો નકાર કરીએ છીએ.

**તીર્થનું પ્રવર્તન :**

ભગવાન ઋષભે પક્ષની સામે પ્રતિપક્ષનો સિદ્ધાંત આપ્યો. સમાજ છે તો અસમાજનું હોવું જરૂરી છે. ભોગ છે તો ત્યાગનું હોવું પણ જરૂરી છે. પદાર્થ

છે તો અપદાર્થનું હોવું પણ જરૂરી છે. આનું નામ થયું : ધર્મતીર્થનું પ્રવર્તન. જ્યારે ધર્મતીર્થનું પ્રવર્તન થાય છે ત્યારે સાધુ અને સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા સમાજ બને છે. આ બીજા ક્રમની વાત છે. તીર્થનો આ મૂળ અર્થ નથી. તીર્થનો મૂળ અર્થ છે - પ્રવચન. ભગવાને જે નવો બોધ-પાઠ આપ્યો, એ જ તીર્થપ્રવર્તન થઈ ગયું. બીજી રીતે સાધુ-સાધ્વીઓ, શ્રાવક-શ્રાવિકાઓ પણ કહેવાતાં. તેમના પ્રવચનથી અનેક લોકો પ્રબુદ્ધ બન્યા, સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા બન્યાં. તીર્થનાં આ ચાર ઘટક છે. તીર્થ પ્રવર્તન, સમતા ધર્મ પ્રવર્તનથી સમાજ સમક્ષ એક નવો આદર્શ અને એક નવી ભૂમિકા રજૂ થઈ ગઈ.

**ઋષભની તપોભૂમિ : હિમાલય :**

ભગવાન ઋષભે હિમાલય ઉપર તપ કર્યું. હિમાલય ભગવાન ઋષભની તપોભૂમિ છે. ત્યાં તેમણે ઘણું બધું મેળવ્યું. આજે ઇતિહાસનું સંશોધન ત્યાં જઈ રહ્યું છે. એમ માનવામાં આવે છે : ઋષભ અને શિવ બે વ્યક્તિ નહોતા. એક જ વ્યક્તિની બે ધારાઓ બની ગઈ. એક ધારાએ તેનું નામ શિવ આપ્યું.અને બીજી ધારામાં એનું નામ ઋષભ રહ્યું. મૂળભૂત રીતે બન્ને એક જ વ્યક્તિ છે. કેટલાંક વર્ષો પૂર્વે આચાર્યશ્રી ધારવાડ પધાર્યા. અમે ધારવાડ યુનિવર્સિટીના પુરાતત્ત્વ વિભાગમાં ઋષભની જટાધારી પ્રતિમા જોઈ. ઋષભ અને શિવ આ બે વ્યક્તિઓની જટાધારી પ્રતિમાઓ મળે છે. ઋષભની પ્રતિમા ધારવાડમાં અને શિવની પ્રતિમા ઈન્દોરના સંગ્રહાલયમાં છે. કહેવાય છે, ઋષભે દીક્ષા લેતી વખતે કેશલોચન કર્યું. જ્યારે ચાર મૂઠી લોચન સંપન્ન થયું ત્યારે ઇન્દ્રે પ્રાર્થના કરી, મહારાજ ! આ કેશકલાપ કેવો સુંદર લાગે છે ! શું આપ તેને પણ કાપી નાખશો ? આપ તેને એમ જ રહેવા દો, ઋષભે ઇન્દ્રની પ્રાર્થના સ્વીકારી લીધી. તેમણે (બાકીનો) એક મૂઠી લોચ ના કર્યો. તે કેશરાશિ વધતી રહી અને વધતી વધતી નીચે સુધી પહોંચી ગઈ.

**ઋષભ અને શિવ :**

ઋષભની પ્રતિમા જુઓ કે શિવની પ્રતિમા, બન્ને સમાન લાગે છે. બન્નેમાં કોઈ અંતર નથી દેખાતું. અન્ય પણ એવાં અનેક તથ્યો છે, જેને આધારે એ નિષ્કર્ષ તારવી શકાય કે, ઋષભ અને શિવ એ બન્ને એક જ વ્યક્તિનાં બે રૂપ છે. શિવ પણ અવૈદિક છે અને ઋષભ પણ અવૈદિક છે. ઋષભ દ્વારા પ્રવર્તિત સમતા ધર્મ લોકો માટે કલ્યાણકારી બન્યો. ભગવાન મહાવીરે પણ એ જ ધર્મનું પ્રવર્તન કર્યું. ખબર નથી, શી વાત છે - ઇતિહાસના બાવીસ તીર્થંકરો એક તરફ દેખાય છે, અને ઋષભ તથા મહાવીર બીજી તરફ દેખાય છે. ક્યાં પહેલું બિન્દુ અને ક્યાં અંતિમ બિન્દુ ! પરંતુ બન્ને સમાન રેખા ઉપર ઊભેલા દેખાય છે. તેમણે જે તીર્થનું પ્રવર્તન કર્યું, સમતાધર્મનું પ્રવર્તન કર્યું તે આજે પણ આપણી સામે પ્રસ્તુત છે.

# ૯. જાગો, કેમ જાગતા નથી ?

સ્વતંત્રતાનો ઇતિહાસ જેટલો જૂનો છે, તેટલો જ જૂનો ઇતિહાસ છે પરતંત્રતાનો. બન્ને ખૂબ પ્રાચીન છે. જો પ્રાચીન હોવાથી જ કોઈ વાત સારી હોત તો પરતંત્રતા પણ બહુ સારી હોત. જ્યારે સમાજે કરવટ બદલી, આળસ મરડી અને તે થોડો આગળ વધ્યો તો તેનાં બન્ને રૂપ-સ્વતંત્રતા અને પરતંત્રતા અલગ થઈ ગયાં.

એક દિવસ ભરતનો રાજ્યાભિષેક મહોત્સવ ઉજવાઈ રહ્યો હતો. વિજયનો મહોત્સવ હતો. તેમાં અનેક રાજાઓ ઉપસ્થિત રહ્યા હતા. ભરતે નજર ફેરવી. ચારે તરફ જોયું. તમામ રાજાઓ હાજર છે, પરંતુ એક પણ ભાઈ હાજર નથી. ખૂબ વિચિત્ર સ્થિતિ બની ગઈ. અઠ્ઠાણું સગા ભાઈઓ અને બાહુબલી, જે બીજી માતાનો પુત્ર છે- નવ્વાણુ ભાઈઓમાંથી એક પણ ભાઈ ઉપસ્થિત નથી. માત્ર પરાયા જ પરાયા. ભરતને આ અટપટું લાગ્યું. તમામ ખુરસીઓ ખાલી પડી હતી. ભરતનું મન ઉદાસ થયું. આ શું ? એક પણ ભાઈ નહિ ? ભરતના રાજ્યાભિષેકનો ઉત્સવ ઉજવાતો હતો, પણ તેને આ ઉત્સવ ફિક્કો ફિક્કો લાગતો હતો. આ ઉત્સવ તરફ તેનું ધ્યાન જ જતું નહોતું. ઉત્સવનો સમય પણ માંડ માંડ વીત્યો હશે.

**ભરતનો સંદેશ :**

ઉત્સવનો સમય પૂરો થયો. ભરતે પોતાના મંત્રીને બોલાવ્યો. અઠ્ઠાણું દૂતોને બોલાવ્યા, તેમને સંદેશ આપ્યો, "જાઓ, જ્યાં જ્યાં મારા ભાઈ છે તે સૌને આ સંદેશ આપો !" દૂત તમામ રાજધાનીઓમાં પહોંચ્યા. સૌ ભાઈઓને ભરતનો સંદેશ આપ્યો. ભાઈઓએ ભરતનો સંદેશ જોયો. સંદેશમાં લખ્યું હતું,

'તમે આવો અને મારું આધિપત્ય સ્વીકારો. અહીં આવીને સેવા કરો. જો તમે રાજ્ય ઇચ્છતા હો તો આવું કરો. સૌએ ભરતનો સંદેશ વાંચીને વિચાર્યું, 'અરે, આ શી વાત છે ? પિતાજીએ સૌને વહેંચીને રાજ્ય આપ્યું છે, આ તારું રાજ્ય છે અને તારું રાજ્ય છે. ભરત તેને માગનારો કોણ છે...? અમારી પાસે સેવા માગનાર એ વળી કોણ ? તે અમને આધીન બનાવનાર કોણ ? સૌના મનમાં એક વિચાર પેદા થઈ ગયો, એક પ્રશ્ન જાગી ગયો. તેમણે કહ્યું 'આ તો ભરતનો ભારે અત્યાચાર કહેવાય ! એમ લાગે છે કે તેને ખૂબ અહંકાર થઈ આવ્યો છે. તેનામાં અધિકારની ભાવના જાગી ગઈ છે. આ રાજ્ય અમારા ભાગમાં આવેલું છે. જ્યારે પિતા તેના તમામ દીકરાઓને અલગ અલગ હિસ્સો આપી દે છે, ત્યાર પછી એક ભાઈ કયા હકથી તેમનો હિસ્સો માંગે ? આ તો કેવો મોટો અન્યાય છે ! અમે આ અન્યાયને સહન નહિ કરીએ. ભરત રાજ્ય પડાવવાનું નથી ઇચ્છતો, પણ અમને શિસ્તમાં (દાબમાં) રાખવા માગે છે. અમે સ્વતંત્ર છીએ. તેનું અનુશાસન કેમ માનીએ ? અમે કેવી રીતે તેની અનુશાસના સ્વીકારીએ ? અમે અધીન કેમ બનીએ ?

**સેવાનું ફળ : ભરતનું સામર્થ્ય :**

તે સમયે ભાઈઓના મનમાં જે વિકલ્પો જાગ્યા, તેનું સુંદર ચિત્રણ કરવામાં આવ્યું છે. અમે ભરતને શાસ્તા (શાસક) કેમ માનીએ ? શું ભરતમાં એ શક્તિ છે કે જ્યારે મોત આવશે ત્યારે તે અમને બચાવી શકે ? શું ભરત પાસે એટલી શક્તિ છે કે, ઘડપણ આવશે ત્યારે તે અમને ઘરડા થવા ના દે? શું ભરત પાસે એવું કોઈ સામર્થ્ય છે કે જ્યારે બીમારી આવે ત્યારે તે અમને બીમારીથી બચાવે ? ભરતના મનમાં લાલસા જાગી છે તેમ અમારા મનમાં પણ અધિકારમાં વૃદ્ધિ કરવાની અને અધિકાર પામવાની લાલસા જાગે તો, શું ભરતમાં એ સામર્થ્ય છે કે, તે અમારી વધતી જતી એ તૃષ્ણાને ખતમ કરી શકે? ભરતમાં એવી તે કઈ વિશેષતા છે ? સેવાનું એવું પરિણામ મળશે કે, જે મોતને આવવા ના દે, બીમારીને આવવા ના દે, તૃષ્ણા તથા ખરાબ ભાવોને વધવા ના દે ? આ સેવાનાં ફળ છે. જો ભરત આવું કોઈ ફળ આપવામાં સમર્થ ના હોય તો, અમે શા માટે તેની પાસે જઈએ ? જેવી રીતે તે માણસ છે, તેમ અમે પણ માણસ છીએ. અમે સૌ સમાન છીએ. ભરત સેવા લેનાર કોણ છે અને અમે સેવા આપનાર કોણ છીએ ? સેવા લેવા-આપવાનો અધિકાર ત્યારે જ હોય છે, જ્યારે કોઈ ખાસ વાત હોય - વિશેષતા હોય.

*'ઈદૃક્ સેવાફલં દાતું ન ચેદ્ ભરત ઈશ્વર : ।*
*મનુષ્યભાવે સામાન્યે, તર્હિ કઃ કેન સેવ્યતામ્ ॥*

**સેવા અને સમસ્યા :**

એક શાશ્વત સત્યનું ઉદ્‌ગાન થયું છે, એ જ વ્યક્તિ સેવા લઈ શકે છે જેણે વિશેષતા મેળવી છે અને એવી વ્યક્તિને જ બીજી વ્યક્તિ સેવા આપી શકે છે, જેનામાં આ અનુભૂતિ જાગે - અમુક વ્યક્તિમાં આ વિશેષતા છે. આ

સ્થિતિમાં સેવા લેવી અને આપવી બન્ને સંગત બને છે. જો વિશેષતા નથી, કોઈ ખાસ અલગપણું નથી, બધા સરખા છે - દરેક વ્યક્તિ સમાન હોય તો, કોણ કોને સેવા આપે અને કોણ કોની સેવા લે ? આ વાત સમજાઈ જાય તો સેવા લેનાર પોતાને ઊંચો (મહાન) બનાવશે અને સેવા આપનાર સ્વયં ઝૂકશે. જ્યાં દંડાના બળથી સેવા લેવાય છે ત્યાં હિંસા અને પ્રતિક્રિયા હોય છે. એક મોટો પ્રશ્ન છે. હડતાળ, ઘેરાવ, તાળાબંધી વગેરે શા માટે થાય છે ? આ સમસ્યાને આપણે આ સત્યના સંદર્ભમાં અવલોકીએ : જ્યાં ખાસ વિશેષતા નથી અને સેવા લેવાય છે, ત્યાં સમસ્યા પેદા થઈ જાય છે.

એક મંત્રીએ પોતાના ચોકીદારને ધમકાવી નાખ્યો. ચોકીદાર શું કરે ? તેણે મંત્રીના આક્રોશપૂર્ણ શબ્દો સાંભળવા પડ્યા, પરંતુ જેવો મંત્રી આમ તેમ ગયો, કેટલાક ચોકીદાર એકબીજાને મળ્યા. તેમણે કહ્યું, કેવો જમાનો આવ્યો છે ! એક અસ્થાયી વ્યક્તિ એક સ્થાયી વ્યક્તિને ધમકાવે છે ! તેના પોતાના સ્થાયિત્વનું ઠેકાણું નથી. આજે આવ્યો છે- કાલે ચાલ્યો જશે. કેવો નકામો માણસ છે ! તેનું પોતાનું કાંઈ જ નથી. બસ, આવીને ખુરસી ઉપર બેસી જાય છે, અને અમને ધમકાવ્યા કરે છે. શું તેને પોતાના સ્થાયિત્વની ખબર (ખાતરી) છે ખરી ?

**સંઘર્ષસમાપ્તિનો ઉપાય :**

જ્યાં રાજ્યકર્મચારીઓના મનમાં પોતાના અધિકારી પ્રત્યે આદરભાવ નથી, ત્યાં નિરંતર સંઘર્ષ હશે. ત્યાં સંઘર્ષને મિટાવવાનો કોઈ ઉપાય નથી હોતો. સંઘર્ષ ત્યારે જ ખતમ થાય, જ્યારે વ્યક્તિમાં વિશેષતા આવી જાય. વ્યક્તિ એવા ગુણો કેળવે જેથી અધીન રહેનાર વ્યક્તિ અધીન રહેવા ઇચ્છે પરંતુ કોઈને અધીન રાખવાનું ના ઇચ્છે. શિષ્ય ગુરુને અધીન રહેવાનું ઇચ્છે છે, પરંતુ ગુરુ તેને અધીન રાખવા માગતા નથી. ભગવાન મહાવીરે ગૌતમને કેટલાક દિવસ માટે અલગ સ્થળે મોકલી દીધા. ત્યારે તેમને કેવું લાગ્યું ? જો મહાવીરમાં વિશિષ્ટતા ના હોત તો ગૌતમ મહાવીરની સાથે રહેવાનું શા માટે ઇચ્છતા હોત ? શું ગૌતમ અલ્પ વિદ્વાન હતા ? તેઓ શા માટે મહાવીરની પાસે રહેત ? તેઓ મહાવીરથી અલગ રહેવા જ માગતા નહોતા. પરંતુ તેવું શા માટે ? તેમના રહેવાનું આકર્ષણ હતું, મહાવીરની વિશિષ્ટતા. આ એક સુંદર સિદ્ધાંત છે. જ્યાં સુધી આ સિદ્ધાંતને અપનાવવામાં નહિ આવે, ત્યાં સુધી ઉદ્ભવ પામતા સંઘર્ષોને સમાપ્ત કરી શકાશે નહિ.

**ભાઈઓનો નિર્ણય :**

ભરતના ભાઈઓએ, ભગવાન ઋષભના પુત્રોએ પોતાના ચિંતનમાં એક એવું શાશ્વત સત્ય પ્રગટ કર્યું કે જે આજની પ્રબળ સમસ્યાનું સમાધાન છે. જ્યારે વ્યક્તિ પોતાના સાથી-સહયોગીઓને અધીન રાખવા ઇચ્છશે, ત્યારે ત્યાં સંઘર્ષનું વાતાવરણ સર્જાશે. સંઘર્ષને ડામવાનો ઉપાય છે - કોઈ ખાસ વિશેષતા કેળવી લેવી. ઋષભના પુત્રોને લાગ્યું કે ભરતમાં કોઈ વિશેષતા નથી. અમે

શા માટે તેની પાસે જઈએ ? જો ભરત બળજબરીથી રાજ્ય પડાવવા ઇચ્છે છે, તો અમે શું તેના કરતાં કમ છીએ ? અમે પણ એ જ બાપના બેટાઓ છીએ ! તેના કરતાં કમ નથી. જો તે લડવા ઇચ્છે, તો અમે તૈયાર છીએ. તેમણે ફરીથી વિચાર્યુ, આમ કરવું સારું નહિ લાગે. લોકો કહેશે કે, ભાઈ-ભાઈ લડી રહ્યા છે. બન્ને તરફ સમસ્યા છે, શું કરવું ? એક ઉપાય તેમના મનમાં જાગી આવ્યો. તેમણે નિર્ણય લઈ લીધો. પહેલાં ભગવાનની પાસે જઈએ. તેમની આજ્ઞા શી છે ? તેમની આજ્ઞા થશે તે પ્રમાણે કરીશું. જો તેઓ કહેશે કે લડો તો લડી લઈશું. તેઓ કહેશે કે ના લડો તો નહિ લડીએ. ભગવાન જેમ કહેશે તેમ કરીશું. પોતાની સમસ્યાના સમાધાન માટે બધા ભાઈ ભગવાનનાં દર્શન માટે નીકળી પડ્યા. ભગવાન ત્યારે હિમાલયમાં હતા. અષ્ટાપદ ઉપર ભગવાનનું સમવસરણ રચાઈ રહ્યું હતું. અષ્ટાપદ હિમાલયની એક શાખા છે. અને તે ભગવાન ઋષભની તપોભૂમિ પણ છે. ભગવાનના વિહાર મોટે ભાગે ત્યાં જ થયા હતા. હમણાં થોડા વર્ષ પહેલાં આચાર્ય વિદ્યાનંદજી મળ્યા. તેમણે કહ્યું, હિમાલયમાં ભગવાન ઋષભનું મંદિર પણ મળ્યું છે !

**સૌની એક સમસ્યા છે :**

અઠ્ઠાણું ભાઈઓ ઋષભનાં ચરણોમાં પહોંચ્યા. તેઓ વંદન કરીને બોલ્યા, "ભગવાન ! આજે અમે આપની ઉપાસના માટે નથી આવ્યા. અમે એક સમસ્યા લઈને આવ્યા છીએ. આપ અમારી સમસ્યાનું સમાધાન કરો."

ભગવાને કહ્યું, "શી સમસ્યા છે ? દરેકની એક જ સમસ્યા છે કે અલગ અલગ ?"

"દરેકની એક જ સમસ્યા છે."

"કઈ સમસ્યા છે ?"

"ભંતે, આપે અમને રાજ્ય સોંપ્યું, પરંતુ ભાઈ ભરત અમારાં રાજ્યને છીનવી લેવા માગે છે. આ સમસ્યા છે. આપ કહો, અમે શું કરીએ ? આપ શી સલાહ આપો છો ? આપની આજ્ઞા કેવી છે ? આપની આજ્ઞા પ્રમાણે અમે ચાલીશું."

**ભગવાનનો પ્રસ્તાવ :**

ભગવાને જોયું કે અતિ વિકટ સમસ્યા છે. એમ તો કેમ કહેવાય કે રાજ્ય છોડી દો ? એમ પણ કેમ કહેવાય કે લડો ? શું કરવું જોઈએ ? ત્યારે એક કુશળ મનોચિકિત્સકની જેમ ભગવાને તેમના ચિંતનને એક નવો વળાંક આપ્યો. ભગવાને પૂછ્યું, "તમે રાજ્ય ભોગવી રહ્યા છો ?"

"હા, ખૂબ આનંદથી રાજ્ય ચલાવીએ છીએ. કોઈ મુશ્કેલી નથી."

"હવે, જરા વિચારો. જે રાજ્ય મેં આપ્યું છે તેનાથી પણ મોટું રાજ્ય જો તમને આપું તો શું તમે તમારું રાજ્ય સોંપી દેવા તૈયાર થશો ?"

"હા, મોટું રાજ્ય મળતું હોય તો કોણ તૈયાર ના થાય ?"

"આજે હું મોટું રાજ્ય આપવાનું વિચારું છું. છે તેના કરતાં ઘણું મોટું

રાજ્ય આપીશ. જેની કોઈ સીમા જ નથી. કોઈ અન્ત નથી. તે અસીમ અને અનંત છે. શું તમે તે તે લેવા ઇચ્છો છો ?"

"કેમ ના લઈએ ? આપની કૃપા છે, આપ અત્યારે જ આપવા ચાહો તો પણ અમે લેવા તૈયાર છીએ."

"તો સાંભળો ત્યારે...હું તમને પહેલાં એક વાર્તા કહેવા માગું છું."

"કહો..."

વાર્તા તો સૌ કહે છે, ભગવાન પણ કહેતા હતા...

**તૃષ્ણા : ઉપમા :**

ભગવાન બોલ્યા, "એક હતો અંગારકર્તા, અંગારા બનાવનાર. તે જંગલોમાં જતો, લાકડાં કાપી કાપીને એકઠાં કરતો પછી તે સળગાવીને અંગારા બનાવતો. જેઠ મહિનો હતો. અત્યંત ભીષણ તાપ હતો. પ્રખત તડકો હતો. લૂ વરસી રહી હતી. તે લાકડાં કાપવા નીકળ્યો. સાથે એક બાટલીમાં પાણી લીધું હતું. મધ્યાહ્નનમાં તરસ લાગી. તેણે પાણી પીધું. બાટલી ખાલી થઈ ગઈ. થોડીવાર પછી ફરીથી તરસ લાગી. પાણી તો ખલાસ થઈ ગયેલું હતું ! તે તરસથી આકુળ-વ્યાકુળ થઈ ગયો. તે એક વૃક્ષની શીતળ છાયામાં બેસીને વિશ્રામ કરવા લાગ્યો. વૃક્ષની શીતળ છાયામાં તેને નિદ્રા આવી ગઈ.

વ્યક્તિ જે વાતને મનમાં લઈને સૂઈ જાય છે, તે જ વાત તેના અવચેતન મનમાં ઉભરાય છે. તેને સ્વપ્ન આવ્યું, 'મને ખૂબ તરસ લાગી છે. મારી પાસે પાણી ખલાસ થઈ ગયું છે. પ્યાસ બૂઝાવવા માટે હું એક કૂવા પાસે ગયો. હું કૂવાનું બધું જ પાણી પી ગયો, તો ય તરસ છિપાઈ નહિ ! પછી હું સમુદ્ર પાસે ગયો અને સમુદ્રનું સઘળું પાણી પીધું તો પણ તરસ મટી નહિ. અગસ્ત્ય ઋષિએ ત્રણ ખોબામાં સમુદ્રનું પાણી પી લીધું હતું. મેં એક જ વખતમાં સમુદ્રને ખાલી કરી નાખ્યો !' તેનું સ્વપ્નું આગળ ચાલ્યું. 'મેં અનુભવ્યું કે હજી પણ તીવ્ર તરસ લાગેલી છે. શું કરું ? હું રણમાં જતો રહ્યો. રણનો કૂવો બહુ જ ઊંડો હતો. તેમાં ખૂબ ઠંડું પાણી હતું. હું કૂવા પાસે પહોંચ્યો પણ ત્યાં પાણી બહાર કાઢવાની સમસ્યા ઊભી થઈ. મારી પાસે પાણી કાઢવાનું કોઈ સાધન નહોતું. આમ તેમ ઘાસના પૂળા પડ્યા હતા. એક દોરડા વડે પૂળા બાંધીને કૂવામાં લટકાવ્યા. તેમને પાણીથી ભીંજવ્યા. તેમને ઉપર ખેંચ્યા. જે થોડું ઘણું પાણી તે પૂળા સાથે ઉપર આવ્યું, તે નીચોવ્યું. વિચાર્યું કે તરસ છિપાઈ જાય. હું તે ટીપેટીપું પાણી પીવા લાગ્યો."

**સંબોધન-રૂપાંતરણ :**

ભગવાન ઋષભે આ સ્વપ્નકથાનો ઉપસંહાર કરતાં જણાવ્યું કે, જેની તરસ સમુદ્રનું પાણી પીવા છતાં તૃપ્ત ના થઈ, નદી, તળાવ, અને ઝરણાનું પાણી પણ જે તરસ મિટાવી ના શક્યું, શું એ તરસ ઘાસના એ પૂળામાંથી ટપકેલાં ટીપાંથી બુઝાય ખરી ?

સૌ એક સાથે બોલી ઊઠ્યા : "ભગવાન ! ન બુઝાય... કદીય ના

બુઝાય."

ભગવાન ઋષભે કહ્યું, "અરે, તમે આ જન્મમાં કેટલાં સુખ ભોગવ્યાં છે ? તમે દેવલોકમાં પણ ગયા છો. ત્યાં તમે ભરપૂર ભોગસેવન કર્યું છે છતાં તમારી તૃષ્ણા બૂઝી નથી. શું નાનું-મોટું રાજ્ય મેળવીને તમારી તૃષ્ણા બુઝાઈ જશે ?"

પુત્રોએ કહ્યું, "નહિ બુઝાય."

"તમે આ નાનકડા રાજ્યને છોડી દો. હું તમને મોટું રાજ્ય આપીશ."

ભગવાનના આ વાક્યથી બધા ભાઈ રાજી થઈ ગયા. તેમની ચેતનાનું રૂપાંતરણ થઈ ગયું. તેઓ જે સમસ્યા લઈને આવ્યા હતા, તે સમસ્યા સમસ્યા જ ના રહી. તેમની ચેતના સમાહિત થઈ ગઈ.

ભગવાને કહ્યું, "જાગો ! તમે કેમ જાગતા નથી ? કેમ સમજતા નથી?"

*સબુજ્ઝહ કિં ન બુજ્ઝહ સંબોહિ ખલુ પેચ્ચ દુલ્લહા ।*
*ણો હૂ વણમંતિ રાઈઓ, ણો સુલભં પુણરાવિ જીવિયં ॥*

પદાર્થ મળવો સહેલો છે, રાજ્ય મળવું પણ સરળ છે પરંતુ સમજણ મળવી, સંબોધિ મળવી દુર્લભ છે. આ રાતો વીતી રહી છે. જીવનમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. તમે સમજો. જાગો.

**સમાધાન સનાતન પ્રશ્નનું :**

ભગવાનના આ સંબોધનથી તે સૌ ઉદ્‌બુદ્ધ થઈ ગયા. સમસ્યાનું સમાધાન થઈ ગયું. તેઓ પૂરી સ્વતંત્રતામાં આવી ગયા. અધીનતાનો પ્રશ્ન સમાપ્ત થઈ ગયો. અઠ્ઠાણું ભાઈ ભગવાનનાં ચરણોના અધીન થઈ ગયા. મુનિ થઈ ગયા. ભગવાનનું શરણ મળે તેનાથી મોટી સ્વતંત્રતા અન્ય શી હોય ? ભગવાનની અધીનતા એટલે જ સ્વતંત્રતા. ક્યારેક ક્યારેક આવી સ્થિતિમાં સ્વતંત્રતાનો અર્થ પરતંત્રતા અથવા અધીનતા પણ હોઈ શકે છે. તે સૌ સ્વતંત્ર બની ગયા. સમસ્યાથી તેમને મુક્તિ મળી ગઈ.

સ્વતંત્રતા અને પરતંત્રતાનો આ પ્રશ્ન આજનો પ્રશ્ન નથી. આ સનાતન પ્રશ્ન છે. પરંતુ તેનું સમાધાન એ જ વ્યક્તિ કરી શકે છે જેણે કોઈ વિશેષતા કેળવી હોય. બીજાઓને પરાધીન બનાવવાનો સંકલ્પ નહિ, પણ બીજાઓના મનમાં તેને અધીન બનવાનો સંકલ્પ જાગી જાય તે સુંદર સમાધાન છે. અને તે સમાધાન ઋષભના પુત્રોને મળ્યું. સમાજના આદિકાળમાં આ પ્રશ્નનું સુંદર સમાધાન શોધી કાઢ્યું. આજના સમાજના અગ્રણી લોકો, સમાજશાસ્ત્રી, રાજનીતિજ્ઞ, અધ્યાત્મવિદ્ વગેરે આ સૂત્ર પકડી (સમજી) શક્યા અને વિશેષતા દ્વારા અધીન બનાવવાની વાત કરી શકે તો કદાચ સમગ્ર વિશ્વમાં ભયંકર સંઘર્ષની જે સ્થિતિ પ્રવર્તી રહી છે, અગનજ્વાળાઓ ફાટી રહી છે-તેમાં એક પ્રકારનું જળસિંચન થશે. આગને બુઝાવવાની તક મળશે.

# ભરત અને બાહુબલી 7.

મનુષ્યના જીવન અને તેના વ્યક્તિત્વની એક જ શબ્દમાં વ્યાખ્યા આપીએ તો તે છે ભાવોનું જીવન. મનુષ્યનું જીવન ભાવાત્મક જીવન છે. કહેવાય છે કે વ્યક્તિને ધન પ્રિય હોય છે, પત્ની, ભાઈ અને પિતા પ્રિય હોય છે પરંતુ તે બીજા નંબરનું સત્ય છે. એક નંબરનું સત્ય છે : માણસને પોતાના ભાવ સર્વાધિક પ્રિય છે. તે ભાવથી જીવે છે. કોઈને અહંકાર વિશેષ પ્રિય હોય છે. તે પોતાના અહંકાર માટે પિતા, પુત્ર અને પત્નીને છોડી દે છે. કેટલીક વ્યક્તિઓને લોભ પ્રિય હોય છે, તો કેટલીક વ્યક્તિઓને ક્રોધ પ્રિય હોય છે. દરેકને પોતાનો ભાવ પ્રિય હોય છે, અને તે પોતાના ભાવ વડે જ જીવે છે. માણસને જો ભાવનું પૂતળું કહેવામાં આવે તો તેમાં કશી જ અતિશયોક્તિ નથી. જેનો જેવો ભાવ, તેવું તેનું જીવન. આ બાબતને એક સર્વસ્વીકૃતિ આપી શકાશે.

**ચક્રપ્રવેશની સમસ્યા :**

આપણે આ બાબતને એક ઘટનાના સંદર્ભમાં તપાસીએ. ભરતના મનમાં અધિકારનો ભાવ જાગ્યો. અધિકાર અથવા લોભની ભાવનાએ તેના મનમાં સામ્રાજ્ય-વિસ્તારની વૃત્તિ પેદા કરી. બાહુબલીના મનમાં અહંકારભાવ પ્રબળ બન્યો. તેણે ભાઈના આધીનતા-પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો. ભરત અને બાહુબલીનું યુદ્ધ ઇતિહાસની એક મહાન ઘટના છે.

સેનાપતિ સુષેણ ચક્રવર્તી ભરતની સેવામાં હાજર થયો. તેણે કહ્યું, "મહારાજ ! ચક્ર આયુધશાળામાં પ્રવેશ કરતું નથી."

ચક્રવર્તી ભરતે કહ્યું, "મેં સૌને જીતી લીધા, હવે કોઈ બાકી નથી. પછી ચક્ર કેમ અંદર પ્રવેશતું નથી ? આપણે રાજ્યાભિષેકનો ઉત્સવ ઉજવ્યો, તોય ચક્ર કેમ પ્રવેશતું નથી ?"

"મહારાજ ! (ચક્ર) પ્રવેશતું નથી જ !"

"કહો, કોણ બાકી છે ?"

સુષેણ મૌન થઈ ગયો.

"મૌન કેમ થઈ ગયા ? કહો, ચક્ર નહિ પ્રવેશવાનું કારણ શું છે ?"

"મહારાજ, હું શું કહું ?"

તેણે વિચાર્યું, બોલું તો ય મુસીબત, ના બોલું તોય મુસીબત. માનવી ક્યારેક ક્યારેક આવી બેતરફી સમસ્યામાં ફસાઈ જાય છે.

"તમારે કારણ કહેવું જ પડશે."

"મહારાજ ! હું જે કહીશ તે તમને પ્રિય નહિ લાગે. તેથી હું મૌન રહું એ જ સારું છે."

"નહીં, તમે જે કહેવા માગો છો, તે કહો."

સુષેણ હજી મૌન જ રહ્યો. તેણે વિચાર્યું, હું બે ભાઈઓની વચ્ચે કેમ ફસાઉં ? તેમનું શું જશે ? તેમની લડાઈમાં બિચારા સૈનિકો ત્રાસ પામશે. મૌન રહેવું જ ઠીક છે.

ચક્રવર્તીએ ખૂબ આગ્રહ કર્યો. અંતે સુષેણે કહેવું જ પડ્યું, "મહારાજ! આપે સૌને જીતી લીધા, પણ આપના ભાઈ બાહુબલી હજી અવિજેય છે. તેમને કોઈ જીતી શકતું નથી. તે આપનું શાસન સ્વીકારવા તૈયાર નથી અને તેથી જ ચક્ર આયુધશાળામાં પ્રવેશવા તૈયાર નથી. આ જ સમસ્યા છે અને આ જ કારણ છે."

આ સાંભળીને ચક્રવર્તીનું માથું ધૂણ્યું.

**સંબંધ : એક ચિત્ર :**

ભરત અને બાહુબલી વચ્ચે પરસ્પરને અગાધ સ્નેહ હતો. તેમના સ્નેહને કોઈ સીમા નહોતી. બન્ને જણા બાળપણથી જ સાથે રહ્યા, સાથે રમ્યા, અનેક ક્રિડાઓ કરી. બાહુબલીએ ભરતની સાથેના પોતાના સંબંધોનુંખૂબ સરસ વર્ણન કર્યું છે, "એક દિવસ એવો હતો જ્યારે હું એક ક્ષણ પણ ભાઈ વગર રહેતો નહોતો. આજે પિતાએ મને સ્વતંત્ર બનાવી દીધો. હવે ક્યાં ભાઈ રહ્યો અને ક્યાં હું રહ્યો ! છતાં એક પણ દિવસ એવો નથી જતો, જે દિવસે મને ભાઈની યાદ ન આવી હોય !

જ્યારે અધિકારનો ભાવ પ્રબળ બને છે, અહંકારનો ભાવ પ્રબળ બને છે, ત્યારે સંબંધ સ્થૂળ થઈ જાય છે, ગૌણ બની રહે છે. પોતાના ભાવોની સામે બીજું કોઈ વ્યક્તિત્વ ટકતું નથી. અધિકારભાવ પ્રબળ બનતાં જ સંબંધની

ચેતના સૂઈ ગઈ. ભરતે બાહુબલીને પોતાને અધીન બનાવવાનો નિર્ધાર કરી લીધો. તેણે દૂતને બોલાવીને કહ્યું, 'તમે તક્ષશિલા જઈને બાહુબલીને મારો સંદેશ પહોંચાડો."

ભરતનો સંદેશ લઈને દૂત તક્ષશિલાની રાજધાની બહલી પ્રદેશમાં પહોંચ્યો. તે બાહુબલી સમક્ષ ઉપસ્થિત થયો. પોતાનો પરિચય આપતાં તેણે કહ્યું, "હું અયોધ્યાથી આવું છું. ચક્રવર્તી ભરતે મને મોકલ્યો છે. હું આપને માટે તેમનો સંદેશો લાવ્યો છું."

બાહુબલીએ દૂતને પૂછ્યું, "કહો, મારો ભાઈ ભરત કેમ છે ? કુશળ તો છે ને ! કાંઈ મુશ્કેલી તો નથી ને ? તમને કેમ મોકલ્યા છે ? કોઈ શત્રુએ આક્રમણ તો નથી કર્યુ ને ? જો મુસીબત આવી હોય તો હું અત્યારે જ આવવા તૈયાર છું."

**સંબંધ : બીજું ચિત્ર :**

આ સાંભળીને દૂત મનોમન હસી રહ્યો. તેણે કહ્યું, "મહારાજ ! ત્યાં વળી શી મુશ્કેલી હોઈ શકે ? ભરત તો સૌને જીતનાર ચક્રવર્તી સમ્રાટ છે. ભરતનો જે રાજ્યાભિષેક ઉત્સવ ઉજવાયો તેમાં તમામ રાજાઓ પધાર્યા હતા, પણ આપ જ નહોતા.!"

બાહુબલીએ કહ્યું, "મને બોલાવવા માગે છે ?"

દૂત બોલ્યો, "ભરત ચક્રવર્તી છે. તમારે તેમની પાસે જવું જોઈએ. તેઓ આપના મોટાભાઈ છે. તેમનું શાસન તમારે સ્વીકારવું જોઈએ."

દૂતના આવા વાક્યથી વાતાવરણ બદલાઈ ગયું. ભરતનો આ સંદેશ, 'બાહુબલી આવે અને મારું શાસન સ્વીકારે'- સાંભળતાં જ બાહુબલીના ચહેરાનો રંગ બદલાઈ ગયો. બાહુબલી અહંકાર અને ગુસ્સાથી ધમધમી ઊઠ્યા. તેમણે કહ્યું, "બાહુબલી કોના શાસનનો સ્વીકાર કરે ? શાસન તો માત્ર ઋષભનું હોઈ શકે, બીજા કોઈનું નહિ ! ભરત મારો મોટો ભાઈ છે. હું તેનો નાનો ભાઈ છું. તેનાથી આગળ કોઈ જ વાત નથી. અમારી વચ્ચે ભાઈ-ભાઈનો સંબંધ છે, શાસક અને શાસિતનો સંબંધ કદીય શક્ય નથી.

**પ્રથમ સંબંધ ભાવોથી છે :**

ખૂબ લાંબો સંવાદ ચાલ્યો. દૂતે કેટલીક વાતો મીઠું-મરચું ભભરાવીને કહી તેથી બાહુબલીનો અહંકાર ઘવાયો. અહંકારનો નાગ ફૂંફાડા મારી રહ્યો. બાહુબલીએ ભરતની આજ્ઞાનો અસ્વીકાર કરીને કહ્યું, "જાઓ, ભરતને કહી દો. બાહુબલી તમારું શાસન નહિ સ્વીકારે. કાં તો ચૂપ રહો કાં તો યુદ્ધભૂમિમાં આપણો મેળાપ થશે. યુદ્ધનું નિમંત્રણ પાઠવી દીધું. બાહુબલી પોતાની સેનાની સાથે યુદ્ધ માટે નીકળી પડ્યા. બન્ને ભાઈ યુદ્ધભૂમિમાં સામસામે આવી ગયા. યુદ્ધનું રણશિંગુ ફુંકાયું.

આદિમ યુગના પ્રથમ યુદ્ધનો પ્રારંભ થયો, અને તે બે ભાઈઓની વચ્ચે લડાયું ! એ સત્યને સમર્થન મળ્યું કે, ભાઈ-ભાઈનો સંબંધ બે નંબરનું સત્ય છે. વ્યક્તિનો પ્રથમ સંબંધ ભાવો સાથે છે. એક તરફ અધિકાર ભાવે ભાઈના સંબંધને ગૌણ બનાવ્યો તો બીજી તરફ અધિકારભાવ ભાઈ-ભાઈના સંબંધ ઉપર સવાર થઈ ગયો.

**દેવવાણી : નવો પ્રસ્તાવ :**

કહેવાય છે, ખૂબ ભીષણ સંગ્રામ ખેલાયો. યુદ્ધ કરતાં કરતાં બાર વરસ વીતી ગયાં. કોઈ પરિણામ ન આવ્યું. સમગ્ર વિશ્વ આ સમસ્યાથી આક્રાંત થઈ ઊઠ્યું. અનુશ્રુતિ (લોકવાયકા) છે કે, ત્યારે દેવવાણી થઈ. શક્ય છે કે, તે સમયે દેવવાણી આત્માની વાણી જ હશે. તે કાળમાં દેવવાણીઓ ખૂબ બચાવી લેતી હતી. દેવવાણીમાં કહેવાયું હતું કે, 'તમે કેમ લડો છો ? તમે બન્ને ભાઈ છો. ઋષભના પુત્રો છો. પરસ્પર સાથે લડવું ઉચિત નથી. યુદ્ધ બંધ થવું જોઈએ.'

ભરત અને બાહુબલી બન્નેએ કહ્યું, "યુદ્ધ બંધ નહિ થાય." ફરીથી દેવવાણી થઈ. 'અમારી પ્રથમ શરત છે કે યુદ્ધ બંધ થાય. જો આ પ્રસ્તાવ માન્ય ના હોય તો અમારી બીજી શરત એ છે કે બન્ને સેનાઓ વચ્ચેનું યુદ્ધ બંધ થાય. આપ બે ભાઈઓ વચ્ચેની લડાઈ છે, તો બીજાઓને વચ્ચે શા માટે મારવામાં આવે ? ભરત બાહુબલીને ઝુકાવવા ઝંખે છે, અને બાહુબલી ઝૂકવા નથી માગતો. સંઘર્ષનું મૂળ બિન્દુ તે છે. અને તે તમારી - બન્ને ભાઈઓની - સાથે જોડાયેલું છે. તેથી તમે સેનાને યુદ્ધભૂમિમાંથી હટાવી લો અને બંને ભાઈ પરસ્પર સાથે લડો. જે જીતશે તે શાસક બની જશે.

આ તર્ક બન્ને ભાઈઓએ સ્વીકાર્યો. સમગ્ર સેના એક તરફ ખસી ગઈ.

યુદ્ધભૂમિમાં માત્ર બે ભાઈઓ જ સામસામે ઊભા હતા.

**યુદ્ધમંચ-રંગમંચ :**

આજનું યુદ્ધ કંઈક બીજા જ પ્રકારનું હોય છે. પહેલાંના સમયમાં યુદ્ધ માત્ર સૈનિકો વચ્ચે જ થતું, અને તેમાં માત્ર સૈનિકો જ મરતા હતા. પરંતુ આજે યુદ્ધ માત્ર સૈનિકો વચ્ચે જ નથી લડાતું. આજના યુદ્ધમાં હજારો નિર્દોષ નાગરિકો મરાય છે. આજે યુદ્ધનું કોઈ નિશ્ચિત સ્થળ નથી. સમગ્ર દેશ યુદ્ધ-સ્થળ- રણભૂમિ-બની જાય છે. તેમાં માત્ર એક દેશ નહિ, સમગ્ર વિશ્વ અસર પામે છે. એક અણુબોમ્બ કોઈ જગાએ ફોડવામાં આવે છે, પરંતુ તેનાં વિકિરણ, અણુ સમગ્ર દેશમાં પ્રસરી જાય છે. આજે યુદ્ધની શિસ્ત ખતમ થઈ ગઈ છે. યુદ્ધની મર્યાદાઓ રહી નથી. યુદ્ધનો કોઈ ધર્મ નથી રહ્યો, આચારસંહિતા નથી રહી. તે ક્રૂરતાપૂર્ણ કાર્ય બની ગયું. ઘાતકી અને

અમાનવીય કૃત્ય બની ગયું.

પ્રાચીન કાળમાં યુદ્ધની સીમા સ્વીકારાઈ હતી. ઘોષણા થઈ, 'કોઈ સૈનિક નહિ લડે. દરેક સૈનિક પોતાનાં શસ્ત્રો ધરતી ઉપર મૂકી દે' આ ઘોષણા પછી સૈનિકોએ શસ્ત્રો મૂકી દીધાં. યુદ્ધભૂમિ જાણે રંગભૂમિમાં બદલાઈ ગઈ. સૌ પ્રેક્ષકો બની ગયા. હિંસક યુદ્ધનું પ્રસ્થાન અહિંસક યુદ્ધની દિશામાં થઈ ગયું.

**દૃષ્ટિયુદ્ધ :**

ચાર પ્રકારના યુદ્ધની ઘોષણા થઈ : દષ્ટિયુદ્ધ, શબ્દયુદ્ધ, મુષ્ઠિયુદ્ધ અને દંડયુદ્ધ.

સૌ સૈનિકો આ ઘોષણા સાંભળીને ઊછળી પડ્યા. તેમણે વિચાર્યું, "જેમણે લડવું છે તે લડે. આપણે શી લેવાદેવા ? આપણને યુદ્ધથી કોઈ મતલબ નથી. બાહુબલી જીતે તો પણ આપણને કાંઈ મળવાનું નથી અને ભરત જીતશે તો પણ આપણને કાંઈ મળવાનું નથી. આપણે સૈનિક છીએ અને સૈનિક જ રહીશું. જો કાંઈ મળશે તો તે બાહુબલીને અથવા ભરતને મળશે. જેમણે કાંઈ મેળવવાનું હોય તેમણે લડવાનું હોય. આપણે તો બન્ને ભાઈઓનું યુદ્ધ જોઈશું. તેમનાં પરાક્રમ જોઈશું. તેમના યુદ્ધના સાથી-દષ્ટા બનીશું.

ભરત અને બાહુબલીની વચ્ચે પહેલું યુદ્ધ - દષ્ટિયુદ્ધ શરૂ થયું. એટલું નિશ્ચિત હતું કે આંખને જે પહેલાં ઝપકાવશે (પાંપણ પટપટાવશે) તે હારી જશે, અને જે આંખને પહેલાં નહિ પટપટાવે તે જીતી જશે. ભરતે પોતાની તીવ્ર દષ્ટિ બાહુબલી ઉપર નાખી. બાહુબલીએ ભરત ઉપર પોતાની તીવ્ર દષ્ટિનો પ્રક્ષેપ કર્યો. બન્ને જણા તીવ્ર દષ્ટિથી અપલક નજરે પરસ્પરને તાકતા રહ્યા. કલાકો વીત્યા... પ્રહર વીત્યા. કોઈની પણ પાંપણ પટપટી નહિ. જાણે કે ત્રાટક રચાઈ ગયું ! થોડા પ્રહર પછી ભરતની આંખો થાકી ગઈ. ભરતની આંખો ઝૂકી ગઈ. તે યુગમાં પણ કોઈ રેફરી- નિર્ણાયક તો હશે જ. તેણે જાહેર કર્યું કે, ભરતની આંખો પહલાં બંધ થઈ. ભરત પરાજિત થઈ ગયો. બાહુબલી વિજેતા બન્યો.

**શબ્દયુદ્ધ - મુષ્ઠિયુદ્ધ :**

પોતાના પરાજયથી ભરત લજ્જિત અને ક્ષોભગ્રસ્ત બન્યો. તેણે વિચાર્યું કે શબ્દયુદ્ધ જીતીને આ પરાજયનો બદલો લઈશ. હવે શબ્દયુદ્ધનો વારો હતો. ભરતે ભયંકર સિંહનાદ કર્યો. આકાશ-પાતાળ જાણે એક થઈ ગયાં ! સમુદ્રમાં ભરતી-ઓટ આવી ગયાં ! પરિસ્થિતિ વિકરાળ બની ગઈ. સમગ્ર વિશ્વ ધણધણી ઊઠ્યું ! લોકો ભયભીત થઈ ઊઠ્યા. પરંતુ જેવો બાહુબલીએ સિંહનાદ કર્યો કે તરત ભરતનો સ્વર દબાઈ ગયો - મંદ બની રહ્યો. ભરત આ વખતે પણ પરાજિત જ થયા.

ત્રીજા પ્રકારનું યુદ્ધ- મુષ્ઠિયુદ્ધ શરૂ થયું. ભરતે પહેલ કરી. તેણે

બાહુબલીની છાતીમાં જોરથી મુક્કો માર્યો. બાહુબલી ચીસ પાડી ઊઠ્યો. પીડાથી વ્યાકુળ થયા. પણ તરત જ સ્વસ્થ થઈ ગયો. હવે બાહુબલીએ મુક્કો મારવા માટે પોતાનો હાથ ઊંચો કર્યો. ભરત ઉપર તીવ્ર પ્રહાર કર્યો. ભરત બાહુબલીનો પ્રહાર સહન કરી ના શક્યો. જમીન ઉપર પડી ગયો. બેહોશ થઈ ગયો. ભરતને ફરીથી પરાજય જ મળ્યો.

**ભરતની વ્યથા :**

ભરતનું મન વ્યથાગ્રસ્ત થઈ ઊઠ્યું. તેણે વિચાર્યું, "મેં વળી કેમ આ મુસીબત વહોરી લીધી ! હું મારા ઘરમાં આરામથી રહેતો હતો. ખૂબ મોટું રાજ્ય મને મળ્યું હતું. નાના ભાઈ સાથે હું ના લડ્યો હોત તો શું થાત ? ચક્ર આયુધશાળામાં ના પ્રવેશ્યું હોત એટલું જ ને ? બહાર રહી જાત તો એથી મને શી મુસીબત નડવાની હતી ? મેં શા માટે આ માથાનો દુઃખાવો વહોર્યો ? બાળપણમાં ય બાહુબલી કેવો બળવાન હતો ! મને યાદ છે, બાળપણમાં એક વખત બાહુબલીએ મને દડાની જેમ આકાશમાં ઉછાળ્યો હતો. જ્યારે હું આકાશ તરફથી પાછો નીચે પડવા લાગ્યો ત્યારે મારા પિતા ઋષભે કહ્યું, "અરે, આ શું કરે છે ? આ તારો મોટો ભાઈ છે." બાહુબલીએ પિતાની વાત માનીને મને તરત પોતાના હાથમાં ઝીલી લીધો હતો !

ભરતને બાળપણનાં સંસ્મરણ યાદ આવવા લાગ્યાં. એક દિવસ ભગવાન ઋષભે અમને ખાવા માટે શેરડી આપી. હું એકલો તે ખાવા લાગ્યો. બાહુબલીએ મારી પાસે શેરડી માગી. મેં ના પાડી. બાહુબલીએ મારા હાથમાંથી બળપૂર્વક છીનવી લીધી. હું જોતો જ રહી ગયો. આવાં અનેક સંસ્મરણો ભરતની આંખોની સામે તરવા લાગ્યાં. પરંતુ હવે તેની પાસે યુદ્ધ સિવાય કોઈ જ વિકલ્પ નહોતો.

**દંડયુદ્ધ :**

યુદ્ધનો ચોથો વિકલ્પ દંડયુદ્ધ હતો. ભરતે પોતાનો દંડ ઊંચક્યો. તે દંડમાંથી ચારે તરફ આગની જ્વાળાઓ લપકારા મારતી હતી. ભરતે તે દંડ વડે બાહુબલી ઉપર તીવ્ર પ્રહાર કર્યો. બાહુબલી ઢીંચણ સુધી જમીનમાં ઊતરી ગયો. આ પ્રહારથી બાહુબલીને ભરતની શક્તિનો અહેસાસ થયો. પછી તેણે પોતાની શક્તિનો પ્રયોગ કર્યો અને બહાર નીકળી આવ્યો. હવે બાહુબલીએ પોતાનો દંડ હાથમાં લીધો. તેને જોરથી ઘુમાવતાં ઘુમાવતાં ભરતના માથા પર તીવ્ર વેગથી ઘા ઝીંક્યો. ભરતનો મુગટ પડી ગયો. ચક્રવર્તીત્વનું ચિહ્ન ઊછળીને બહુ જ દૂર જઈ પડ્યું. ચક્રવર્તી ભરત કંઠ સુધી જમીનમાં ઊતરી ગયો. માત્ર 'કોઈ માણસ છે' એટલું દેખાતું હતું. તે પૂર્ણ સમાધિની સ્થિતિમાં ચાલ્યો ગયો.

ભરતને ચારે યુદ્ધોમાં પરાજિત જાહેર કરવામાં આવ્યો. બાહુબલી

વિજયી બન્યો. ભરત પોતાના પરાજયથી આકુળ-વ્યાકુળ થઈ ઊઠ્યો. તેણે વિચાર્યું, 'મારી આટલી મોટી સેના છે, ચૌદ રત્નો છે, મેં છ ખંડોને મારા બાહુબળથી જ જીત્યા છે, હવે હું આ પરાજય સહન કરી શકીશ નહિ'. તેણે સંકલ્પ કર્યો હતો કે શસ્ત્રનો પ્રયોગ નહિ કરું, પણ સમય આવ્યે સઘળા સંકલ્પ તૂટી જાય છે. તે ભાવાવેશથી ભરાઈ ગયો, સ્વસ્થ રહી શક્યો નહિ.

**ભરતનો ભાવાવેશ : શરતનું ઉલ્લંઘન :**

માણસનો સંકલ્પ ત્યાં સુધી જ ટકે છે, જ્યાં સુધી તેનો ભાવ સંતુલિત રહે છે. જ્યારે વ્યક્તિનો ભાવ અસંતુલિત બને છે ત્યારે સઘળી સીમાઓ, તમામ મર્યાદાઓ તૂટી જાય છે. ભાવાવેશમાં વ્યક્તિને કાંઈ જ ભાન રહેતું નથી. તે પોતાનું ભાન ભૂલી જાય છે. ભરતે હાથમાં સુદર્શન લીધું, ઘુમાવ્યું અને તેને બાહુબલીના શિરચ્છેદ માટે ફેંક્યું.

ચોતરફ કોલાહલ મચી ઊઠ્યો.

આકાશમાં રહેલા દેવતા અને ધરતી ઉપર ઊભેલા મનુષ્યો બોલી ઊઠ્યા, "આ અન્યાય છે, શરતનું ઉલ્લંઘન છે."

ચક્રવર્તી ભરતે તેમની વાતને સાંભળી-ના સાંભળી કરી દીધી.

સુદર્શન ચક્ર અત્યંત ભયંકર ચક્ર હોય છે. દુનિયામાં સૌથી વધુ શક્તિશાળી અસ્ત્ર-બ્રહ્માસ્ત્ર કહેવાય છે. સુદર્શન ચક્ર તેના કરતાંય અધિક શક્તિશાળી હતું. તે આગની જ્વાળાઓ ઓકતું હતું. તે જોઈને સહુ ગભરાઈ ગયા. વિચાર્યું, હવે બાહુબલી ખતમ થઈ જશે. બાહુબલી અડોલ અને અપ્રકંપ ઊભો હતો. તેનું આત્મબળ-મનોબળ અજેય હતું. તેણે કહ્યું, મારી મુઠ્ઠીના એક જ પ્રહારથી આ ચક્રના ચૂરેચૂરા થઈ જશે !

ચક્ર બાહુબલીની પાસે પહોંચ્યું. પરંતુ તેણે તો બાહુબલીને મારવાને બદલે તેની પ્રદક્ષિણા કરવાની શરૂ કરી દીધી ! ભરતે વિચાર્યું, આજે તો જાણે કે કોઈ ખરાબ દિવસ ઊગ્યો છે ! જે કાર્ય કરું છું તે અવળું જ પડે છે ! ભરત ગભરાઈ ગયા. ચક્ર બાહુબલી પાસે ચાલ્યું ગયું. હવે શું થશે ? ભરત આ ચિંતનથી ધ્રૂજી ઊઠ્યો. પરંતુ ચક્ર તો બાહુબલીની પ્રદક્ષિણા કરીને ભરતની પાસે પાછું આવી ગયું. ભરતે ચક્રને પાછું મેળવીને 'હાશ' અનુભવી.

**સંબોધન :**

ભરતના આ કૃત્યથી બાહુબલી અત્યંત આક્રોશથી ભરાઈ ગયા. તેમણે વિચાર્યું, શું આ ભાઈ છે ? આ ભાઈ નથી, દુશ્મન છે. જે સીમા અને મર્યાદાનો ભંગ કરે તેને તેનું ફળ મળવું જ જોઈએ. તેનો આવેશ પ્રબળ બની ગયો. તે બોલ્યો, હું હમણાં જ દોડીને જાઉં છું. ભરતના માથામાં પ્રહાર કરું છું. ભરત મને શું કરી શકશે ? બાહુબલી મુક્કો ખેંચીને ભાઈ ઉપર પ્રહાર કરવા માટે સજ્જ થઈ ગયો. બીજી વાતો કદાચ અશક્ય બને, પણ બાહુબલીનો

મુક્કો ખાલી ન જાય. કહેવાય છે કે, તે સમયે આકાશવાણી થયેલી, 'ભરત-બાહુબલી' મહાકાવ્યમાં તેનું બહુ જ સરસ વર્ણન કરવામાં અવ્યું છે.

*અયિ બાહુબલે ! કલહાય બલં, ભવતોઽભવદાયતિ ચારુ કિમુ ?*
*પ્રજિઘાંસુરસિ ત્વમપિ સ્વગુરું, યદિ તદ્દગુરુશાસનકૃત્ ક ઈહ ?*
*કલહં સમવેહિ હલાહલકં, યમિતા યમિનોપ્યયમા નિયમાત્ ।*
*ભવતી જગતી જગતીશસુતં, નયતે નરકં તદલં કલહૈઃ ॥*
*નૃપઃ ! સંહર સંહર કોપમિમં, તવ યેન પથા ચરિતશ્ચ પિતા ।*
*સર તાં સરણિં હિ પિતુઃ પદવીં, ન જહત્યનઘાસ્તનયાઃ ક્વચન્ ॥*
*ધરણી હરિણીનયના નયતે, વશતાં યદિ ભૂપ ! ભવન્તમલમ્ ।*
*વિધુરો વિધિરેષ તદા ભવિતા, ગુરુમાનનરૂપ ઈહાક્ષયતઃ ॥*
*તવ મુષ્ટિમિમાં સહતે ભુવિ કો, હરિહેતિમિવાધિકઘાતવતીમ્ ।*
*ભરતાચરિતં ચરિતં મનસા, સ્મર મા સ્મર કેલિમિવ શ્રમણઃ ॥*
*અયિ ! સાધય સાધય સાધુપદં, ભજ શાન્તરસં તરસા સરસમ્ ।*
*ઋષભધ્વજવંશનભસ્તરણે ! તરણાય મનઃ કિલ ધાવતુ તે ॥*

હે બાહુબલી ! તારું બળ યુદ્ધ માટે પ્રયોજાઈ રહ્યું છે. શું ભવિષ્ય માટે આ શુભ ગણાશે ? જો તું પણ તારા મોટાભાઈ ભરતને મારવા ચાહીશ તો, આ સંસારમાં મોટાભાઈની આજ્ઞા માનનાર બીજું કોણ રહેશે ?

તું આ કલહને હળાહળ વિષ સમજ, જેનો આશ્રય લઈને સંયમી મુનિ નિશ્ચયથી અસંયમી થઈ જાય છે.આ પૂજ્ય પૃથ્વી રાજપુત્રને નરકમાં લઈ જાય છે. તેથી તેને માટે કરાતા આવા કલહથી આપણે શો મતલબ ?

રાજન્ ! તું તારા આ ક્રોધને શાંત કર, શાંત કર. જે માર્ગે તારા પિતા ઋષભ ચાલ્યા છે એ જ માર્ગે તું ચાલ. સુપુત્રો કદીય પિતાનો માર્ગ છોડતા નથી.

રાજન્ ! જો આ ભૂમિરૂપી સુંદરી તને વશમાં કરી લે છે તો મોટાઓને સન્માન આપવાની આ વિધિ મૂળથી જ (સંપૂર્ણ) વિધુર થઈ જશે.

ઈન્દ્રના વજ્રની જેમ પ્રચંડ પ્રહાર કરનારી તારી આ મુઠ્ઠીને સંસારમાં કોણ સહન કરી શકે તેમ છે ? તું ભરત દ્વારા આચરવામાં આવેલ ચરિત્રને મનથી પણ યાદ ના કર, જેમ કે શ્રમણ પૂર્વકૃત કામક્રિડા યાદ કરતો નથી.

રાજન્ ! તું મુનિપદની સાધના કર. સાધના કર. તું ત્વરિત રીતે જ સુંદર, શાંત રસનું આસેવન કર. હે ઋષભદેવના વંશરૂપી આકાશના સૂર્ય, તારું મન આત્મકલ્યાણ માટે અગ્રસર બનો !

**હું શું કરું ?**

બાહુબલીએ આ ધ્વનિ સાંભળ્યો, "તમે ક્રોધ ના કરો. તમે વિજયી છો. શક્તિશાળી છો. ઋષભના પુત્ર છો. તમે તમારા ભાઈ તરફ લક્ષ ના

આપો; તમારા પિતા તરફ જુઓ. તમે તમારા ભાઈના માર્ગનું અનુસરણ ના કરો. તમે તમારા પિતાના માર્ગનું અનુસરણ કરો. અમે માનીએ છીએ કે ભરતે જે કાંઈ કર્યું તે ઉચિત નથી કર્યું. તમે તે તરફ ધ્યાન નહિ આપતાં, શાંત રસનું પાન કરો. તમે તમારી આ મુઠ્ઠીને ખોલો, કલ્યાણના માર્ગ ઉપર પ્રસ્થાન કરો.

બાહુબલીએ વિચાર્યું, સાચી વાત કહેવામાં આવે છે. ભાઈ ઉપર મુક્કો ઉઠાવવો તે સારી વાત નથી. ભાઈને મારીશ તો એક કલંક લાગી જશે. ભવિષ્યમાં આપણું ઉદાહરણ આપીને કહેવાશે, ઋષભના પુત્રો આ રીતે લડ્યા હતા. બાહુબલીએ પોતાના મોટાભાઈને માર્યો હતો. એમાં મારું નહિ, ઋષભનું અપમાન થશે. હવે ભાઈને મારવો નથી. પણ જે મુક્કો ઊંચક્યો છે, તે નીચે જઈ નહિ શકે. હું શું કરું ?

એમ કહેવાય છે કે, જ્યારે દેવતાને ગુસ્સો આવે છે અને તે સામેની વ્યક્તિને મારવાની સ્થિતિમાં નથી હોતા ત્યારે, તે ક્યાંક દૂર એકાંતમાં જઈને લાતનો પ્રહાર કરે છે. સમગ્ર પૃથ્વીને કંપાવી મૂકે છે. તે આ રીતે પોતાના ગુસ્સાનું રેચન કરે છે. તેને શાંત કરે છે.

બાહુબલીનો મુક્કો અહંકાર સાથે ઊંચકાયો હતો, ભયંકર ક્રોધપૂર્વક ઊંચકાયો હતો. 'હું શું કરું ?' આ પ્રશ્નના ઊંડાણમાં ઊતરતાં જ બાહુબલીને સમાધાન મળી ગયું. ભરતને મારવા માટે ઊંચકેલો મુક્કો સ્વયં પોતાના માથા ઉપર પડ્યો. બાહુબલીએ તે મુઠ્ઠીથી પોતાનો કેશલોચ કરી લીધો !

**યુદ્ધથી અ-યુદ્ધ તરફ પ્રસ્થાન :**

ચક્રવર્તી ભરત આ દૃશ્ય જોઈને વિસ્મય-અભિભૂત થઈ ઊઠ્યો. તેણે વિચાર્યું, 'આ શું થઈ ગયું ? બાહુબલીએ પોતાના વિજયને પ્રદીપ્ત કરી દીધો ! જ્યાં ત્યાગ હોય છે ત્યાં વિજય હોય છે. સુખ અને શાંતિનું સામ્રાજ્ય વિસ્તરે છે. જો બાહુબલી ત્યાગ ના કરત તો, પ્રલય થઈ જાત. બેમાંથી એક જણે ત્યાગ કરવાનો જ હોય છે. બાહુબલીનો ત્યાગ અહંકારનું ઉદાત્તીકરણ છે, યુદ્ધથી અયુદ્ધ તરફનું પ્રસ્થાન વિજયને મહાવિજયમાં બદલવાનું પરાક્રમ છે.

ભરત અને બાહુબલીના ચરિત્રની આ સંક્ષિપ્ત ચર્ચા છે. તેના આદિ બિન્દુને બહુ સારું કહી શકાય તેમ નથી. ભાઈ-ભાઈ લડ્યા, એ વાતને શોભાસ્પદ કહી શકાય નહિ. પરંતુ આ ચરિત્રની જે પરિણતિ છે તે વાસ્તવમાં એક નિદર્શન છે. ભાવાવેશમાં ભાઈઓ લડે પણ ખરા, પણ તે કેવા સુધરી જાય છે, બદલાઈ જાય છે, તેનું ઉદાહરણ છે ભરત અને બાહુબલીનું જીવનચરિત્ર.

આ ચરિત્રનો સંદેશ છે : ત્યાગ દ્વારા જ સમસ્યાનું સમાધાન કરી શકાય છે. આ મહાન ચરિત્ર વ્યક્તિના અંતરમાં ત્યાગની ચેતના જગાડવામાં સક્ષમ બને, વિશ્વની સમસ્યાઓને સમાધાનનો નવો આયામ આપે એ જ અભીષ્ટ છે.

●

# ૪. નિર્વાણવાદના પ્રવક્તા :

## ભગવાન મહાવીર (૧)

**નિર્વાણની વ્યાખ્યા :**

દીપોત્સવનો દિવસ ભગવાન મહાવીરનો નિર્વાણદિન છે. ભગવાન મહાવીર નિર્વાણવાદી હતા. ગાંધર્વોએ તેમની સ્તુતિ આ શબ્દોમાં કરી, "નિવ્વાણવાદીણિહ ણાયપુત્તે"-જ્ઞાનપુત્ર મહાવીર નિર્માણવાદીઓમાં શ્રેષ્ઠ છે. પ્રશ્ન ઉદ્‌ભવે છે, નિર્વાણ શું છે ?

આત્માથી પરમાત્મા બનવું તેનું નામ નિર્વાણ છે. આ પણ એક પ્રશ્ન છે. મહાવીરને શ્રેષ્ઠ કેમ માન્યા ? ઈશ્વરવાદી દર્શનોના મત પ્રમાણે જે વ્યક્તિ સાધના દ્વારા આગળ વધે છે, તેનું નિર્વાણ નથી થતું. તે પરમાત્મા નથી બનતી. પરંતુ એ તો ઈશ્વરમાં વિલીન થઈ જાય છે. નદીનું પાણી વહ્યું અને એ સમુદ્ર બની ગયું. હવે તે નદીનું પાણી ન રહેતાં સમુદ્રનો જ એક હિસ્સો બની ગયું. મોક્ષમાં અસ્તિત્વ ઓગળી જાય છે. અદ્વૈત વેદાંત મુજબ વ્યક્તિ બ્રહ્મનો અંશ હતી, હવે તે બ્રહ્મમાં વિલીન થઈ ગઈ. આ વિલયનો સિદ્ધાંત છે. ઈશ્વરવાદીની દૃષ્ટિએ ઈશ્વરમાં વિલય અને અદ્વૈતવાદીની દૃષ્ટિએ બ્રહ્મમાં વિલય થાય છે. ભગવાન બુદ્ધ નિર્વાણવાદી છે. તેમને મન નિર્વાણ એટલે બુઝાઈ જવું. તેનો અર્થ છે - જે સંતતિ ચાલતી હતી તે સમાપ્ત થઈ ગઈ પરંતુ સંતતિની સમાપ્તિથી શું શેષ રહ્યું ? તેની કોઈ વ્યાખ્યા બૌદ્ધદર્શનમાં ઉપલબ્ધ

નથી. જન્મ-મરણનું જે ચક્ર હતું, તે પૂરું થયું, બુઝાઈ ગયું. સંતતિ સમાપ્ત થઈ ગઈ. આથી આગળ નિર્વાણની કોઈ જ વ્યાખ્યા મળતી નથી.

**'પરમાત્મા થવું'નો અર્થ :**

મહાવીરે નિર્વાણને સમ્યક્ ભાષા બક્ષી. નિર્વાણ એટલે આત્મામાંથી પરમાત્મા બનવું. નિર્વાણનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ છે. વ્યક્તિ પોતાના તે સ્વતંત્ર અસ્તિત્વમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શક્તિ અને અનંત આનંદનો અનુભવ કરે છે. 'પરમાત્મા થવું'નો અર્થ છે, સ્વતંત્ર સત્તા હોવી. સ્વયં ઈશ્વર બની જવું, ઈશ્વરમાં વિલીન થવું તે નહિ. નિર્વાણનો આવો સિદ્ધાંત કોઈપણ નિર્વાણવાદી દાર્શનિકે આપ્યો નથી. તેથી આમ કહેવું સાર્થક છે કે નિર્વાણવાદીઓમાં જ્ઞાતપુત્ર શ્રેષ્ઠ છે. નિર્વાણ બુઝાઈ જવાનું સૂત્ર નથી. અસ્તિત્વ નષ્ટ પામવાનું નામ નિર્વાણ નથી. નિર્વાણમાં વિલીન થવાનો તો પ્રશ્ન જ નથી. નિર્વાણ એટલે પોતાના સમગ્ર અસ્તિત્વને અભિવ્યક્ત કરી દેવું, પ્રગટ કરી દેવું, આત્માને પરમાત્મા બનાવી લેવો.

**ભક્તમાંથી ભગવાન બનવાનું દર્શન :**

આચાર્ય માનતુંગના ભક્તામર સ્તોત્રમાં નિર્વાણની આ જ વ્યાખ્યા મળે છે. તેમણે લખ્યું છે, "પ્રભુ, જે આપની ભક્તિ કરે છે, તે આપના સમાન બને છે, તેમાં વિસ્મય ક્યાં છે ? જો ભગવાન પોતાના ભક્તને પોતાના સમાન ન બનાવે, તો તે આશ્ચર્યની વાત છે. તે આરાધ્ય અને પરમાત્માથી આપણે શી લેવાદેવા, જે ભક્તને પોતાના સમાન ના બનાવે !

*નાત્યદ્ભુતં ભુવનભૂષણ ભૂતનાથ*
*ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવન્તમભિષ્ટુવન્તઃ ।*
*તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિં વા,*
*ભૂત્યાશ્રિતં ય ઇહ નાત્મસમં કરોતિ ॥*

ભગવાન મહાવીરને આ વાત ક્યારેય મંજૂર નહોતી- ભગવાન હમેશાં ભગવાન બની રહે અને ભક્ત હમેશાં ભક્ત જ બની રહે. મહાવીરે નિર્વાણનો જે સિદ્ધાંત આપ્યો તેનો અર્થ છે, ભક્ત ભગવાન બની શકે છે. આજે સવારે અમેરિકન વિદ્યાર્થીઓ સાથે ચર્ચા થઈ. આચાર્યવરે કહ્યું, અમે ભક્તને હમેશાં ભક્ત બનાવી રાખવાનું પસંદ કરતા નથી. અમે નથી ઇચ્છતા કે એક હાથ હમેશાં આપનારો હોય અને એક હાથ સદાય લેનારો જ હોય ! અમે તો ઇચ્છીએ છીએ કે બન્ને હાથ ઉપર ઊઠે... ભક્ત ભગવાન બને...! ભક્તમાંથી ભગવાન બનાવવાના સિદ્ધાંતનું નામ છે નિર્વાણવાદ.

**ઈશ્વરનું સરનામું :**

આત્મવાદ અને નિર્વાણવાદ બન્ને એક છે, બે નથી. નિર્વાણવાદનો અર્થ છે આત્માને જાણવો. આત્માને જોવો અને આત્મામાં રહેવું. એક આચાર્યે

લખ્યું, આત્માને જાણવો એ છે સમ્યક્જ્ઞાન, આત્માને જોવો એ છે કે સમ્યક્ દર્શન. આત્મામાં મગ્ન રહેવાનો અર્થ છે સમ્યક્ ચારિત્ર અને આ યોગ છે.

સ્વામી વિવેકાનંદને એક વ્યક્તિએ વિનંતી કરી, "આપ મને ઈશ્વર બતાવો." વિવેકાનંદે કહ્યું, "ઠીક છે, હું તમારી પ્રાર્થના તેમના સુધી પહોંચાડીશ. તમારું સરનામું મને આપો." તે વ્યક્તિએ પોતાનું સરનામું લખી આપ્યું. વિવેકાનંદે પૂછ્યું, "શું આ તમારું પોતાનું સરનામું છે ?" તે વ્યક્તિ આ પ્રશ્નથી ગભરાઈ ગઈ. તેણે કહ્યું, "મહારાજ, મને તેની ખબર નથી." વિવેકાનંદ બોલ્યા, જે વ્યક્તિને પોતાના સરનામાની ખબર ના હોય તેને ઈશ્વર કદીય મળતો નથી. તમે પહેલાં પોતાને જાણો અને પછી ઈશ્વરને મળવાની વાત કરો !"

**નિરવરોધ થવું તે નિર્વાણ છે :**

જે વ્યક્તિને પોતાની ખબર છે, તેને ઈશ્વર સ્વયમેવ મળશે. તેણે ક્યાંય જવાની જરૂર નથી. મહાવીરે આ વાત ઉપર સર્વાધિક ભાર મૂક્યો, "પોતાના આત્માને જુઓ. પોતાના આત્માને જાણો અને પોતાના આત્મામાં રહો. એ જ નિર્વાણ છે. નિર્વાણવાદ માત્ર અલૌકિક કથા નથી, તે ખૂબ ઊંડો સિદ્ધાંત છે, વ્યવહારિક સિદ્ધાંત છે."

કેશી-ગૌતમના સંવાદમાં નિર્વાણનું મહત્ત્વનું સૂત્ર મળે છે :

*નિવ્વાણં તિ અબાહં તિ, સિદ્ધિ લોગગ્ગમેવ ય ।*
*ખેમં સિવં અણાબાહં, તં ચરંતિ મહેસિણો ॥*

નિર્વાણનો એક અર્થ છે કોઈ પણ અવરોધ ન હોવો. પ્રત્યેક માણસ અવરોધપૂર્ણ જીવન જીવે છે. અવરોધો, વિઘ્નોને પાર કરી જવાં, તેમના ઉપર વિજય મેળવવો એટલે નિર્વાણ. માણસ અવરોધો-વિઘ્નોને દૂર કરવા માટે વિનાયકની પૂજા કરે છે, તે પ્રાર્થના કરે છે, 'હે વિનાયક ! વિઘ્નોને દૂર કરી દો !' કોણ જાણે, વિનાયકની કેટકેટલી મૂર્તિઓ બની છે અને તે કેટકેટલાં ઘરમાં પ્રતિષ્ઠિત છે ! તેનું કારણ એ છે કે, માનવી અવરોધોને સહન કરવા નથી માગતો. તેને દૂર કરવાનું ઇચ્છે છે. નિર્વાણનો અર્થ છે નિરવરોધ બની જવું. જો આપણે આત્માની પવિત્રતા દ્વારા આવી સ્થિતિનું નિર્માણ કરી શકીએ, આવા વાતાવરણનું નિર્માણ કરી શકીએ - જ્યાં કોઈ અવરોધ-અડચણ ના હોય, તો ત્યાં નિર્વાણની વાત સંભવિત બને છે.

**અવ્યાબાધ સુખ :**

નિર્વાણનો એક અર્થ છે, અવ્યાબાધ સુખ. આપણાં જ્ઞાન, આનંદ, શક્તિ અને સુખ અવ્યાબાધ બની જાય. આપણે સમગ્ર સમાજ કે માનવજાતિનું વિશ્લેષણ કરીએ, આ-લોક અને પરલોકનું વિશ્લેષણ કરીએ, દેવતાઓ અને નારકી જીવોના જીવનનું વિશ્લેષણ કરીએ તો ખબર પડશે કે, અવ્યાબાધ સુખ

ક્યાંય નથી ! એમ મનાય છે કે દેવતાઓ સદા સુખી હોય છે અને નારકી જીવો સદા દુઃખ ભોગવે છે, જ્યારે માનવી ક્યારેક સુખ તો ક્યારેક દુઃખ ભોગવે છે. આ એક સામાન્ય કલ્પના છે. શું દેવતાઓનું સુખ અવ્યાબાધ છે ? તેમનું સુખ પણ અવ્યાબાધ નથી. તેમને શારીરિક તેમજ માનસિક દુઃખો પણ આવે છે. દેવતાઓમાં લૂંટફાટ પણ હોય છે. તેઓ એકબીજાની સંપત્તિ ચોરે પણ છે. તેમની વચ્ચે સંઘર્ષો ચાલે છે. આપણે નાના દેવોની વાત છોડીએ, સૌધર્મેન્દ્ર અને એશાનેન્દ્ર જેવા દેવતાઓમાં પણ સીમાવિવાદ ચાલે છે. તેના ઉકેલ માટે ત્રીજા લોકના ઈન્દ્ર આવે છે. તે બન્નેના લવાદ બને છે. તે આદેશ આપે છે, "લડો નહિ. યુદ્ધ બંધ કરો. હું સીમા નક્કી કરું છું." આ દેવતાઓની સ્થિતિ છે !

**સુખના ત્રણ પ્રકાર :**

અવ્યાબાધ સુખ છે ક્યાં ? જ્યાં પદાર્થ છે, મમત્વ છે, મૂર્ચ્છા છે ત્યાં અવ્યાબાધ સુખ હોઈ નથી શકતું. તત્ત્વાર્થભાષ્યમાં સુખનું ખૂબ સરસ વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં ત્રણ પ્રકારનાં સુખ સ્વીકારાયાં છે-

સ્થૂળ પદાર્થ સાપેક્ષ સુખ.

સૂક્ષ્મ પદાર્થ સાપેક્ષ સુખ

પદાર્થ નિરપેક્ષ સુખ.

રોટલીની જરૂર પડી. રોટલી મળી અને સુખ થઈ ગયું. પાણીની અપેક્ષા હતી, પાણી મળ્યું અને સુખ થઈ ગયું. આ સ્થૂળ પદાર્થ સાપેક્ષ સુખ છે.

સૂક્ષ્મ પદાર્થ સુખમાં સ્થૂળ પદાર્થની જરૂર હોતી નથી. સૂક્ષ્મ પુદ્ગલ મળે અને સુખ પેદા થઈ જાય. આવું સુખ ઈર્યાપથિકી ક્રિયામાં હોય છે, દેવતાઓને હોય છે. ત્યાં સ્થૂળ પદાર્થનો ભોગ નથી હોતો. કેવળ સૂક્ષ્મ પદાર્થ સૂક્ષ્મ પુદ્ગલોનો સ્વીકાર થાય છે અને તૃપ્તિ મળી જાય છે. ઉચ્ચ કોટિના દેવતાઓને જ્યારે કામચેતના જાગે છે, ત્યારે તે પદાર્થનો ભોગ નથી કરતા. તેમને સંકલ્પ કરવાથી જ સંતોષ મળી જાય છે. આ સુખને સૂક્ષ્મ પદાર્થ સાપેક્ષ સુખ કહેવાય છે.

સ્થૂળ પદાર્થ સાપેક્ષ સુખ અને સૂક્ષ્મ પદાર્થ સાપેક્ષ સુખ આ બન્ને પદાર્થ સાપેક્ષ છે, પદાર્થ પ્રતિબદ્ધ સુખ છે. પદાર્થ નિરપેક્ષ સુખ માત્ર આત્માથી મળનારું સુખ છે. અવ્યાબાધ સુખ એ જ હોઈ શકે છે જે માત્ર આત્મા દ્વારા ઉપજે છે. જે સુખમાં કોઈ અવરોધ-અડચણ પહોંચાડી નથી શકતું. જેમાં ના કોઈ પદાર્થની જરૂર હોય છે, કે ના તો સૂક્ષ્મ પુદ્ગલ બાબતોની જરૂર હોય છે. તે આત્મિક સુખ છે. અવ્યાબાધ સુખ છે. પદાર્થ નિરપેક્ષ સુખ છે.

**મહાવીર : નિર્વાણના પ્રવક્તા :**

ભગવાન મહાવીરે નિર્વાણના સિદ્ધાંતને વ્યાપકરૂપે વ્યક્ત કર્યો. નિર્વાણનું એક સ્વરૂપ છે સિદ્ધિ. નિર્વાણનો અર્થ છે સઘળી સિદ્ધિઓની પ્રાપ્તિ. વ્યક્તિને લોકાગ્રમાં એવું સ્થાન મળે છે કે, જ્યાં પ્રદૂષણ નથી હોતું. પર્યાવરણની સમસ્યા નથી હોતી. કોઈ ઉપદ્રવ અને કોઈ અકલ્યાણ નથી હોતાં. નિર્વાણ પામનાર વ્યક્તિ તે સ્થાને પહોંચે છે જ્યાં ના દુષ્કાળ છે, ના ઠંડી છે, ના ગરમી છે ! તે શરીર અને મન-રહિત હોય છે તેથી તેને શારીરિક-માનસિક કષ્ટ પણ નથી હોતાં. સદૈવ ક્ષેમકુશળ, કલ્યાણ વગેરેથી ઓતપ્રોત હોય છે-નિર્વાણ.

મહાવીરના દર્શનમાં નિર્વાણવાદનું જે સ્વરૂપ મળે છે, જે વિશદ્ વ્યાખ્યા મળે છે તે અન્યત્ર ક્યાંય નથી. આજે સર્વાધિક મહત્ત્વ આ વાત ઉપર અપાય છે કે કહેણી-કરણી બરાબર હોવી જોઈએ. નિર્વાણનો અર્થ છે, કહેણી-કરણી એક જ હોવી. યથાખ્યાત ચારિત્ર નિર્વાણની એક અવસ્થા છે. આ સઘળા સંદર્ભોના આધારે કહી શકાય કે, નિર્વાણવાદના પ્રબળ પ્રવક્તા ભગવાન મહાવીર છે. નિર્વાણનો સિદ્ધાંત આપીને, તેમણે આપણા વર્તમાન જીવનને ઋણી બનાવ્યું છે, ભાવિ જીવનને પણ ઋણી બનાવ્યું છે. તેમને કરેલાં વંદન નિર્વાણવાદના મહાન પ્રવક્તાને વંદન કર્યાં ગણાશે.

●

## નિર્વાણવાદના પ્રવક્તા : ૧.

# ભગવાન મહાવીર (૨)

**-પ્રવૃત્તિનો દીપક**
**નિવૃત્તિના તેલથી બળે,**
**પ્રકાશ પ્રસરે,**
**ધૂમાડો ના નીકળે.**

**પ્રવૃત્તિથી સમસ્યા :**

નિર્વાણવાદી દર્શન કે નિર્વાણવાદી જીવનશૈલીનું મુખ્ય સૂત્ર છે નિવૃત્તિ. પ્રશ્ન થયો કે, તો પછી જીવન કેવી રીતે ચાલે ? કહેવામાં આવ્યું કે, પ્રવૃત્તિથી. પરંતુ પ્રવૃત્તિ નિવૃત્તિ સાથે જોડાયેલી હોવી જોઈએ. કાં તો માત્ર નિવૃત્તિનું જીવન હોવું જોઈએ, અથવા જો પ્રવૃત્તિનું જીવન હોય તો તેની પશ્ચાદ્‌ભૂમાં નિવૃત્તિનું સૂત્ર હોવું જોઈએ. નિર્વાણવાદી જીવનશૈલીનું અર્થઘટન છે : નિવૃત્તિશૂન્ય કોઈ પણ પ્રવૃત્તિ ન હોય. માત્ર પ્રવૃત્તિ આજે સમસ્યા બની છે. જે પ્રવૃત્તિની પશ્ચાદ્‌ભૂમાં નિવૃત્તિ નથી, સંયમ નથી, તે પ્રવૃત્તિએ એક તરફ અણુબોમ્બ બનાવ્યો છે, બીજી તરફ અમીરો બનાવ્યા છે. ત્રીજી તરફ નિરંકુશ શાસકો બનાવ્યા છે. માત્ર પ્રવૃત્તિથી આ બધી સમસ્યાઓ પેદા થઈ છે.

**વિકાસની વ્યાખ્યા :**

પ્રવૃત્તિનો નિરોધ શક્ય નથી. જ્યાં જીવન હશે ત્યાં પ્રવૃત્તિ હશે જ. પ્રવૃત્તિને છોડી દઈ શકાતી નથી. મહાવીરે નિર્વાણનું જે દર્શન આપ્યું, તેનો

નિષ્કર્ષ છે : પ્રવૃત્તિ ભલે હોય, પણ તેની પશ્ચાદ્‌ભૂમાં નિવૃત્તિ હોવી જોઈએ. નિવૃત્તિની દીવેટ પર પ્રવૃત્તિનો દીપક બળે અને તે નિવૃત્તિના તેલથી બળે. આવી સ્થિતિમાં પ્રવૃત્તિ સંહારક નહિ હોય, નિરંકુશ નહિ હોય, સમાજમાં અવ્યવસ્થા ફેલાવનાર નહિ હોય. હર્બર્ટ સ્પેન્સરે વિકાસની એક વ્યાખ્યા આપી. તે વ્યાખ્યા ડાર્વિનના ઉત્ક્રાંતિવાદના વિરોધની સમજવામાં આવે છે. સ્પેન્સરનો મત છે, એકતાથી અનેકતા તરફ, સરલતાથી જટિલતા તરફ, અવ્યવસ્થાથી વ્યવસ્થા તરફ જવાનો જે ઉપક્રમ છે તેનું નામ છે વિકાસ.

**વિકાસની પશ્ચાદ્‌ભૂમાં અવિકાસ :**

વિકાસની આ સાચી વ્યાખ્યા છે. જ્યાં ભૌતિક વિકાસનો પ્રશ્ન છે, ત્યાં આ વ્યાખ્યા સુસંગત લાગે છે. યૌગલિક યુગમાં સરલતા હતી. જેવો રાજતંત્રનો યુગ આવ્યો, જટિલતા શરૂ થઈ ગઈ. સરલતાથી જટિલતા તરફ ગતિ શરૂ થઈ ગઈ. જેવો કર્મયુગ આરંભાયો, એકતા અનેકતાનું રૂપ લેવા લાગી. અનેક વર્ગ વિકાસ પામ્યા. યૌગલિક યુગમાં કોઈ વ્યવસ્થા નહોતી; બધું સ્વયં સંચાલિત હતું. તે યુગની સમાપ્તિની સાથોસાથ વ્યવસ્થાક્રમ શરૂ થયો. આ વિકાસની પ્રક્રિયા છે. નિર્વાણ અવિકાસની પ્રક્રિયા છે. પ્રવૃત્તિ વિકાસનું સૂત્ર છે. નિવૃત્તિ અવિકાસનું સૂત્ર છે. જે વિકાસની પશ્ચાદ્‌ભૂમાં અવિકાસ નથી હોતો, તે વિકાસ ખતરનાક બને છે. આ ત્રણ બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું આવશ્યક છે : અનેકતાની પશ્ચાદ્‌ભૂમાં એકતા રહે, જટિલતાની પશ્ચાદ્‌ભૂમાં સરલતા રહે, વ્યવસ્થાની પશ્ચાદ્‌ભૂમાં અવ્યવસ્થા રહે.

અવ્યવસ્થા એટલે સહજ જીવન, યૌગલિક જીવન. એવી ભૂમિકાનું નિર્માણ જેમાં વ્યવસ્થાની જરૂર જ ના હોય. ઉપશાંત ક્રોધ, ઉપશાંત અહમ્ ઉપશાંત માયા અને ઉપશાંત લોભની સ્થિતિમાં આ ભૂમિકાનું નિર્માણ થાય છે. આ સ્થિતિમાં વ્યવસ્થા અકિંચિત્કર બની જાય છે. તેની કોઈ અપેક્ષા નથી હોતી. આ છે, પ્રવૃત્તિની નીચે રહેલો નિવૃત્તિનો સિદ્ધાંત. આ ઠીક ચાલે છે તો જીવન પણ ઠીક ચાલે છે.

**નિવૃત્તિ : નિર્વાણનું મૂળ સૂત્ર :**

મહાવીરના નિર્વાણનું મૂળ સૂત્ર છે નિવૃત્તિ. તેને નિષ્કર્ષ કર્મ કહો, અનાસક્ત યોગ કહો, કે માનસિક શાંતિ - ત્રણે પરસ્પર સાથે સંલગ્ન છે. માનસિક શાંતિ ક્યારે મળે છે ? જ્યારે નિષ્કામ ભાવના, અનાસક્ત ભાવના વિકસે છે ત્યારે માનસિક શાંતિ મળે છે. નિષ્કામ ભાવનાનો વિકાસ ત્યારે જ શક્ય બને છે જ્યારે વ્યક્તિના હાથમાં નિવૃત્તિનું સૂત્ર આવે છે. પ્રત્યેક વ્યક્તિ અપેક્ષા રાખે છે કે, દરેક વ્યક્તિ અને સમાજમાં અનાસક્તિનો ભાવ જાગે, નિષ્કામ ભાવનાનો વિકાસ થાય. આ નિવૃત્તિનો સિદ્ધાંત છે. વ્યક્તિ કહે છે, નિષ્કામ સેવા કરો. કામના ના રાખો. વાસ્તવમાં એ નિર્વાણનું દર્શન છે. ઘણી

વખત માનવી તાત્પર્યને સમજી નથી શકતો. જ્યાં મૂળ વાતને સૂક્ષ્મતાથી પકડવામાં નથી આવતી ત્યાં સાચો અર્થ જાણવો મુશ્કેલ બને છે. મોટામાં મોટી પ્રવૃત્તિ કરનાર પ્રવૃત્તિનું સમર્થન કરનાર વ્યક્તિ પણ આ અપેક્ષા રાખે છે, સમાજ નિષ્કામ સેવાવાળો બને, સમાજ ઉદાત્ત ચિંતન કરનાર બને, સમાજ સારો બને, તેમાં બૂરાઈઓ અને અપરાધ ના પોષાય. જો નિવૃત્તિ નથી, સંયમ નથી, નિષ્કામ ચેતના નથી તો આ બધી બાબતો શક્ય બનશે નહિ.

**શાંતિપૂર્ણ જીવનનું રહસ્ય :**

સૌ કોઈ માનસિક શાંતિ ઇચ્છે છે. આજે માનસિક તનાવ વધી રહ્યો છે, ભાવનાત્મક તનાવ વધી રહ્યો છે. વ્યક્તિ ઇચ્છે છે કે તનાવ ના હોય, જીવન શાંતિપૂર્ણ હોય. તેની એક આકાંક્ષા છે કે શસ્ત્રોના નિર્માણ ઉપર પ્રતિબંધ આવે. આજે શસ્ત્રો ઉપર પ્રતિબંધ લગાવવાના સંદર્ભમાં કેટલાં બધાં આંદોલનો ચાલી રહ્યાં છે ! બે રાષ્ટ્ર-સોવિયેત રશિયા અને અમેરિકા-શસ્ત્રો બનાવવામાં મોખરે છે. આ રાષ્ટ્ર શસ્ત્રવિરોધની સંધિમાં અગ્રેસર બનવા લલચાય છે. તેનો અર્થ એ થયો કે, તેઓ અતીત તરફ પાછા વળી રહ્યા છે. પ્રવૃત્તિથી નિવૃત્તિ તરફ વળી રહ્યા છે. તેનો નિષ્કર્ષ એ મળ્યો કે, નિર્વાણવાદી જીવનશૈલી વગર પ્રવૃત્તિવાળું જીવન પણ સારું નથી બનતું. જે વ્યક્તિ સારું જીવન જીવવા ચાહે છે, જે સમાજ કે રાષ્ટ્ર સ્વસ્થ અને શાંતિપૂર્ણ જીવનનું રહસ્ય જાણવા ચાહે છે, તેણે નિર્વાણવાદી જીવનશૈલી અપનાવવી જ પડશે.

**સમિતિ અને ગુપ્તિ :**

જૈન દર્શનમાં બે શબ્દો અત્યંત પ્રચલિત છે : ગુપ્તિ અને સમિતિ. ગુપ્તિ એટલે નિવૃત્તિ. સમિતિ એટલે પ્રવૃત્તિ, પરંતુ નિવૃત્તિ સાથે જોડાયેલી પ્રવૃત્તિ. જો વ્યક્તિ માત્ર પ્રવૃત્તિ જ કર્યા કરે છે તો તે વિચારશૂન્ય બની જાય છે. પ્રવૃત્તિનો વિવેક ખોઈ બેસે છે. આજે પણ ઘણા બધા દાર્શનિકો, ચિંતકો અને વિચારકો કહે છે કે, "નિવૃત્તિવાદી દર્શને સમાજને અકર્મણ્ય બનાવી દીધો. આ તર્ક સાચો નથી લાગતો. જો ઊંડાણમાં જઈને વિચારીએ તો તેઓ પોતે નિવૃત્તિનું સમર્થન કરતા જતા હોય છે, પણ તેનો સ્વીકાર કરી શકતા નથી. તેઓ સ્વયં પોતાની ભાષાથી અજાણ બન્યા છે. નિવૃત્તિવાદનું સમર્થન કરવા છતાં તેને સમજી શકતા નથી.

**પ્રવૃત્તિ નિવૃત્તિ શૂન્ય ના હોય :**

આપણે નિર્વાણવાદી જીવનશૈલીને સમજીએ અને આવો સંકલ્પ કરીએ કે, 'અમે દરરોજ અડધો કલાક નિવૃત્તિમાં ગાળીશું. કાયોત્સર્ગમાં વીતાવીશું.' તેથી આપણને આપણી ઘણી બધી સમસ્યાઓના ઉકેલ મળશે. આ પ્રયોગ દ્વારા જીવનશૈલી બદલાશે. અડધા કલાક માટે ના શરીરની પ્રવૃત્તિ, ના મનની પ્રવૃત્તિ અને ના વાણીની પ્રવૃત્તિ. સમસ્યાઓના ચક્રને તોડવાનો આ

મહત્ત્વનો ઉપાય છે. આપણે એ બાબત ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરીએ કે, આપણી કોઈપણ પ્રવૃત્તિ નિવૃત્તિશૂન્ય ના હોય. આપણે દરેક પ્રવૃત્તિના પ્રારંભમાં વિચારીએ કે, આની પાછળ આપણી નિવૃત્તિ છે કે નહિ; સંયમ છે કે નહિ. આપણે જમતી વખતે વિચારીએ, ખાવું અનિવાર્ય છે પણ એની સાથે સંયમ જોડાયેલો છે કે નહિ. ચાલતી વખતે વિચારીએ કે, ચાલવાની સાથે સંયમ જોડાયેલો છે કે નહિ. "સંયમઃ ખલુ જીવનમ્" નિર્વાણવાદનું આ સૂત્ર છે. જીવનનું સૂત્ર છે. જો આ સૂત્ર આપણને સમજાઈ જાય, આપણે તેનો જીવનમાં અમલ કરી શકીએ તો આપણે નિર્વાણવાદી શૈલીનું જીવન જીવી શકીશું. પ્રવૃત્તિની સાથે નિવૃત્તિનું સંતુલન સાધી શકીશું. આપણા જીવનને મંગલમય અને કલ્યાણકારી બનાવી શકીશું. દીપાવલીનો આ પવિત્ર દિવસ, ભગવાન મહાવીરનો નિર્વાણદિન આપણા જીવનની પવિત્રતાનો દિવસ બની રહેશે. દીપાવલીના અભિનંદન, દીપાવલીને ઉજવવાના ઉદ્દેશ, દીપાવલીનું આગમન, ભગવાન મહાવીરનો નિર્વાણોત્સવ આપણા જીવનને એક નવી દિશા આપી શકશે. સ્વસ્થ તેમજ શાંતિપૂર્ણ જીવનનું રહસ્યદર્શન કરાવી શકશે.

●

# 10. મૃત્યુનું દર્શન : સમાધિમરણ

**શિષ્યની જિજ્ઞાસા :**

શિષ્ય ગુરુની નિશ્રામાં ઉપસ્થિત થયો. વિનમ્ર વંદના કરીને તે બોલ્યો, ગુરુદેવ ! મેં સાંભળ્યું છે કે જીવન અને મૃત્યુ બે (અલગ) છે. જો તે બે (અલગ) હોય તો, વચ્ચે કોઈ ભેદરેખા હોવી જોઈએ. મેં ખૂબ શોધી, પણ મને કોઈ ભેદરેખા મળી નહિ. મારી જિજ્ઞાસા છે કે, જીવન અને મૃત્યુ વચ્ચે ભેદરેખા ક્યાં છે ? આપ કહો છો, જીવન અલગ છે અને મૃત્યુ અલગ છે, માણસ જીવવાનું ચાહે છે. મૃત્યુને નથી ચાહતો, તેનો અર્થ એ છે કે, આપને ભેદરેખા મળી ગઈ છે. પરંતુ વાસ્તવમાં જીવન અને મૃત્યુ વચ્ચેની ભેદરેખા ક્યાં (કઈ) છે ?

***જીવને મરણે ક્વાસ્તિ ભેદરેખા સમન્તતઃ ।***
***ન લબ્ધેયં મયા સ્વામિન્, તતો જિજ્ઞાસિતં મમ ॥***

એક બાળક જન્મ્યું. પ્રથમ ક્ષણ વીતી. શું તે સમયે તે માત્ર જીવે છે ? મરતો નથી ? આપણે શું કહીશું ? કહેવામાં આવશે કે, જે ક્ષણમાં તેણે જીવવાનું શરૂ કર્યું, તે જ ક્ષણમાં તેણે મરવાનું પણ શરૂ કર્યું છે. આવી સ્થિતિમાં ભેદરેખાને શી રીતે પકડવી ?

**આચાર્યનું સમાધાન :**

આચાર્યે કહ્યું, "વત્સ ! જીવન અને મૃત્યુમાં એક ભેદરેખા છે અને તે આત્યંતિક મરણના આધારે દોરી શકાય છે. જીવનની સમાપ્તિનું નામ છે આત્યંતિક મરણ. આ પણ સાચું છે કે જીવનની સાથોસાથ મોત પણ ચાલી રહ્યું

છે. બન્નેને ગાઢ મૈત્રી છે. બન્ને સાથે સાથે જ ચાલે છે. જીવન મૃત્યુને છોડીને નથી ચાલતું. મૃત્યુ પણ જીવનની સાથે જોડાઈને જ ચાલે છે. વ્યક્તિ જે ક્ષણે જન્મે છે તે એ જ ક્ષણથી મરવાનું પણ શરૂ કરી દે છે. તેથી જીવન અને મરણની વચ્ચે ભેદરેખા દોરવાનું મુશ્કેલ છે. જે વ્યક્તિનું આયુષ્ય સો વર્ષનું છે તે સો વર્ષ જીવે છે અને સો વર્ષ મરે પણ છે. આ સત્ય છે. જે સૂક્ષ્મતાથી જુએ છે તેનાં સત્ય બે નથી હોતાં, એક હોય છે. સચ્ચાઈ એક જ હોય છે પણ તેનો સ્વીકાર નથી થતો. જો જીવન અને મરણને વિભાજિત કરશો તો કહેવાશે કે, વ્યક્તિ પચાસ વર્ષ જીવે છે, પચાસ વર્ષ મરે છે. પરંતુ જીવન અને મરણને અવિભક્ત કરીને જોઈએ તો તારણ મળશે કે, વ્યક્તિ સો વર્ષ જીવે છે અને સો વર્ષ મરે છે.

**જીવન અને મૃત્યુની ક્ષણ :**

જીવન અને મરણની વચ્ચે સંપૂર્ણ ભેદરેખા ક્યાંય નથી. જીવનની અંતિમ ક્ષણ છે મૃત્યુ અને મૃત્યુની અંતિમ ક્ષણ છે જીવન. જીવન અને મરણ બન્ને સાથોસાથ ચાલે છે, તેથી એક નવા દર્શનની જરૂર છે. જેટલા ઊંડાણથી જીવનના દર્શનને સમજવું આવશ્યક છે, તેટલી જ ઊંડાઈથી મૃત્યુના દર્શનને સમજવું પણ આવશ્યક છે. જીવનના દર્શનને છોડીને મૃત્યુના દર્શનને સમજી શકાતું નથી, અને મૃત્યુના દર્શનને છોડીને જીવનના દર્શનને સમજી શકાતું નથી. બન્નેને એકસાથે જ સમજવાં પડશે. ભગવાન મહાવીરે આવીચિ-મરણના પ્રતિપાદન દ્વારા એક નવી દૃષ્ટિ આપી. આવિચી-મરણ એટલે પ્રત્યેક સમયનું જીવન દરેક સમયે નષ્ટ થાય છે. આ પ્રત્યેક સમયનું મરણ આવિચી-મરણ કહેવાય છે.

**બૂરાઈમાં છુપી છે સુંદરતા :**

મહાવીરે કહ્યું, તમે જીવનને સમજો તો મૃત્યુને પણ સમજો, અને મૃત્યુને સમજો તો જીવનને પણ સમજો. બન્નેને સમજો. એકને જ પકડીને બેસી ના જાઓ. આ એક નવી વાત છે, જે મહાવીરના દર્શન દ્વારા મળે છે.

કોઈ માણસને કહેવામાં આવે કે, જીવતા રહો. તેને એ બહુ જ સારું લાગશે. જીવતા રહો- આ વાક્ય બહુ જ પ્રિય છે. કોઈ વ્યક્તિને કહેવામાં આવે કે મરી જાઓ. આ વાક્ય તેને કેવું લાગશે ? જ્યારે કહેવામાં આવે છે, જીવતા રહો તો સારું લાગે છે અને જ્યારે કહેવામાં આવે છે - મરી જાઓ તો ખરાબ અને અપ્રિય લાગે છે.

મહાવીરે આ ભ્રાંતિને તોડી. તેમણે કહ્યું, 'જીવતા રહો' આ વાક્ય બહુ સારું લાગે છે, પણ તેની સાથે જે બૂરાઈ છુપાયેલી છે તે પણ જુઓ. 'મરી જાઓ' આ વાક્ય ખરાબ લાગે છે પણ તેની સાથે જે સારાપણું છુપાયેલું છે તેને પણ જુઓ.

ભગવાન મહાવીરનો દષ્ટિકોણ સમગ્રનો હતો. તે કોઈ શબ્દને જ નહોતા પકડતા. આજકાલ તો માત્ર શબ્દોને જ પકડવાનું ખૂબ ચલણ છે. પરંતુ શબ્દની પાછળ જે સમગ્રતા હોય છે, તેને છોડી દેવાય છે. વાણી તથા અર્થને પણ અલગ નહિ કરવા જોઈએ. પણ તેમને અલગ કરી દેવામાં આવે છે. બૂરાઈમાં અચ્છાઈ પણ છુપાયેલી હોય છે અને અચ્છાઈમાં બૂરાઈ પણ છુપાયેલી હોય છે.

**શ્રેણિકનું આશ્ચર્ય :**

મહાવીરના સમવસરણમાં એક વ્યક્તિએ શ્રેણિકને કહ્યું, 'તમે જીવતા રહો' અને એ જ વ્યક્તિએ ભગવાન મહાવીરને કહ્યું, 'તમે મરી જાઓ.' રાજા શ્રેણિકે ભગવાન મહાવીરને પૂછ્યું, "ભગવંત, આ અનર્ગળ પ્રલાપનો શો અર્થ છે ?"

મહાવીરે કહ્યું, "તેણે જે કહ્યું છે તે બિલકુલ બરાબર છે."

"પ્રભુ, કઈ રીતે ?"

"તમને જીવવાનું પ્રિય લાગે છે, સારું લાગે છે પરંતુ જીવવાની પાછળ શું છુપાયેલું છે, તેને તમે સમજી શકતા નથી. તમે જીવનને જીવ્યા છો, પણ સકામ જીવન નથી જીવ્યા. સમાધિમરણને અનુકૂળ જીવન નથી જીવ્યા. એથી એ કહી રહ્યો છે કે, તમારું જીવવું સારું છે. મરવું સારું નથી. કેમ કે સમાધિમરણની તૈયારી તમારા જીવનમાં નથી."

"'મરી જાઓ' એની પાછળ કયું રહસ્ય છુપાયેલું છે ?"

"તેનું આમ કહેવાનું તાત્પર્ય એ હતું કે, તમે કેમ કારાવાસમાં કેદી બનીને બેઠા છો ? નિર્વાણ તમારી પ્રતીક્ષા કરે છે. જીવવા કરતાં વધુ સાર્થકતા મરવામાં છે."

શ્રેણિકને વાત સમજાઈ ગઈ. શબ્દની પાછળ છુપાયેલું રહસ્ય અભિવ્યક્ત થઈ ગયું.

**મૃત્યુ મહોત્સવ છે :**

જીવન અને મરણને અલગ કરીને જોઈ ન શકાય. સમાધિમરણની સાથે સમાધિપૂર્ણ જીવનને પણ જોવું જોઈએ. સમાધિપૂર્ણ જીવનની સાથે સમાધિમરણ પ્રત્યે પણ ધ્યાન આપવું જોઈએ. ઘણા લોકો વિચારે છે કે અત્યારે વળી ક્યાં અવસ્થા થઈ ગઈ છે ? જ્યારે પાછલી અવસ્થા આવશે, ત્યારે સમાધિમરણની તૈયારી કરીશું. આ વાત ચિંતનીય છે. ખરેખર તો મૃત્યુની તૈયારી ક્રમશઃ કરવાની હોય છે. તેમાં સૌથી મોટો અંતરાય છે - મૂર્છા. એક ઇચ્છા જીવનમાં સતત રહે છે અને વ્યક્તિને તે ઇચ્છા સમાધિમરણ તરફ પ્રસ્થાન કરવા દેતી નથી. આપણે અનેક વખત આ ઉપમા સાંભળી છે કે, મૃત્યુ પામવું એટલે જૂનાં કપડાં ઉતારીને નવાં કપડાં ધારણ કરવાં. એક મહત્ત્વપૂર્ણ

ગ્રંથ છે, 'મૃત્યુ મહોત્સવ' તેમાં કહ્યું છે કે, મૃત્યુ એક મહોત્સવ છે. તેનાથી ડરો નહિ. મૃત્યુ બાબતે આ ગ્રંથમાં ખૂબ સુંદર વર્ણન મળે છે :

***જીર્ણં દેહાદિકં સર્વં, નૂતનં જાયતે યતઃ ।***
***સ મૃત્યુઃ કિં ન મોદાય, સતાં સાતોત્થિતિર્યથા ॥***

જેનાથી જીર્ણ દેહ નવો બની જાય છે તે મૃત્યુ છે. શું તે પ્રમોદ માટે નથી ? તે એ જ રીતે પ્રમોદ માટે છે જે રીતે કોઈ સુખની પ્રાપ્તિ.

**મનુષ્યનો સ્વભાવ :**

આટલું સમજાવવા છતાં, મૃત્યુને મહોત્સવ કહેવા છતાં મોતનો ભય નીકળી ગયો હોય તેવું લાગતું નથી. માણસ કોઈપણ અવસ્થામાં (તે અવસ્થા)ને છોડવા નથી માગતો. તે જે મકાનમાં રહે છે તે મકાનને છોડવા નથી માગતો. જે ગામમાં વસે છે તે ગામને છોડવા નથી માગતો. મેં એક વૃદ્ધ મહિલાને પૂછ્યું, 'તમે પણ બહારના પ્રદેશમાં રહો છો ?' તેણે ઉત્તર આપ્યો, 'મહારાજ ! શું કરું ? ત્યાં મન તો નથી ગોઠતું, છતાં રહેવું પડે છે.' એક વૃદ્ધ ભાઈને મેં પૂછ્યું, 'આજકાલ ગામમાં નથી રહેતા ?' તેણે કહ્યું, "મહારાજ ! બધા દીકરા બહાર રહે છે. કોઈ ઘરમાં રહેવા માગતા નથી. એટલે બહારના પ્રદેશમાં જવું પડે છે. પરવશ થયા પછી આવી સ્થિતિ જ ઉદ્‌ભવે છે. બહારના પ્રદેશમાં ઘેર નકામો બેસી રહું છું. જ્યારે ગામમાં જાઉં છું તો દસ-વીસ પરિચિત માણસો મળે છે. ક્યારેક હું તેમના ઘેર જાઉં છું, ક્યારેક તેઓ મારા ઘેર આવે છે. વાતચીતમાં સમય વીતી જાય છે, પણ પરદેશમાં કોઈને હું નથી ઓળખતો, તેથી કોની સાથે વાત કરું ? તે ઘર મને કેદખાના જેવું લાગે છે, છતાં એમાં રહેવું એ મારું ભાગ્ય બની ગયું છે".

**મૃત્યુ : સમાધિમરણનો પ્રયોગ :**

જેની સાથે પરિચય થઈ જાય છે, તેને વ્યક્તિ છોડતી નથી. તેમાં સૌથી મોટો અંતરાય છે સંસ્કાર. વ્યક્તિના સંસ્કાર સઘન બની જાય છે. માણસ પોતાના શરીરને છોડવા માગતો નથી. આ શરીર સાથે જે સંબંધ બંધાયો છે તેને છોડવા મન તૈયાર થતું નથી. વ્યક્તિ માને છે કે પરિવાર છૂટી જશે, ઘર અને ધન પણ છૂટી જશે. બીમારી વધી રહી છે. પૂરું ખવાતું નથી, શ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે છતાં જેમતેમ કરીને પણ તે જીવવાનો પ્રયત્ન કરે છે. જીવનમાં કાંઈ સાર નથી, પણ મૂર્ચ્છા તૂટતી નથી. તે જેના થકી બંધાયેલો છે તેનાથી છૂટવા માગતો નથી.

'મૃત્યુ મહોત્સવ છે' એ વાત તે વ્યક્તિ જ સમજી શકે છે જેણે એક પ્રક્રિયાને ક્રમબદ્ધ અપનાવી હોય. અન્યથા આ વાત સમજી નથી શકાતી. જયાચાર્યે હેમરાજજી સ્વામીને અંતિમ ક્ષણોમાં કહ્યું, 'મહારાજ ! હવે આપ સમાધિમરણની તૈયારીમાં છો, સમાધિમરણની દિશામાં પ્રસ્થાન કરી રહ્યા છો.

અમને કોઈ વાતની ચિંતા નથી. કેમ કે મૃત્યુને મહોત્સવના રૂપમાં પરિણત કરનાર ધન્ય ગણાય છે. મૃત્યુ એક મહોત્સવ છે, તે કોઈ ચિંતાનો વિષય નથી. તે વ્યક્તિને મૃત્યુની ચિંતા નથી સતાવતી, જે નિશ્ચિતતાનું જીવન જીવે છે. મૃત્યુ સમાધિમરણનો એક પ્રયોગ છે. જે નિશ્ચિતતાનું જીવન જીવે છે, તે તેની અનુભૂતિ કરી શકે છે.'

**સમાધિનો પ્રયોગ : નિઃશેષમ્ :**

ઉજ્જૈન ચાતુર્માસ (વિ.સં. ૨૦૧૨)માં આગમ સંપાદનનું કાર્ય પ્રારંભાયું. અમે વિચાર્યું, કામ કરવું છે, સંપાદન કરવું છે અને ખૂબ જ ઊંડાણમાં ઊતરવું છે. જો વિચારવાનું ચક્કર સતત ચાલશે તો સમસ્યા ઊભી થશે. નિરંતર ચિંતનથી કામ પણ ઠીક રીતે નહિ થાય. ઘડપણ અને મૃત્યુ વહેલાં આવશે. ચિંતન તનાવ પેદા કરે છે. જો તનાવ સતત રહે છે તો, ઘડપણ, બીમારી અને મૃત્યુ આ ત્રણેને ખુલ્લું નિમંત્રણ મળી જાય છે. પ્રશ્ન થયો, શું કરવું ? એક સમાધાન શોધ્યું- નિઃશેષમ્. જ્યાં સુધી કામમાં લાગેલા રહીએ, બે કલાક-ત્રણ કલાક કામ કરીએ ત્યાં સુધી તે કાર્યમાં પોતાની શક્તિનો પ્રયોગ. જેવું કામ પૂરું કરીને ઊઠીએ, તે કામમાંથી સંપૂર્ણ નિવૃત્તિ. આજે જે કરવાનું હતું તે કર્યું. બાકી કાંઈ ન રહ્યું. આવા ચિંતને, આ નિઃશેષ સૂત્રે કાર્યનો વેગ વધાર્યો, કાર્યથી ઉત્પન્ન થનારા તનાવથી મુક્ત બનાવી દીધા. 'નિઃશેષમ્' આ સૂત્ર આપણા કાર્યની સફળતાનો મહત્ત્વપૂર્ણ આધાર બન્યો છે. આચાર્ય ભિક્ષુએ જીવનની અંતિમ ક્ષણોમાં એમ જ કહ્યું હતું, 'કશી ઊણપ રહી નથી.' કાંઈ જ બાકી રહ્યું નથી. દરેક વ્યક્તિને કાંઈ ને કાંઈ બાકી રહી જાય છે. આંતરિક અનુભૂતિમાં જીવનાર વ્યક્તિ કહી શકે છે કે, મારે કાંઈ જ બાકી રહ્યું નથી. જ્યાં મૂર્ચ્છા હોય છે ત્યાં નિઃશેષ થવાની વાત મળતી નથી. મૂર્ચ્છાગ્રસ્ત વ્યક્તિને કાંઈક તો બાકી રહી જ જાય છે. મૂર્ચ્છા સમાપ્ત થઈ જાય તો પરિપૂર્ણતાનું સૂત્ર મળી જાય. નિઃશેષનું આ સૂત્ર સમાધિનો જ એક પ્રયોગ છે.

**સમાધિમરણની પ્રક્રિયા :**

સમાધિમરણની પ્રક્રિયા એક દિવસમાં પૂર્ણ થનારી પ્રક્રિયા નથી. મહાવીરે સમાધિમરણનું જે દર્શન આપ્યું છે, તેની એક વ્યવસ્થિત પ્રક્રિયાનો નિર્દેશ મળે છે. આચારાંગસૂત્રમાં એ પ્રક્રિયાનો બહુ સુંદર ઉલ્લેખ છે. વ્યક્તિ સૌથી પહેલાં આહારનું નિયમન કરે. બાર વરસ સુધી આહારના સતત અલ્પીકરણનું વિધાન છે. માત્ર આહારનો જ પ્રયોગ નહિ, તેની સાથે કષાયનું પણ અલ્પીકરણ કરો. કષાયોને ક્ષીણ કરતા જવું, ક્રોધ-માન-માયા-લોભ વગેરેને ક્ષીણ કરતા જવું. શરીર અને કષાય બને કૃશ બને.

સમાધિમરણનો એક સંદર્ભ છે - અતીતના જીવનની આલોચના. અતીતમાં કરેલાં તમામ પ્રકારનાં અકરણીય કૃત્યોનું પ્રાયશ્ચિત્ત, સમાધિમરણની

દિશામાં મહત્ત્વનું પ્રસ્થાન બને છે. અતીતની આલોચનાથી સ્વયંને વિશુદ્ધ કરીને, વ્યક્તિ ક્ષમાપના કરે છે. તે પ્રાણી માત્ર સામે, પોતાના દ્વારા કરાયેલા તમામ વ્યવહારોના સંદર્ભમાં ક્ષમાયાચના કરે છે; તેમને ક્ષમા આપે છે. જૈનદર્શનનો સુપ્રસિદ્ધ શબ્દ છે 'ખમતખામણાં.' ક્ષમા લેવી અને ક્ષમા આપવી. ક્ષમાનો આ વ્યવહાર વ્યક્તિને ઋજુ અને નિઃશલ્ય બનાવી દે છે. આટલી બધી પ્રક્રિયામાંથી પસાર થયા પછી વ્રતનું આરોપણ થાય છે.

**કાયોત્સર્ગ : નિવૃત્તિનો પ્રયોગ :**

સમાધિમરણની આ પ્રક્રિયા પછી વ્યક્તિ કાયોત્સર્ગમાં સ્થિત થઈ જાય છે. તે દીર્ઘ કાયોત્સર્ગ કરે છે. જ્યારે કાયોત્સર્ગ કરવામાં આવે છે, ત્યારે શ્વાસ આપોઆપ મંદ બને છે - શિથિલ થાય છે. જ્યારે શ્વાસ શિથિલ અને મંદ બને છે, ત્યારે બહારથી ઑક્સિજન લેવાની જરૂર ઓછી થાય છે. એમ માનવામાં આવે છે કે, જેટલી પ્રવૃત્તિ ઓછી થાય છે, ઑક્સિજનનો વપરાશ એટલો જ ઘટી જાય છે. કાયોત્સર્ગ નિવૃત્તિનો પ્રયોગ છે. તે અવસ્થામાં ઑક્સિજનનો વપરાશ બહુ જ અલ્પ હોય છે.

આહારનું અલ્પીકરણ, કષાયનું અલ્પીકરણ, અતીતની આલોચના, ક્ષમાપના, વ્રતનું આરોપણ અને કાયોત્સર્ગ- આ સમાધિમરણનું એક પૂર્ણ ચક્ર છે.

**નિષ્પત્તિ : મૂલ્યાંકનની ક્ષણ :**

આચાર્ય વિનોબા ભાવેએ કહ્યું હતું, 'જૈનધર્મમાં સમાધિમરણની જે વ્યવસ્થા-પ્રક્રિયા બતાવી છે, તે અન્ય કોઈ દર્શનમાં નથી.' જૈનદર્શનમાં સમાધિમરણનો જે ઉપક્રમ મળે છે, તે કોઈ ખાસ અવસ્થામાં કરવાનો ઉપક્રમ નથી. સમાધિમરણનો પ્રસ્તુત પ્રયોગ દૈનિક રીતે કરી શકાતો પ્રયોગ છે. કાયોત્સર્ગ, મૌન અને કષાયની અલ્પતા વગેરે સમાધિમરણના પ્રયોગો છે. જે વ્યક્તિ પ્રારંભથી જ તેનો પ્રયોગ શરૂ કરે છે, તેને મહાવીરના સમાધિમરણના દર્શનની પ્રાપ્તિ થઈ જાય છે.

સમાધિમરણ જીવનની નિષ્પત્તિ છે. કાર્ય કરતાં વિશેષ મૂલ્યવાન તેની નિષ્પત્તિ હોય છે. એક વિદ્યાર્થી નવ મહિના સુધી અભ્યાસ કરતો રહ્યો. તેણે ખૂબ પરિશ્રમ કર્યો, પરંતુ પરીક્ષામાં તે નાપાસ થયો. પરિવારનાં સ્વજનોએ કહ્યું, આ નકામો છે. તેણે મહેનત કરી નહિ તેથી જ તે પરીક્ષામાં નાપાસ થયો.

નિષ્પત્તિના આધારે વ્યક્તિત્વનું મૂલ્યાંકન થાય છે. નિષ્પત્તિને સુખદ બનાવવા માટે સઘન પ્રયત્નોની જરૂર હોય છે. દુનિયા નિષ્પત્તિ માગે છે. પરિણામ ઝંખે છે. તે તેના આધારે જ વ્યક્તિનું મૂલ્યાંકન કરે છે.

**મૃત્યુ એક નિષ્પત્તિ છે :**

બે મલ્લ લડતા હતા. એક મલ્લ જીત્યો, બીજો હાર્યો. જે જીત્યો તેને ધન્યવાદ આપવા માટે લોકો દોડ્યા. જે હાર્યો તેની ટીકા કરવા લાગ્યા. વ્યક્તિ જીત અને હારને જ જુએ છે. હારનાર વ્યક્તિ કેટલા પુરુષાર્થથી લડ્યો, કેવી રીતે લડ્યો તેની સાથે તેને કોઈ મતલબ નથી હોતો. તેની સામે જીત અને હાર મુખ્ય હોય છે. બાકીનાં બધાં પાસાં તેની નીચે દબાઈ જાય છે.

જીતવું અને હારવું તે નિષ્પત્તિ છે. નિષ્પત્તિની ક્ષણ બહુ જ મૂલ્યવાન ક્ષણ હોય છે. એમ માનવામાં આવે છે કે જે વ્યક્તિનો અંતિમ સમય સારી રીતે વીતે છે, તે જીવનની બાજી જીતી જાય છે. જેનો અંતિમ સમય સારો નથી વીતતો તે જીવનની બાજી હારી જાય છે. નિષ્પત્તિની ક્ષણની ગુણવત્તા આ ઉપરથી સ્પષ્ટ થાય છે. મૃત્યુનો કોઈ નિશ્ચિત સમય નથી, તેથી સમાધિમરણને માટે પ્રત્યેક પળે જાગરૂક રહેવું જોઈએ.

**મૃત્યુને જુઓ :**

મૃત્યુ દર્શનનું એક પાસું છે. મૃત્યુને જુઓ. જેણે મોતને જોયું, તે બૂરાઈથી બચી ગયો. આચારાંગનું એક મહત્ત્વનું સૂત્ર છે - મારાભિસંકી મરણા પમુચ્યતિ.' જે મૃત્યુથી આશંકિત રહે છે, તે મૃત્યુથી મુક્ત થઈ જાય છે.

અમે દિલ્હીમાં એક ઉદ્યોગપતિને ત્યાં રોકાયા હતા. તે ઉદ્યોગપતિનો પુત્ર ખૂબ સમજદાર હતો. તેણે કહ્યું, 'મહારાજ ! અમે લોકો આટલું કામ કરીએ છીએ અને આટલું ધન કમાઈએ છીએ. મોટા મોટા ઉદ્યોગો અને કારખાનાં ચલાવીએ છીએ. અમારા ઘરમાં ધનનો વિશાળ સંગ્રહ છે. હજી અમે એક મોટું કારખાનું શરૂ કરવાના છીએ. તેમાં કરોડો રૂપિયા ખચાર્યા (રોકાયા) છે. મારા મનમાં વારંવાર એક પ્રશ્ન જાગે છે, 'આખરે આ બધું શા માટે કરી રહ્યા છીએ ? કેમ કરી રહ્યા છીએ ? તેની ફલશ્રુતિ શી છે ? અમને આ બધાથી આખરે મળ્યું શું ? અહી પહોંચીને ચિંતન અટકી જાય છે - થંભી જાય છે. અમારે એક વખત આ દુનિયામાંથી ચાલ્યા જવાનું છે. અમે કેમ આવા ગોરખધંધામાં ફસાયેલા છીએ ? અમારું ભવિષ્ય શું છે ? આ ચિંતન અમને વારંવાર વ્યથિત કરી મૂકે છે."

જે લોકો જીવનમાં ખૂબ બૂરાઈઓ આચરે છે, નિરંતર ભ્રષ્ટાચારમાં ડૂબેલા રહે છે, સત્તા લાલચુ છે, મૂર્ચ્છાથી ઘેરાયેલા છે, તેમની સામે પણ આવો પ્રશ્ન આવતો હશેઃ આખરે આ બધું શા માટે ? એ સાચું છે કે બધું અહીં જ પડ્યું રહેવાનું છે. જો આ પ્રશ્નના સંદર્ભમાં વ્યક્તિ પોતાના જીવનવ્યવહારની સમીક્ષા કરે તો તેને એક નવું દર્શન, રૂપાંતરણનું સૂત્ર મળી જાય.

**શેઠ અને સંન્યાસી :**

એક ફરતા સંન્યાસી ફરતા ફરતા કોઈ ગામમાં પહોચ્યા. તે ખૂબ

પ્રસિદ્ધ સંન્યાસી હતા. ગામલોકો તેમની પાસે ગયા. તેમણે કહ્યું, "મહારાજ! અમારા ગામમાં બધું બરાબર છે, પણ એક સમસ્યા છે. અમારા ગામમાં એક શેઠ છે. તે ખૂબ ધનવાન છે, છતાં કંજૂસ છે, મખ્ખીચૂસ છે. તેને આપ સમજાવી દો તો ગામનું કલ્યાણ થઈ જાય."

સંન્યાસીએ કહ્યું, "હું સમજાવવાનો પ્રયત્ન કરીશ."

તે શેઠ પણ સંન્યાસીની પાસે આવ્યા. સંન્યાસીએ પૂછ્યું, "કાંઈ ધર્મ કરો છો ?"

"મહારાજ ! કશું જ નથી કરતો."

"ક્યારેય બીજા કોઈનાં કામ કરો છો ?"

"ના, મહારાજ !"

"શું મારું એક કામ કરશો ?"

"મહારાજ ! આપ સંન્યાસી છો. આપનું કામ જરૂર કરીશ."

સંન્યાસીએ પોતાની થેલીમાંથી એક સોય કાઢી. તે સોય શેઠને આપતાં કહ્યું, "આ તમે રાખો. જ્યારે હું મરી જાઉં. તમે ય મરી જાઓ ત્યારે પછીના જન્મમાં મને આપજો." આ વાત સાંભળીને શેઠ મૂંઝાયા. બોલ્યા, "મહારાજ ! તમે કેવા ભોળપણની વાત કરી ! મર્યા પછી શરીર પણ સાથે નથી આવતું તો હું સોય કેવી રીતે લાવી શકીશ ?"

"અરે, તમે આટલી બધી સંપત્તિ મેળવી છે, કંઈક તો સાથે આવશે ને ?"

"ના, મહારાજ, કશું જ સાથે નહિ આવે."

"શેઠજી ! જો બધું જ અહીં રહેવાનું હોય તો, આ ધનને કેમ વહેંચતા નથી ? તે ધન વડે ગામનું ભલું કેમ નથી કરતા ?"

શેઠજીની આંખ ખૂલી ગઈ. તેની મૂર્ચ્છા ઉપર એક ઘા થયો અને તે ગામના કલ્યાણ માટે પ્રવૃત્ત થઈ ગયો.

**સમાધિમરણનો પ્રયોગ :**

મૂર્ચ્છા ઉપર પ્રહાર કરવો તે સમાધિમરણનો એક મહત્ત્વનો પ્રયોગ છે. જો આપણે મહાવીરના સમાધિમરણના દર્શનને વિવિધ દૃષ્ટિએ જોઈએ તો જીવનમાં નવો પ્રકાશ મળશે. જેણે મહાવીરનું આ દર્શન જાણ્યું, તેને કાયોત્સર્ગનો પ્રયોગ મળશે. મહાવીરના આ દર્શનને સમજનાર કાયોત્સર્ગને વધુમાં વધુ સમજવા પ્રયત્ન કરશે. કાયોત્સર્ગ એટલે મૃત્યુનો સાક્ષાત્કાર. જીવનના સાક્ષાત્કાર જેટલો જ જરૂરી છે મૃત્યુનો સાક્ષાત્કાર. જેણે મૃત્યુનો સાક્ષાત્કાર કર્યો હશે, તે જ સારું જીવન જીવી શકે છે.

આપણે આ ભાષામાં બોલીએ છીએ : મહાવીરે મરવાની કલા શિખવાડી. પણ વાસ્તવમાં મહાવીરે જીવન અને મૃત્યુની કલા વિભાજિત કરીને

શિખવાડી નથી. મહાવીરની ભાષામાં તો જે જીવવાની કલા છે, તે જ મૃત્યુની કલા પણ છે. અને જે મૃત્યુની કલા છે, તે જીવનની કલા છે.

**મરણનું વર્ગીકરણ :**

મહાવીરે મૃત્યુનું એક વર્ગીકરણ રજૂ કર્યું : પંડિત મરણ, બાળમરણ અને બાળપંડિતમરણ. પંડિત મરણની તુલના સાત્ત્વિક ગુણો સાથે થઈ શકે છે. બાળપંડિત મરણની તુલના રજોગુણથી અને બાળમરણની તુલના તમોગુણ સાથે થઈ શકે છે. મહાવીરે કહ્યું, વ્યક્તિ બાળમરણથી ના મરવી જોઈએ. કોઈ બાળક જન્મે છે તો તે બાળ-અવસ્થામાં જ જન્મે છે, પણ તેણે બાળમરણ-અસમાધિમરણથી નહિ મરવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, અકામ મરણથી મરવું તે બાળમરણ છે. સકામમરણ પંડિત મરણ છે. જો મહાવીરનું આ દર્શન સમગ્ર રૂપે (પૂર્ણ સ્વરૂપે) સમજાઈ જાય તો, તેમનું પૂરેપૂરું દર્શન સમજાઈ જાય.

●

# વર્ધમાન : જાગરૂકચર્યા 11.

**પ્રશ્ન મનુષ્યના સ્વભાવનો :**

'અમેરિકન દાર્શનિક જોનેથન એડવર્ડ્સે એક પ્રશ્ન ઉઠાવ્યો, મનુષ્યનો સ્વભાવ શું છે ? તેનો સ્વભાવ પાપ છે કે અન્ય કોઈ તત્ત્વ ? તર્ક પરીક્ષા અને તપાસ દ્વારા તે આ તારણ સુધી પહોંચ્યા કે માનવી સ્વભાવથી જ કલુષતાને અપનાવી બેઠેલો છે. તેનો સ્વભાવ તેવો કેમ બન્યો ? તેનો તે સ્વભાવ ક્યાંથી આવ્યો ? તેનું કારણ ઈશ્વર નથી કેમ કે મનુષ્ય સ્વતંત્ર છે. ઈસાઈ ધર્મમાં માનવામાં આવે છે કે, એક વ્યક્તિનાં પાપ તેનાં સૌ સંતાનોએ પણ ભોગવવાં પડે છે. એનો અર્થ એ થયો કે, પાપના મૂળમાં માનવી છે. શું આ સાચું છે ? આ પ્રશ્ન અનેક દાર્શનિકોના મનમાં ઉદ્ભવતો રહ્યો છે. મનુષ્ય સહજ રીતે જ પાપ તરફ જાય છે. તે ધર્મ તરફ સહજ રીતે નથી જતો. ધર્મ માટે પ્રયત્ન કરવો પડે છે. પાપ માટે કશો પ્રયત્ન કરવો પડતો નથી. પ્રમાદને માટે કશો પ્રયત્ન કરવો પડતો નથી. અપ્રમાદ અને જાગરૂકતા માટે પ્રયત્ન કરવો પડે છે. મનુષ્યની પ્રકૃતિ શી છે, તેનો સ્વભાવ શો છે, તે સમજવું સરળ નથી. આ બહુ મોટી દાર્શનિક ગૂંચ છે. મનુષ્યનો સ્વભાવ પ્રમાદ છે કે અપ્રમાદ ? ધર્મ છે કે પાપ ? માણસ બૂરાઈ તરફ સહજ રીતે જ ચાલ્યો જાય છે. ભલાઈ માટે ઘણું બધું શીખવું પડે છે. બહુ જ તપવું પડે છે. પહાડ ઉપર ચઢવા ખૂબ પ્રયત્ન કરવાનો હોય છે, પણ ઉપરથી નીચે માણસ સીધો ગબડી પડે છે.

**આત્માનો સ્વભાવ :**

આપણે મહાવીરના દર્શનના સંદર્ભમાં આ પ્રશ્ન વિચારીએ. મહાવીરે

કહ્યું, 'સોવહિયે હુ લુપ્પતી બાલે', જે સોપધિક છે તે પાપ તરફ જાય છે. જેમાં ઉપધિની મૂર્ચ્છા છે, જે ઉપાધિ સાથે જોડાયેલો છે તે પાપ તરફ જાય છે. આ મહાવીરની જાગરૂક ચર્યાનું મુખ્ય સૂત્ર રહ્યું છે. આત્માનો સ્વભાવ પાપ તરફ જવાનો નથી. આત્મા પાપ નથી અને પાપ તરફ જવાનો તેનો સ્વભાવ નથી. પરંતુ આત્મા માત્ર આત્મા નથી, તે સવિશેષણ છે. ઉપાધિનો એક અર્થ છે - વિશેષણ, ઉપાધિ સહિત હોવું. ઉપાધિનો એક અર્થ કષ્ટ પણ છે. તે પદાર્થનો વાચક પણ છે. જ્યારે આત્મા એકલો હોય ત્યારે તેનો સ્વભાવ ભલાઈ તરફ જવાનો હોય છે, ઊંચાઈ તરફ જવાનો હોય છે. ઉપધિને કારણે તે નીચે તરફ જાય છે. ઉપધિ તેને બીજી દિશામાં લઈ જાય છે.

**ઉપધિ અને પાપ :**

ભગવાન મહાવીરે સંશોધન કર્યું, માનવી નીચે કેમ જાય છે ? તે પાપ તરફ કેમ જાય છે ? તેમને સમાધાન મળ્યું, તે જે લુપ્ત થઈ રહેલ છે, પોતાના અસ્તિત્વનો લોપ કરી રહેલ છે, તેનું કારણ છે ઉપાધિ સહિત હોવું. જ્યાં જ્યાં ઉપાધિ તરફ પ્રસ્થાન છે ત્યાં ત્યાં ધર્મ અને અપ્રમાદ છે. અહિંસાનો પણ આ જ મૂળાધાર છે. તેને આધારે જ કહેવાય છે, 'અપરિગ્રહઃ પરમો ધર્મ.' ઉપાધિરહિત હોવું એ અપરિગ્રહનું આધારસૂત્ર બને છે. આ સૂત્ર કેટલું સફળ કે અસફળ થયું છે, તેથી સમીક્ષા કરી શકાય છે, પરંતુ ભગવાન મહાવીરે તેનું જે કારણ દર્શાવ્યું છે તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

**દુઃખનું કારણ :**

આત્માનું જે દ્વંદ્વાત્મક અસ્તિત્વ છે, આત્માની સાથે પુદ્ગલનો જે યોગ છે તે યોગ જ પાપનું બહુ મોટું કારણ બને છે. તેને આપણે મિથ્યાત્વ કહીએ, અવિરતિ કહીએ, પ્રમાદ કહીએ, કષાય કહીએ અથવા ચંચળતા કહીએ. વિવિધ ભૂમિકાઓમાં આ અલગ અલગ રૂપ લે છે, પરંતુ તેમના મૂળમાં આત્માની સાથે ઉપાધિનું જોડાવું તે છે, પુદ્ગલનો યોગ થવો તે છે. જેટલી ઉપધિઓ છે અથવા જેટલી ઉપાધિઓ છે, તે બધી જ, માણસને પાપ તરફ દોરી જાય છે. કહેવાય છે, કમ્મુણા ઉવાહી જણયઈ - કર્મથી ઉપાધિ પેદા થાય છે. આપણે એક જ શબ્દમાં કહેવું હોય તો કહી શકાય કે, માણસ કર્મથી બંધાયેલો છે, તેથી તે પાપ કરે છે. બંધાયેલા માણસનું આચરણ એક પ્રકારનું હોય છે અને ખુલ્લા (મુક્ત) માનવીનું આચરણ બીજા પ્રકારનું હોય છે. કોઈ માણસ સહજ રીતે પાપ તરફ કેમ જાય છે ? આ પ્રશ્નનો સીધો ઉત્તર આ જ હોઈ શકે - વ્યક્તિ પરવશ છે. તે સ્વવશ નથી. મનુસ્મૃતિમાં કહેવાયું છે કે, 'સર્વ પરવશં દુઃખં સર્વમાત્મવશં સુખમ્' દુઃખનું કારણ છે પરવશતા. માનવી કર્મથી બંધાયેલો છે, પરવશ છે. તે પરવશતાના કારણે નીચેની તરફ જઈ રહ્યો છે.

**પાપનું મૂળ છે કર્મ :**

મહાવીરે જોયું કે પાપનું મૂળ કર્મ છે. તેથી તેમણે પાપનું વર્જન કર્યું. ઘણી વખત પૂછવામાં આવે છે, જાગરૂકતાની વ્યાખ્યા શી છે ? જાગરૂકતાનો અર્થ શો છે ? કર્મને જુઓ અને પાપનું વર્જન કરો. વ્યક્તિ નિરંતર જોતી રહે કે આ કર્મ છે, આ બંધન છે. વ્યક્તિ સાપને જુએ છે અને તેનાથી બચવાનો પ્રયત્ન કરે છે. વ્યક્તિ આગને જુએ છે અને દિશા બદલી નાખે છે, બચવાનો માર્ગ શોધે છે. તેનો તેને ભય લાગે છે, અને બચાવ માટે પ્રવૃત્ત બને છે. જ્યારે વ્યક્તિ એ જોવા લાગે કે સામે કર્મ છે, બંધન છે, તે દુઃખ દેનાર છે, સતાવનાર છે ત્યારે સ્થિતિ બદલાઈ જાય છે. જે દિવસે આવી સ્થિતિનું નિર્માણ થશે, એ જ દિવસે માનવી બંધનથી ડરવા લાગશે અને એ જ છે જાગરૂકતા. પ્રત્યાખ્યાન એ જ વ્યક્તિ કરી શકે છે, જેને કર્મબંધનની સ્પષ્ટ અનુભૂતિ થઈ જાય. પોતાના બચાવનું આ સૌથી મોટું આલંબન છે, અસ્તિત્વના અનાવરણનું પણ મોટું આલંબન છે.

ભગવાન મહાવીરે જે આચરણ કર્યું, તેની પાછળ જાગરૂકતાનું એક સંપૂર્ણ દર્શન છે. તેને સમજ્યા વગર પાપથી ધર્મ તરફ જવાનું, પ્રમાદથી અપ્રમાદ તરફ જવાનું સહજ નથી.

**જાગરૂકતાનું સૂત્ર :**

ભગવાન મહાવીરે ચેતન અને અચેતન જગતના સંદર્ભમાં પોતાના વિરાટ અસ્તિત્વને જોયું. પ્રત્યેક વ્યક્તિ વિચારે છે, હું છું. આ વિચારમાં તેનો ઘણો સમય વીતે છે. મારે ખાવું છે, મારે પીવું છે, મને ભૂખ લાગી છે, મારે રોટલી બનાવવી છે, મારે વ્યાપાર કરવો છે, પૈસા કમાવા છે. આ ચક્રમાં જ સમગ્ર ચિંતન ચાલે છે. મહાવીરે જોયું : માત્ર હું નથી. હું સર્વસ્વ નથી. માત્ર મારું જ અસ્તિત્વ નથી. બીજા લોકોનું અસ્તિત્વ પણ છે. તેમણે જોયું કે માટીનું પણ અસ્તિત્વ છે. પાણીનું અસ્તિત્વ પણ છે. અગ્નિ અને વાયુનું અસ્તિત્વ પણ છે. ઝાડનું પાંદડું હાલ્યું અને આપણે જાણ્યું કે હવા વહી રહી છે. આપણે હવાને જોઈ શકતા નથી, અનુમાન (અનુભવ)થી જાણીએ છીએ. મહાવીરે વાયુકાયના અસ્તિત્વનો સાક્ષાત્કાર કર્યો. તેમણે જોયું, વનસ્પતિનું પણ અસ્તિત્વ છે. વૃક્ષો-છોડવાઓનું પણ અસ્તિત્વ છે. ઘાસના નાનકડા તણખલાનું અને નાનકડા ફણગા (અંકુર)નું પણ આગવું અસ્તિત્વ છે. અત્યંત સૂક્ષ્મ ઘાસનું પણ પોતાનું અસ્તિત્વ છે.

**જાગરૂકતા : એકાત્મતાની અનુભૂતિ :**

તેમનું દર્શન આગળ ચાલ્યું; કીડી અને કીડા-મંકોડાનું પણ સ્વતંત્ર અસ્તિત્વ છે. વાંદરા અને સસલાનું પણ અસ્તિત્વ છે. માનવીનું અસ્તિત્વ તો સ્પષ્ટ છે. માનવસૃષ્ટિ, પશુસૃષ્ટિથી શરૂ કરીને વનસ્પતિ, વાયુ, અગ્નિ, પાણી

અને માટી આ દરેકનું અસ્તિત્વ છે. મહાવીરે આ દરેકની સાથે એકાત્મતા સ્થાપી અને તેઓ જાગરૂક બની ગયા. જ્યાં સુધી પ્રાણીજગતની સાથે એકાત્મતાની અનુભૂતિ નથી થતી, ત્યાં સુધી કોઈપણ આચરણમાં જાગરૂકતા આવવી શક્ય નથી. આજે રસ્તે જતો માનવી કશી આવશ્યકતા વગર જ ડાળીઓને તોડતો જાય છે. આવી વ્યક્તિ ક્યારેય જાગરૂક બની શકતી નથી. તેમની સાથે એકાત્મતાની અનુભૂતિ નથી કરી શકતી. જો એકાત્મતાની અનુભૂતિ થઈ જાય તો તે એવું કાર્ય કરી નહિ શકે.

**સંદર્ભ : પર્યાવરણની સમસ્યાનો :**

મહાવીરની જાગરૂકતા વ્યક્તિગત જાગરૂકતા નહોતી. તેમની જાગરૂકતા સમગ્ર સંસારની હતી. તેમણે જે દર્શન આપ્યું, તે સાંપ્રત સમસ્યાના સમાધાનનું દર્શન છે. આજના વૈજ્ઞાનિકો આ બાબતથી ચિંતિત છે - જે રીતે પાણીનો અપવ્યય થાય છે એ જોતાં લાગે છે કે એક સમય એવો આવશે કે પીવાનું પાણી સુલભ નહિ હોય. આજે કહેવાય છે, પાણીનો ઓછો ઉપયોગ કરીએ, જરૂર કરતાં વધુ પાણીનો વ્યય ના કરીએ. આપણી પ્રાચીન કહેવત છે, 'પાણીને ઘીની જેમ વાપરો.' આવી ધારણા અત્યંત મહત્ત્વપૂર્ણ હતી.

સૃષ્ટિ સંતુલન શાસ્ત્ર આધુનિક વિજ્ઞાનને માટે વિજ્ઞાનની એક નવી શાખા હોઈ શકે છે, પરંતુ એક જૈનને માટે આ સિદ્ધાંત અઢી હજાર વર્ષ જૂનો છે. સૃષ્ટિ સંતુલનનું જે સૂત્ર મહાવીરે આપ્યું હતું, તે આજે પણ ખૂબ મહત્ત્વપૂર્ણ છે. તેમણે કહ્યું, જે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના અસ્તિત્વનો અસ્વીકાર કરે છે તે પોતાના જ અસ્તિત્વનો અસ્વીકાર કરે છે. પોતાના અસ્તિત્વ જેવું જ તે સૌનું પણ અસ્તિત્વ છે. આપણે આ ત્રાજવે તોળીએ તો માત્ર અહિંસાનો સિદ્ધાંત જ ફલિત નહિ થાય, પણ પર્યાવરણ-વિજ્ઞાનની સમસ્યાનું પણ અગત્યનું સમાધાન મળશે. આ આવશ્યક છે કે અહિંસાને આપણે ફક્ત ધર્મની ભૂમિકા ઉપર રજૂ ના કરીએ. જો તેને વર્તમાન સમસ્યાઓના સંદર્ભમાં પ્રસ્તુત કરવામાં આવે તો મનુષ્યજાતિને એક નવો જ પ્રકાશ મળશે.

**ભાવિ પેઢી શું વિચારશે ?**

આજે પેટ્રોલ ઘણું મળી રહે છે. તે દ્વારા મોટરો-બસો ચાલી રહી છે. વૈજ્ઞાનિકો કહે છે, જો આટલા પ્રમાણમાં જ પેટ્રોલનો ઉપયોગ થતો રહેશે તો સો વર્ષ પછી પેટ્રોલ સમાપ્ત થઈ જશે. ઈંધણ સમાપ્ત થઈ જશે. આજે ઈંધણ (ઊર્જા)ના નવા સ્રોતોનું સંશોધન ચાલી રહ્યું છે. વૈજ્ઞાનિકો ચિંતિત છે કે, ઊર્જા વગર કામ કેમ ચાલશે ? આજે સમગ્ર વૈજ્ઞાનિક વિકાસ વિદ્યુતના વિકાસ ઉપર અવલંબિત છે. જો આ એક ઊર્જા સમાપ્ત થઈ જાય તો વૈજ્ઞાનિક યુગ સમાપ્ત થઈ જાય. જમીનમાં ના જાણે કેટલાં વર્ષોથી પેટ્રોલ ભરેલું પડ્યું હતું ! તેને

કોઈએ કાઢ્યું નહિ. તેને કાઢવામાં વૈજ્ઞાનિક યુગની વિશેષતા છે, પરંતુ પેટ્રોલ એટલું બધું કાઢવામાં આવી રહ્યું છે કે તેની કોઈ સીમા જ નથી ! સો વર્ષ પછી આવનારી પેઢી કહેશે કે અમારા પૂર્વજોએ અમારી સાથે અન્યાય કર્યો. અત્યાચાર કર્યો. અમારા પૂર્વજો અત્યંત સંપન્નતાથી રહ્યા, તેમણે પેટ્રોલ વગેરે પદાર્થોનો ખૂબ ઉપયોગ કર્યો, પરંતુ અમારા માટે કાંઈ જ ના રાખ્યું !

શું પોતાની દરિદ્રતા માટે તે પેઢી પોતાના પૂર્વજોની નિંદા નહિ કરે ? આપણા પૂર્વજોએ સંયમ રાખ્યો, કઠોર જીવન જીવ્યા, તેનું પરિણામ આજે આપણે ભોગવી રહ્યા છીએ. તેઓ પોતે મુશ્કેલીઓ વેઠીને આપણા માટે સુવિધાઓ મૂકી ગયા. જો વર્તમાન જીવનની પરિચર્યા જોઈએ તો, આ પ્રશ્ન ગંભીર બની જાય છે. જેટલો અસંયમ અને ભોગ આજની પેઢીમાં ચાલી રહ્યો છે તેની ભાવિ પેઢી ઉપર શી અસર પડશે ? આપણા પૂર્વજોએ જે જીવન જીવ્યું તે આપણા માટે વરદાન બની રહ્યું, પરંતુ આજે આપણે જેવું જવન જીવી રહ્યા છીએ તે ભાવિ પેઢી માટે શું અભિશાપ નહિ બને ? આપણે ભાવિ પેઢીને દરેક દૃષ્ટિએ દરિદ્રતા તરફ ધકેલી રહ્યા છીએ આ સમજદારીની વાત નથી.

**જાગરૂકતાનું આધારસૂત્ર :**

જમીનનું વધુ પડતું શોષણ ખરેખર સમસ્યા પેદા કરે છે. જેમ જમીનની સમસ્યા છે તેમ પાણીની સમસ્યા છે. મહાવીરે કહ્યું, મૂર્ચ્છા અને ભોગ ઘટાડતા રહો. આ એક મહાન સિદ્ધાંત છે. પરંતુ તેને કોઈ મહત્ત્વ આપવામાં આવ્યું નથી. પાણીનો બગાડ થઈ રહ્યો છે અને તેની સમસ્યા ઘેરી બની રહી છે. ઊર્જાની સમસ્યા પણ સ્પષ્ટ છે, અને તેમાં વૃદ્ધિ થતી રહી છે. હવાની પણ સમસ્યા ઊભી થશે. એક સમય હતો, જે સહજ હવા વહેતી હતી, વ્યક્તિ તેમાં જ સંતોષ માનતી. તે સ્વાભાવિક જીવન હતું. પરંતુ માનવીથી રહેવાયું નહિ. તેણે પંખા બનાવ્યા. આજકાલ કૃત્રિમ રીતે હવા ફેલાવનારાં ના જાણે કેટલાંય સાધનો બની ગયાં છે. શક્ય છે કે હવાનાં સાધનો પણ કોઈક દિવસ વિશેષ ખતરનાક બની જાય. વનસ્પતિની સમસ્યા પણ ઓછી નથી. આ સમગ્ર પર્યાવરણની સમસ્યા સૃષ્ટિસંતુલન માટે એક મોટો ભય છે.

ભગવાન મહાવીરે પાંચ સ્થાવરકાયની જે વાત કરી છે તે ખૂબ જ મહત્ત્વની છે. સ્થાવર જગતની સાથે એકાત્મતાની અનુભૂતિ હોવી જોઈએ. જેવું આપણું અસ્તિત્વ છે, તેવું જ સૃષ્ટિનું અસ્તિત્વ છે, વનસ્પતિ વગેરેનું અસ્તિત્વ છે. જેમ જેમ આ અનુભૂતિ સ્પષ્ટ અને પ્રખર થતી જશે તેમ તેમ આપણી જાગરૂકતા વધતી જશે. જાગરૂકચર્યાનો આધાર છે, સમગ્ર પ્રાણીજગત સાથે એકાત્મકતા. માત્ર પ્રાણીજગત સાથે જ નહિ, પુદ્ગલ જગતની સાથે પણ એક વિશેષ પ્રકારની અનુભૂતિ હોવી જોઈએ. એક નિર્જીવ વસ્તુને પણ વગર કારણે અહીં-તહીં રાખવી તે અસંયમ છે. જીવનો અસંયમ હોય છે તેમ

અજીવનો પણ અસંયમ હોય છે. એટલે કે અજીવ પદાર્થને પણ વગર કારણે અહીં-તહીં ફેરવવો યોગ્ય નથી. ભગવાન મહાવીરે જાગરૂકતાનું જે સૂત્ર આપ્યું, જે જાગરૂકતા મહાવીર જીવ્યા - તેનું આધારસૂત્ર છે : અસ્તિત્વની સ્વીકૃતિ.

**ઉપધિ અને અહંકાર :**

જાગરૂકતાનો બીજો આધાર છે : ઉપધિનો ઘટાડો. ઉપધિ માનવીને ભટકાવે છે. ઉપધિને લીધે વ્યક્તિમાં અહંકાર પ્રબળ બને છે. મનુષ્યમાં એટલો બધો અહંકાર છે કે, તે બીજાઓના અસ્તિત્વને જાણવા છતાં તેને સ્વીકૃતિ નથી આપતો. અહંકારથી સભર વ્યક્તિ પોતાની સ્થિતિનો પણ સાચો અર્થ (બોધ) પામી શકતી નથી.

સુકરાત પાસે એક મોટો જમીનદાર આવ્યો. તે અહંકારથી છલોછલ હતો. સુકરાતે પૂછ્યું, "કેમ આવ્યા છો ?"

"આપની પાસે જ્ઞાનની વાતો સાંભળવા આવ્યો છું."

"તમે ક્યાંથી આવ્યા છો ?"

"હું આ શહેરનો ખ્યાતનામ જમીનદાર છું. સામંત છું. હું અપાર વૈભવશાળી છું. સંપત્તિશાળી છું."

"તમે સામે પડેલા વિશ્વના નકશાને મારી પાસે લાવો."

તે ઊઠ્યો અને વિશ્વનો નકશો લાવ્યો.

"આમાં યુરોપ ક્યાં છે ?"

જમીનદારે એક નાનકડા ભાગ ઉપર આંગળી મૂકતાં કહ્યું, "આ યુરોપ છે."

"તેમાં યુનાન ક્યાં છે ?"

જમીનદારે યુરોપના ભૂ-ભાગમાં એક બિંદુ ઉપર આંગળી મૂકી. તેણે કહ્યું, 'આ યુનાન છે.'

"આમાં તમારી જમીનદારી ક્યાં છે ?"

"જ્યાં યુનાન જ એક બિંદુ જેટલું છે તેમાં મારી જમીનદારી ક્યાંથી દેખાય ?"

"તમારી આટલી મોટી જમીનદારી આ નકશામાં આવી નથી શકતી ?"

"ના, મહારાજ !"

"વિશ્વના નકશામાં એક બિન્દુ જેટલી પણ જમીન તમારી પાસે નથી અને તમે તેનો ઘમંડ કરો છો ? મારો ઉપદેશ આ જ છે કે તમે ઘમંડને છોડી દો."

જમીનદારનો અહંકાર ચૂરેચૂરા થઈ ગયો.

જે માનવીને પોતાની સામાન્ય ધનસંપત્તિ પર ઘમંડ હોય છે, તે જાગરૂક બની નથી શકતો. મૂર્ચ્છામાં પડ્યો રહે છે. પરંતુ જ્યારે તે આ વિરાટ સંસારને જુએ છે, ત્યારે તેને લાગે છે કે પોતે કાંઈ જ નથી.

**જાગરૂકતા : જીવનનું અંગ**

મહાવીરે માત્ર જાગરૂકતાનું દર્શન જ નથી આપ્યું, પરંતુ તેને પોતાના જીવનનું મુખ્ય અંગ બનાવ્યું. આપણે આચારાંગ સૂત્રના નવમા ઉદ્દેશકને વાંચીએ, તેમાં મહાવીરનું જીવનદર્શન મળે છે. તેને જાણ્યા વગર, જીવ્યા વગર માત્ર મહાવીરની ગાથા ગાવાથી કાંઈ આપણને મળશે નહિ. જ્યાં સુધી આપણે મહાવીરની જાગરૂકતાનાં આધારસૂત્રોને નહિ સમજીએ ત્યાં સુધી આપણે જાગરૂકતાનું જીવન નહિ જીવી શકીએ. જાગરૂકતાનાં બે આધારસૂત્રો રજૂ થયાં છે : પ્રથમ છે પ્રાણીમાત્રના અસ્તિત્વનો સ્વીકાર અને તેની સાથે એકાત્મતાની અનુભૂતિ, બીજું છે મૂર્ચ્છાનું અલ્પીકરણ. જેમ જેમ આ બે સૂત્રો જીવનમાં સાકાર થતાં જશે તેમ તેમ પ્રમાદ ઘટતો જશે. જાગરૂકતા વધતી જશે.

●

# 12. વર્ધમાન : નિદ્રાસંયમ

**નિદ્રાના ત્રણ પ્રકાર :**

ભગવાન મહાવીર ખૂબ ઓછું ઊંઘ્યા હતા. કહેવાય છે કે બાર વર્ષમાં તેઓ માત્ર થોડીક મિનિટ ઊંઘ્યા હતા. જો કોઈ અજાણી વ્યક્તિ હોય તો કદાચ એમ ટીકા કરે કે, ભગવાનને અનિદ્રાની બીમારી હશે. અન્ય શું કારણ હોઈ શકે ? તે જમાનામાં ઊંઘની ગોળીઓ બનાવતી-વેચતી મોટી મોટી કંપનીઓ નહોતી. આજે અબજો-ખરવો રૂપિયાની ઊંઘની ગોળીઓ વેચાય છે. ઊંઘની ગોળીઓ વેચીને મોટી મોટી કંપનીઓ અબજો રૂપિયા કમાય છે. મહાવીરને ઊંઘ નહિ આવી હોય તેથી તે બહુ ઓછું ઊંઘ્યા હશે, આવી કલ્પના કોઈપણ વ્યક્તિ કરી શકે છે.

નિદ્રાના સ્વરૂપનો વિચાર કરીએ તો તેને ત્રણ ભાગમાં વહેંચી શકાય: નિદ્રા, અતિનિદ્રા અને અનિદ્રા. નિદ્રા લેવી એ સ્વાભાવિક વાત છે. અતિનિદ્રા અને અનિદ્રા બન્ને બીમારીઓ છે. મહાવીરમાં આ ત્રણે સ્થિતિનો અભાવ હતો. આયુર્વેદાચાર્યોએ નિદ્રાના આ ત્રણ વિભાગ કર્યા છે. અનિદ્રાનો એક વધુ વિભાગ કરી લેવો જોઈએ. અનિદ્રાના બે પ્રકાર હોઈ શકે છે. ઊંઘ ન આવે તે તો અનિદ્રા છે જ, પણ ઊંઘને આવવા જ ના દે તે પણ અનિદ્રા છે.

**નિદ્રા : કારણ**

મહાવીરને નિદ્રાની બીમારી નહોતી. તેમને ઊંઘ તો આવતી હતી, પણ તેઓ તેને ઉડાડી દેતા હતા - જાગૃત થઈ જતા હતા. જ્યારે જ્યારે નિદ્રા સતાવતી, તેઓ તેને દૂર કરવાનો પ્રયત્ન કરતા. જો નિદ્રા આવતી જ ના હોત

તો જાગવાનો પ્રયત્ન જ શા માટે તેઓ કરતા હોત ? ઊંઘ આવે ત્યારે તેઓ બહાર નીકળી જતા. ઘૂમતા. ઊંઘને ઉડાવવા વારંવાર કટિબદ્ધ થતા. આપણી સામે પ્રશ્ન છે : તેઓ અનિદ્રાના રોગથી ગ્રસ્ત નહોતા તો પછી શા માટે જાગતા રહેતા ? તેમણે આટલું બધું જાગરણ કેવી રીતે કર્યું ? તેનું રહસ્ય શું છે ? આ પ્રશ્ન સ્વાભાવિક રૂપે જ વ્યક્તિના મનમાં જાગે છે.

આયુર્વેદમાં નિદ્રા આવવાના કેટલાક વિકલ્પો મળે છે :

**।। શ્લેષ્મસમુદ્‌ભવા મનઃશરીરશ્રમસંભવા આગંતુકી રોગાનુવર્તિની રાત્રૌ સ્વભાવપ્રભવા ।।**

૧. કફવૃદ્ધિ

૨. શારીરિક અને માનસિક શ્રમ.

૩. આગંતુકી - વિકૃતિજન્ય

૪. રોગાનુવર્તિની - રોગને કારણે ઉત્પન્ન થનાર.

૫. સ્વાભાવિકી - રાત્રે સ્વભાવથી આવતી નિદ્રા.

ચરકમાં કહેવાયું છે કે -

***યદા તુ મનસિ કલાંતે, કર્માત્માનઃ કલ્માન્વિતા : ।***
***વિષયેભ્યો નિવર્તન્તે, તદા સ્વપિતિ માનવઃ ।।***

**અનિદ્રા : કારણ :**

આયુર્વેદમાં નિદ્રા ન આવવાનાં - અનિદ્રાનાં પણ અનેક કારણો દર્શાવ્યાં છે :

૧. વાતનો પ્રકોપ.

૨. પિત્તનો પ્રકોપ.

૩. માનસિક તનાવ.

૪. અભિઘાત.

૫. દિલ ઉપર એકાએક આઘાત લાગવો.

૬. ધાતુક્ષય.

**નિદ્રાનો વિકલ્પ :**

મહાવીરને ના તો વાતનો પ્રકોપ હતો, ના પિત્તનો પ્રકોપ હતો. અને ના તો માનસિક તનાવ હતો કે આઘાતનો કોઈ પ્રશ્ન પણ નહોતો. તેઓ આ બધાથી મુક્ત હતા. તેમને અનિદ્રાની બીમારી નહોતી, છતાં તેમણે અનિદ્રાનું જીવન જીવ્યું. જાગરૂકતાનું જીવન જીવ્યું. મહાવીર નિરંતર જાગૃત બની રહ્યા, તેનું રહસ્ય છે : તેમણે નિદ્રાનો વિકલ્પ શોધી લીધો.

જે માણસ નિદ્રાનો વિકલ્પ નથી શોધી શકતો, તેને નિદ્રા ખૂબ સતાવે છે. જો વ્યક્તિ નિદ્રાનો વિકલ્પ શોધી કાઢે છે તો નિદ્રાની સ્થિતિ કમજોર બની જાય છે. મહાવીર પાસે વિકલ્પ હતો : ભીતરની જાગૃતિ. જે વ્યક્તિ ભીતરમાં

જાગવાનું શીખી જાય છે, તે નિદ્રાને કમજોર બનાવવામાં સફળ બની રહે છે. મહાવીર ભીતરમાં જાગરૂક બની રહ્યા. મહાવીર જેવું આત્મજાગૃત વ્યક્તિત્વ સાધનાક્ષેત્રે દુર્લભ છે. તેઓ નિરંતર એક જ ધ્યાનમાં - કેવળ આત્માના ધ્યાનમાં મગ્ન હતા. તેમણે આત્મા સાથે એટલી બધી એકાગ્રતા સ્થાપી દીધી હતી કે નિદ્રાને ભાગ્યે જ અવકાશ મળતો ! જ્યારે નિદ્રાને અવકાશ મળતો, મહાવીર આત્મા સાથે જોડાઈ જતા. આત્મા સાથે જોડાઈ જવું એ નિદ્રાનો એક વિકલ્પ છે. આ વિકલ્પથી નિદ્રાને જીતી શકાય છે.

**નિદ્રા અને મહાવીર :**

ભગવાન મહાવીર શારીરિક શ્રમ પણ કરતા હતા. ઘણા સાધકો આશ્રમ બનાવીને બેસી જાય છે, બિલકુલ નિવૃત્ત બનીને બેસી રહે છે.મહાવીરની સમગ્ર સાધના તેનાથી વિપરીત હતી. મહાવીર ક્યાંય એક સ્થળે સ્થિર રહ્યા નહોતા. તેઓ ગીચ જંગલોમાં ગયા, સ્મશાન અને શૂન્યાગારોમાં વિહર્યા, અનાર્ય દેશોમાં પરિભ્રમણ કરતા રહ્યા. તેમને શારીરિક શ્રમ ઘણો હતો પણ માનસિક શ્રમ બિલકુલ નહોતો.

નિદ્રા આવવાનાં મુખ્ય બે કારણ છે : શરીરનો શ્રમ અને મનનો શ્રમ. કદાચ શરીરના શ્રમ કરતાં મનનો શ્રમ નિદ્રાનું કારણ અધિક બને છે. મહાવીરને માનસિક શ્રમનું કોઈ કાર્ય નહોતું. તેમણે ના તો અભ્યાસ કર્યો, ના કોઈને ગુરુ બનાવ્યા. ના કાંઈ વિચારવાનું-ના કાંઈ ચિંતન કરવાનું. માનસિક તનાવને પાંગરવાનો કોઈ અવકાશ જ નહોતો. જો શરીર અને મનના શ્રમની સાથે નિદ્રાનો સંબંધ પચાસ ટકા જોડીએ તો, પચાસ ટકા નિદ્રા સ્વયમેવ જિતાઈ ગઈ. તેમને મનનો કોઈ શ્રમ નહોતો; તેથી મનના શ્રમથી આવતી નિદ્રા સમાપ્ત થઈ ગઈ.

**વિલક્ષણ વાત :**

શરીરના શ્રમનો સંદર્ભ લઈએ. મહાવીરે શારીરિક શ્રમને પણ આશ્રમમાં બદલી નાખ્યો ! તેમણે કાયોત્સર્ગ દ્વારા શરીરનું શિથિલીકરણ કર્યું. નિદ્રા ઉપર ત્રીસ ટકા વધુ વિજય મેળવ્યો ! બાકી રહી વીસ ટકા નિદ્રા. ભગવાન મહાવીરે બાર વર્ષમાં એક દિવસ પણ સુખેથી રોટલી નહોતી ખાધી. અર્થાત્ જે વ્યક્તિ દરરોજ આરામથી ખૂબ જમે છે, તેને નિદ્રા વધુ સતાવે છે. સાધનાકાળમાં મહાવીર એકલા હતા. ના સાધુ-સાધ્વીઓ હતાં, ના શ્રાવક-શ્રાવિકાઓ હતાં ! પૂરું ભોજન જ નથી લીધું તો નિદ્રા શી રીતે આવે ? આ કારણે વધુ દસ ટકા નિદ્રા ઉપર નિયંત્રણ કેળવ્યું. સો ટકામાંથી હવે માત્ર દસ ટકા જ રહ્યા. આપણે જાણીએ છીએ કે, જેની નેવું ટકા શક્તિ ચાલી જાય છે, માત્ર દસ ટકા જ શક્તિ બાકી રહે છે તેની સ્થિતિ કેવી હોય છે ? નિદ્રાની શક્તિ ક્ષીણ થઈ ગઈ. નિદ્રાને સ્થાન એ જ આપે છે, જે ભરપેટ

ભોજન જમે છે, શારીરિક-માનસિક શ્રમ કરે છે. મહાવીર અલબેલા યોગી હતા. નિદ્રા માટે તેમની પાસે કોઈ સ્થાન જ નહોતું. નિદ્રાનાં સંભવિત કારણોના અધ્યયનના આધારે કહી શકાય કે, ભગવાને નિદ્રાનાં કારણોને જ મિટાવી દીધાં !

ભગવાન મહાવીર બાર વર્ષમાં એક મુહૂર્તથી વધુ નથી ઊંઘ્યા, આ સાંભળીને આશ્ચર્ય થઈ શકે છે. જો છ મહિના પણ નિદ્રા ન આવે તો, માણસ પાગલ થઈ જાય છે, બાર વર્ષ સુધી ના ઊંઘ્યા અને છતાં પ્રભુત્વ, પ્રસન્નતા તથા શક્તિ યથાવત રહ્યાં એ વિલક્ષણ વાત છે. મહાવીરની સાધનાનો આ એક અદ્ભુત પ્રયોગ છે.

**સંયમ અને જાગરણનો સિદ્ધાંત :**

જો આપણે નિદ્રા અને અતિનિદ્રાનાં કારણોથી બચીએ તો નિદ્રાની શક્યતાથી બચી શકાય છે. સામાન્ય માનવી ના તો અનિદ્રામાં જીવે છે કે ના તો અતિનિદ્રામાં જીવે છે. તે નિદ્રાની સામાન્ય સ્થિતિને જ જીવે છે, નિદ્રાની સામાન્ય સ્થિતિ પણ સૌને માટે સરખી નથી હોતી. એક માણસ આઠ-દસ કલાક ઊંઘે છે તો ય તેનું માથું ભારે ભારે રહે છે, અને બીજો માણસ બે-ત્રણ કલાક ઊંઘીને પણ આરામથી ઊઠે છે; તાજગીવાળો બની રહે છે. આહાર અને નિદ્રા આ બન્ને વ્યક્તિગત બાબતો છે. આહાર અને નિદ્રાની આવશ્યકતાને એક ત્રાજવે તોળી શકાય નહિ. એમ કહી ના શકાય કે, આટલા કલાક ઊંઘવું જોઈએ - આટલા કલાક નહિ. આટલું ખાવું જોઈએ- આટલું નહિ. પરંતુ અતિનિદ્રા અને અતિ આહારથી તો અવશ્ય બચવું જોઈએ. આ સંયમ અને જાગરણનો સિદ્ધાંત છે. સૂવાની સાથે સૂવાનો વિવેક પણ જરૂરી છે.

**વિવેક જરૂરી છે :**

મહાવીરના જીવનદર્શન દ્વારા આ મહત્ત્વપૂર્ણ સૂત્ર પુરવાર થાય છે : આવશ્યક અને અનાવશ્યકનો વિવેક. આ ખૂબ મૂલ્યવાન સૂત્ર છે, જે સમાજ માટે પણ ઉપયોગી બને છે. આવશ્યક અને અનાવશ્યક એટલે અર્થ અને અનર્થનો વિવેક. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં આ સૂત્ર લાગુ પાડી શકાય છે. વ્યક્તિમાં આ દૃષ્ટિ જાગી જાય કે, હું અમુક કાર્ય પ્રયોજનપૂર્વક કરી રહ્યો છું અને અમુક કાર્ય નિષ્પ્રયોજન કરી રહ્યો છું. વિવેકનું આ જાગરણ જીવનની સફળતાનું બહુ મોટું સૂત્ર બને છે.

લાલા લજપતરાય પાસે એક વ્યક્તિ ફંડફાળો ઉઘરાવવા આવી. પ્રસંગ આવો બન્યો : તેઓ ફરવા માટે જઈ રહ્યા હતા. કોચવાન ઘોડો પલાણતો હતો. સાથે એક નોકર હતો. લાલાજીએ નોકરને કહ્યું, 'ફાનસ પણ સળગાવો.' નોકર માચીસ લાવ્યો. દિવાસળી કાઢી. તે સળગાવી, પણ ફાનસ સળગે તે પૂર્વે દિવાસળી બુઝાઈ ગઈ. આવું ત્રણ-ચાર વખત બન્યું. લાલા

લજપતરાય નોકર ઉપર ઉકળી ઊઠ્યા. ફાળો માગવા આવેલી વ્યક્તિ એ જોઈને દંગ રહી ગઈ. ફાળો માગવાની તેની હિંમત જ ન ચાલી. લાલા લજપતરાય ઘોડી ઉપર ચઢ્યા અને આગંતુકને કહ્યું, "આપ પણ આવી જાઓ... આપ શા માટે પધાર્યા હતા ?"

"નહિ નહિ, હું તો અમસ્તો જ આવ્યો હતો."

"આપ આવ્યા જ છો તો આવવાનું પ્રયોજન કહો."

"હું આપની પાસે ફાળો માગવા આવ્યો હતો, પણ હવે ઇચ્છા નથી."

"ઇચ્છા કેમ નથી ? શી વાત છે ? આપને શી (કેટલી) જરૂરત છે ?"

આગંતુકે સમગ્ર હકીકત કહી. લાલાજીએ તત્કાળ દસ હજાર રૂપિયાનું અનુદાન આપી દીધું.

આગંતુક વિસ્મિત થઈ ઊઠ્યો. તે જમાનામાં દસ હજાર રૂપિયા પણ ખૂબ મૂલ્ય ધરાવતા હતા. આગંતુકથી રહેવાયું નહિ. તેણે કહ્યું, 'લાલાજી ! એક વાત પૂછવા માગું છું. આપે બે-ત્રણ દિવાસળીઓ માટે નોકરને ધમકાવી માર્યો અને મને એકીસાથે દસ હજાર રૂપિયા આપ્યા ! આપના આવા વ્યવહારનું રહસ્ય મને સમજાયું નહિ !'

લાલાજી બોલ્યા, 'તમે જાણતા નથી. મને એક પૈસાનો પણ વ્યર્થ ખર્ચ પસંદ નથી અને જ્યાં આવશ્યકતા છે ત્યાં દસ હજાર તો શું લાખ રૂપિયા થઈ જાય તોય મને કોઈ ચિંતા નથી.'

**જાગરૂકતાનું નિદર્શન :**

આ જીવનનું મોટું સૂત્ર છે. આજે આ વાતને લોકો સમજી નથી શકતા. જો આ સૂત્ર પકડમાં આવી જાય તો અનેક સમસ્યાઓ ઊકલી જાય. મહાવીરના જીવનદર્શનથી વ્યવહારનું આ સૂત્ર પ્રસ્ફુટિત થાય છે : આવશ્યકતા અને અનાવશ્યકતાનો વિવેક. અર્થ અને અનર્થનો વિવેક. ભગવાન મહાવીરે આ તથ્યને જાણ્યું હતું. મારે કેટલી નિદ્રા લેવી આવશ્યક છે અને કેટલી નિદ્રા લેવી અનાવશ્યક. આ આધારે ભગવાન મહાવીરે પોતાના જીવનની પૂરી ચર્યા બનાવી અને તેઓ તે ચર્યાને અનુરૂપ ચાલતા રહ્યા. મહાવીરની સામે અતિનિદ્રાનો કે અનિદ્રાનો પ્રશ્ન નહોતો. મહાવીરની નિદ્રા ન નિદ્રા હતી, ન અનિદ્રા હતી, પરંતુ જાગરૂક નિદ્રા હતી. તેઓએ જ્યારે ઇચ્છ્યું ત્યારે ઊંઘ્યા. અંતર્મુહૂર્ત નિદ્રા પણ એમણે એકીસાથે નહોતી લીધી. ક્યારેક બે ક્ષણ નિદ્રા લીધી ક્યારેક ચાર ક્ષણ નિદ્રા લીધી. તેઓ એકીસાથે વધુ નથી ઊંઘ્યા. જો કોઈ ડાયરી લખનાર હોત તો, નિદ્રાનો સમય અને સ્થાન લખનાર હોત તો અંતર્મુહૂર્તની નિદ્રાના વિવરણથી કદાચ આખી ડાયરી ભરાઈ જાત. આ મહાવીરની જાગરૂકતાનું નિદર્શન છે.

**સમાધાન છે કાયોત્સર્ગ :**

મહાવીરનું જીવનદર્શન જાગરૂકતાનું જીવનદર્શન છે. તેમણે જાગરૂકતાના અનેક પ્રયોગ કર્યા. જે વ્યક્તિ સારો કાયોત્સર્ગ કરવાનું જાણે છે, તે નિદ્રાની પૂર્તિ કરી શકે છે. યોગ્ય ધ્યાન દ્વારા પણ નિદ્રાની પૂર્તિ કરી શકે છે. યોગ્ય ધ્યાન દ્વારા પણ નિદ્રાની પૂર્તિ થઈ શકે છે. એમ પણ માનવામાં આવે છે કે, જ્યારે શરીરમાં લાલ રંગ વિશેષ હોય છે, વાદળી રંગ ઓછો થઈ જાય છે અથવા વાદળી રંગ વધી જાય અને લાલ રંગ ઘટી જાય ત્યારે પણ નિદ્રાનું સંતુલન બગડી જાય છે. જો બન્ને રંગોનું સંતુલન જળવાઈ રહે, તો નિદ્રાનું સંતુલન પણ સચવાય છે. તેનું (રંગોનું) અસંતુલન નિદ્રામાં અસંતુલન પેદા કરે છે.

વર્તમાન યુગ નિદ્રાની બીમારીથી ગ્રસ્ત છે. નિદ્રાની બીમારીવાળી વ્યક્તિ માટે મહાવીરનું આ દર્શન બહુ ઉપયોગી થઈ શકે છે. પ્રેક્ષાધ્યાન શિબિરમાં તપામંડીના એક વકીલ જોડાયા હતા. તેમનો ચહેરો નિસ્તેજ અને ઉદાસ લાગતો હતો. તેમણે દસ દિવસ સુધી કાયોત્સર્ગનો સઘન અભ્યાસ કર્યો. શિબિરની સમાપ્તિ વખતે તેમણે પોતાનો અનુભવ વર્ણવતાં કહ્યું, 'હું બાવીસ વર્ષથી અનિદ્રાની બીમારી ભોગવી રહ્યો હતો. ઊંઘની ગોળીઓ લેવા છતાં નિદ્રા બરાબર આવતી નહોતી. મને કોઈ સ્થાયી ઉકેલ નહોતો મળ્યો. પરંતુ આજે મને એ બીમારીનો અચૂક ઉપાય મળ્યો છે.'

**આકર્ષણની દિશા બદલીએ :**

કાયોત્સર્ગ નિદ્રાની બીમારીનો બહુ સચોટ ઉપાય છે. શ્વાસપ્રેક્ષા અને શરીરપ્રેક્ષા પણ તેનું એક સમાધાન છે. નીલા અને લાલ રંગનું સંતુલન પણ નિદ્રાની સમસ્યામાંથી મુક્તિ મેળવવાનો સમર્થ ઉપાય છે. જો જાગરૂકતાનું સૂત્ર હાથમાં આવી જાય તો નિદ્રાજન્ય બીમારીઓની સમાપ્તિનું સૂત્ર પણ મળી જાય. મહાવીર જેવા જાગરૂક તીર્થંકરને જાણનાર-સમજનાર વ્યક્તિ જાગરૂકતાના સૂત્રને ના અપનાવે તે વિસ્મયની વાત છે. આપણે આચાર્યશ્રી તુલસીના જીવન દ્વારા પણ જાગરૂકતાનો પાઠ શીખી શકીએ છીએ. આચાર્યશ્રીનું આહાર, નિદ્રા અને આસન ઉપર જે નિયંત્રણ છે, તે ખરેખર અનુકરણીય છે. જો નિદ્રા પ્રત્યેનું આકર્ષણ ઓછું થઈ જાય તો, આકર્ષણની દિશા બદલાઈ જાય તો નિદ્રાસંયમની દિશામાં પ્રસ્થાન શક્ય બને છે. જ્યાં સુધી સ્વાધ્યાય, ધ્યાન, આત્મચિંતન વગેરે પ્રત્યે આકર્ષણ નહિ થાય ત્યાં સુધી દિશા નહિ બદલાય. આજે દિશા બદલવાની જરૂર છે. જો આપણે નિદ્રા પ્રત્યે જાગરૂક થવું હોય તો, આકર્ષણની દિશાને બદલવી જ પડશે. આકર્ષણની દિશાને બદલવી એ જ જાગરૂકતા છે. દિશા-પરિવર્તનનો અર્થ છે, નિદ્રાસંયમ-નિદ્રાવિજયની દિશામાં પ્રસ્થાન.

★

# વર્ધમાન : પરિષહોના ભરડામાં 13.

**અનાર્ય પ્રદેશમાં વિહાર શા માટે ?**

ભગવાન મહાવીરનો સાધનાકાળ વીતી રહ્યો હતો. સાધના કરતાં કરતાં તેમના માનસમાં એક સંકલ્પ જાગ્યો. તેમણે બંગાળ પ્રાંતના એ ભાગમાં પ્રસ્થાન કર્યું, જ્યાં અશિષ્ટ અને જંગલી આદિવાસી લોકો વસતા હતા. પ્રશ્ન ઉદ્ભવ્યો, ભગવાન ત્યાં કેમ ગયા ? આપણા પ્રાચીન વ્યાખ્યાકાર સમાધાન આપે છે કે કર્મોની ખૂબ નિર્જરા કરવાની હતી તે કારણે, મહાવીરે કષ્ટો સહન કરવા માટે અનાર્ય પ્રદેશમાં વિહાર કર્યો. આ એક સમાધાન છે, દષ્ટિકોણ છે. જે ભાષ્યકાર અને વ્યાખ્યાકાર હોય છે, તેનો પોતાનો દષ્ટિકોણ પણ તેની સાથે જોડાતો હોય છે. આ એક ઉદ્દેશ હોઈ શકે છે, પરંતુ એક જ ઉદ્દેશ હોય એવો નિયમ બનાવી નથી શકાતો. તેની સાથે અન્ય વાતો પણ શોધી શકાય છે. કર્મની નિર્જરાનાં અન્ય ઘણાં સ્થાન હોઈ શકે છે. તે માટે ઘણું બધું થઈ શકે તેમ હતું. ત્યાં જવા માટે બીજો ઉદ્દેશ પણ હોઈ શકે છે. એવું કેમ ના માનીએ કે, મહાવીરના મનમાં એક સંકલ્પ જાગ્યો, તેમણે એક પ્રયોગ કર્યો - જે લોકો અસભ્ય છે તેમને ધ્યાન દ્વારા બદલવા જોઈએ. પરિવર્તનમાં મહાવીરને ઊંડી શ્રદ્ધા હતી. ધ્યાન એક પ્રયોગ છે, પરિવર્તનનો. શક્ય છે કે ભગવાન મહાવીરના મનમાં બીજાઓને બદલવાનો સંકલ્પ જાગ્યો હોય. તે સમયની ઘટનાઓને જોતાં આ સંભાવનાને સમર્થન મળે છે.

**સંભાવનાનો આધાર :**

ભગવાન બુદ્ધના યુગની ઘટના છે. એક રાજા અત્યંત ક્રૂર હતો. કોઈ

વ્યક્તિએ આવીને બુદ્ધના મુખ્ય શિષ્યને કહ્યું, 'મહારાજ ! અમુક રાજા ખૂબ જ ક્રૂર છે. તેને આજ સુધી કોઈ બદલી (સુધારી) શક્યું નથી. જો આપ ચાહો તો તેને સુધારી શકો છો.' તેના અનુરોધનો આનંદે સ્વીકાર કર્યો. તેમણે નગરની બહાર બગીચામાં ઊભા ઊભા ધ્યાન શરૂ કર્યું. પ્રથમ પૂર્વ દિશા તરફ રહીને ધ્યાન કર્યું, પછી પશ્ચિમ દિશામાં, પછી ઉત્તર અને દક્ષિણ દિશા તરફ ઊભા રહીને ધ્યાન કર્યું. નગરની ચારે તરફ ધ્યાન કરવાથી પરિણામ એ આવ્યું કે રાજા બદલાઈ ગયો. રાજા કોમળ બન્યો, સદ્વ્યવહાર કરવા લાગ્યો.

તે સમયે આવા પ્રયોગો થતા હતા. ક્રૂર અને અશિષ્ટ વ્યક્તિને બદલવાની એક પદ્ધતિ છે. શક્યતા છે કે ભગવાન મહાવીરના મનમાં પણ આ ભાવના જાગી હોય. ભગવાન મહાવીરે વિચાર્યું હશે કે મારું કલ્યાણ થાય, તેની સાથોસાથ તેમનું પણ કલ્યાણ થઈ જાય. અનાર્ય પ્રદેશોમાં જવા માટેનું આવું કારણ પણ હોઈ શકે છે અને આ કારણ વધુ મજબૂત પ્રતીત થાય છે.

**નિ:શસ્ત્ર અને એકલા :**

મહાવીર એ જાણતા હતા કે તે લોકો અસભ્ય અને અશિષ્ટ છે. તે લોકોની વચ્ચે એકલા જવું એ કાંઈ હસી-મજાક નહોતું. મહાવીર સિવાય બીજા લોકો પણ ત્યાં જતા હતા. જેવી રીતે આજકાલ પહાડી પ્રદેશોમાં લોકો પોતાનું કાર્ય કરવા માટે જાય છે, તેવી રીતે બીજા ધર્મોના માનનારા પણ તે સમયે ત્યાં જતા અને તેમને સમજાવતા હતા. તે સંથાલ પરગણા ક્ષેત્રમાં બીજા ધર્મના સંન્યાસી ગયા હતા, પણ તેઓ એકલા નહોતા ગયા. તેઓ સાથે મળીને ગયા, હાથમાં લાકડીઓ લઈને ગયા કારણ કે ત્યાંના કૂતરા બહુ ભયાનક હતા. એક ઉદ્દેશ હતો, લોકોને પોતપોતાની વાત સમજાવવી. ભગવાન મહાવીરનું ત્યાં જવાનું અલગ પ્રકારનું હતું. તેઓ એકલા હતા. નિઃશસ્ત્ર હતા. તેમનો અતીત પણ આવી ઘટનાઓથી સંવલિત હતો.

**અતીતનો પ્રસંગ :**

જ્યારે ભગવાન મહાવીર ત્રિપૃષ્ઠના જીવમાં હતા ત્યારે તેમણે સિંહનો વધ કર્યો હતો. તે સમયે મહાવીર રથમાં બેસીને શિકાર કરવા ગયા અને જંગલમાં જઈને રથની નીચે ઊતરી ગયા. તેમણે સૈનિકોને પૂછ્યું, 'સિંહ પગે ચાલી રહ્યો છે કે વાહન ઉપર ?'

'પગે ચાલી રહ્યો છે.'

'તેની પાસે કયું હથિયાર છે ?'

'કોઈ હથિયાર નથી.'

'હું પણ શસ્ત્ર નહિ રાખું.'

'મહારાજ ! આપ શું કરી રહ્યા છો ?'

'નિઃશસ્ત્ર વ્યક્તિ ઉપર શસ્ત્રનો પ્રયોગ ન્યાયપૂર્ણ નથી.' તેમણે

ફરીથી પૂછ્યું, 'સિંહનો પરિવાર (કાફલો) કેટલો છે ?'

'મહારાજ ! તે એકલો છે. તેની સાથે કોઈ નથી.'

'તો, તમે સૌ અહીં રોકાઈ જાઓ. મારી સાથે કોઈ ના આવે.'

ત્રિપૃષ્ઠે સૌ સૈનિકોને ત્યાં રોકી દીધા. તેઓ સિંહનો સામનો કરવા એકલા જ નીકળી પડ્યા; નિઃશસ્ત્ર ચાલી નીકળ્યા. નિર્જન અને ભયાનક વનમાં સાથે કોઈ સુરક્ષાવ્યવસ્થા નહોતી. આવું હતું તેમનું પરાક્રમ !

**મહત્ત્વપૂર્ણ પ્રશ્ન :**

અસભ્ય લોકોની વચ્ચે મહાવીર એક વિશેષ ઉદ્દેશ અને લક્ષ્ય સાથે ગયા હતા. તેમનો ઉદ્દેશ હતો, પોતાની સાધના દ્વારા બીજાઓને પણ પ્રતિબોધ મળે અને એવી કોઈ ચેતના જાગે જેનાથી અહિંસા, મૈત્રી અને કરુણાનાં બીજ ઊગી જાય. ત્યાં ગયા પછી જે કાંઈ બન્યું, તે અજ્ઞાત નથી. કેટકેટલાં કષ્ટ આવ્યાં, કેટકેટલા ઘોર પરિષહો આવ્યા, કેટકેટલી વિપત્તિઓ આવી છતાંય મહાવીર અવિચળ રહ્યા. પ્રશ્ન જાગે છે, એક માણસ આટલાં બધાં કષ્ટોને શી રીતે સહન કરી શકે ? શું કોઈ માણસ આટલાં કષ્ટ સહન કરી શકે ખરો ?

આજનો યુગ ભારે વિચિત્ર યુગ છે. આજે જેટલા વિષયો ઉપર વૈજ્ઞાનિકો સંશોધનો કરી રહ્યા છે, તેની ગણતરી કરવી મુશ્કેલ છે. તેમાં એક વિષય એ છે કે માણસ પીડાને કઈ રીતે સહન કરે છે ? આ અંગે મોટાં મોટાં અનુસંધાન ચાલી રહ્યાં છે, પીડાનાશક દવાઓ ચાલી રહી છે, અન્ય પણ એવી અનેક દવાઓ શોધવામાં આવી રહી છે જેનાથી દર્દનો આભાસ જ ના થાય ! તેમની શોધને લીધે જ મોટાં મોટાં ઓપરેશનો સફળ થઈ રહ્યાં છે. ડૉક્ટર ઓપરેશનમાં શરીરના અવયવો કાપી નાખે છે, અલગ કરી નાખે છે, તેમને ફરીથી જોડી દે છે, છતાં રોગીને કશી જ ખબર પડતી નથી.

**વર્તમાન પ્રયત્ન :**

આપણા શરીરમાં સૂચનાકેન્દ્ર છે : મસ્તિષ્ક. શરીરના કોઈપણ ભાગમાં દર્દ થાય કે ઇન્જેકશન આપવામાં આવે તો તેની સીધી સૂચનાકેન્દ્રને જાણકારી મળે છે અને દર્દનો અનુભવ થાય છે. તેની ઉપર નિયંત્રણ કરી દેવાય તો દર્દની અનુભૂતિ ખતમ થઈ જાય. પગમાં ઠેસ વાગે છે, પણ તે ઠેસની વેદના માત્ર પગમાં જ નથી થતી. ઠેસ લાગતાં સૌ પ્રથમ મસ્તિષ્કમાં સંદેશો પહોંચે છે. વિદ્યુત રાસાયણિક પ્રક્રિયા તે સંદેશાને લઈ જાય છે. અને તે સૂચનાકેન્દ્રો ઉપર પહોંચ્યા પછી જ દર્દનો અનુભવ થાય છે. આજે એવા ઉપાયો શોધાઈ રહ્યા છે, કે તે સંદેશ દર્દના સ્થાને પહોંચી જ ના શકે. આપણી કરોડરજ્જુના મણકાની અંદર સંદેશ પ્રણાલીઓ છે. એવો ઉપાય કરવામાં આવે કે જેથી તે સંદેશ ત્યાં સુધી પહોંચી ન શકે. જો સંદેશ પહોંચી જાય તો એવી માનસિક ક્રિયાનો પ્રયોગ કરવામાં આવે, તેના એવું રસાયણ પેદા કરવામાં

આવે જે કષ્ટ આપનાર રસાયણોને વચ્ચે જ અટકાવી દે.

**સફળતાનું સૂત્ર : આસ્થા :**

પીડા અનુસંધાન કેન્દ્રના એક અધ્યક્ષે લખ્યું છે કે જો આપણે રોગીને વિશ્વાસ, તનાવમુક્તિ, ઉત્સાહ અને આનંદની ભાવનાથી સભર કરી શકીએ, તો તેની પીડાની અનુભૂતિમાં સાઠ-સિત્તેર ટકા જેટલો ફેર પાડી શકાય છે. બે રોગીઓને સમાન પીડા હોય છતાં આવી સ્થિતિ હોઈ શકે છે કે, એક વ્યક્તિ ત્રીસ ટકા બીમારી ભોગવશે અને બીજી વ્યક્તિ સો ટકા. આયુર્વેદ ચિકિત્સાપદ્ધતિમાં કહેવાયું છે કે રોગીને સહાનુભૂતિની જરૂર છે. તેને વિશ્વાસ આપવો જોઈએ કે કોઈ જ કષ્ટ નથી. તું બિલકુલ ઠીક થઈ જઈશ. ચિંતાની કોઈ વાત નથી; કોઈ ભય નથી. રોગીને પ્રોત્સાહિત કરવામાં આવે, તેનામાં વિશ્વાસ અને આસ્થા પેદા કરવામાં આવે તથા એવી ભાવના જગાડવામાં આવે, જેનાથી તેનું મનોબળ સુદઢ બને. જો આટલું થઈ શકે તો રોગી મોટામાં મોટી વેદનાને પણ સહજ રીતે સહન કરી લે છે. જો ચિકિત્સક કહે કે તું કેવી રીતે સાજો થઈશ ? તારી બીમારી અસાધ્ય છે. ભારે જોખમ છે. આ પ્રકારની ભાવનાથી દસ ટકા બીમારી સો ટકા થઈ જાય છે ! આસ્થા અને વિશ્વાસથી ઘણો ફેર પડી શકે છે. જે ચિકિત્સક આસ્થા અને વિશ્વાસ પેદા કરવાનું જાણે છે, તે ચિકિત્સા શરૂ કર્યા પહેલાં જ પચાસ ટકા સફળ થઈ જાય છે. જે આમ કરવાનું નથી જાણતો, તે મુશ્કેલીથી સફળ થાય છે.

**રહસ્ય શું છે ?**

વિશ્વાસ જગાડવો તે ખૂબ મહત્ત્વનું છે. આપણે જાતે એવો અનુભવ કરીએ છીએ. જ્યારે વ્યક્તિ બીમાર કે રોગી બને છે, ઉપવાસ કે તપસ્યા કરે છે ત્યારે તેને આરાધના સંભળાવવામાં આવે છે. તે સાંભળીને એ ઝૂમી ઊઠે છે. તે ક્ષણે એમ લાગે છે કે, કોઈ કષ્ટ જ ન હોય ! આ પ્રકારનાં રસાયણો પેદા થાય છે, જે વેદનાની અનુભૂતિ કરાવનાર તંત્રીકાના કાર્યમાં અવરોધ પહોંચાડે છે. તે સ્થિતિમાં પીડાનો અનુભવ થતો જ નથી. કેટલીક વ્યક્તિઓને પહેલાં ખૂબ કષ્ટ થતું, પરંતુ જ્યારે તેમને આરાધના સંભળાવવામાં આવતી, ત્યારે સઘળું કષ્ટ સમાપ્ત થઈ જતું. કાશીનરેશની વાત પ્રસિદ્ધ છે. જ્યારે તેમનું ઓપરેશન થઈ રહ્યું હતું ત્યારે તેમણે કહેલું કે, મને બેહોશ કરવાની જરૂર નથી. તમે મને ગીતા આપી દો. જ્યારે હું તે ગીતા વાંચવામાં મગ્ન બની જાઉં, ત્યારે તમે ઓપરેશન કરી લેજો. આપણી સામે આવી અનેક ઘટનાઓ છે. પણ આમ થઈ કેવી રીતે શકે ? તેનું રહસ્ય શું છે ? મહાવીરના જીવનના સંદર્ભમાં તેની મીમાંસા કરવી આવશ્યક છે.

**કષ્ટ ક્યારે થાય છે ?**

ભગવાન મહાવીરે કાયાનો વ્યુત્સર્ગ કરી લીધો. શિથિલીકરણ કરી

નાખ્યું. કષ્ટ ત્યારે જ થાય છે જ્યારે માનવી શરીરમાં હોય છે. જ્યારે માનવી શરીરને છોડીને આત્મામાં પ્રવેશવાની વિધિ શીખી લે છે, ત્યારે તેનાં સઘળાં કષ્ટ સમાપ્ત થઈ જાય છે. ભગવાન મહાવીરને માટે એક મહત્ત્વપૂર્વ શબ્દ પ્રયોજાયો : 'પણયાસી'. તે પોતાના આત્મા પ્રત્યે પ્રણત-સમર્પિત થઈ ગયા. આત્મા જ તેમનો ગુરુ હતો અને આત્મા જ તેમનો પરમાત્મા હતો. તેમને માટે આત્મા જ સર્વસ્વ હતો. મહાવીરને માટે આત્મા સિવાય અન્ય કાંઈ નહોતું. તેમની સામે માત્ર આત્મા જ હતો. એવી સ્થિતિમાં શરીર સતાવવાની સ્થિતિમાં જ નથી રહેતું. આપણને લાગે છે કે, મહાવીરને આટઆટલાં કષ્ટ થયાં, પણ તેમને તેનો આભાસ પણ ના થયો. જો તેમને કષ્ટનો આભાસ થાત તો તેઓ જીવી જ ના શક્યા હોત. તેઓ એવા અમરત્વની પાસે પહોંચી ગયા, જ્યાં મૃત્યુ જેવી કોઈ ચીજ જ નથી. અન્યથા તે કષ્ટોમાં અવિચળ રહેવાનું સહજ નહોતું. જે વ્યક્તિ આત્માની અંદર ચાલી જાય છે, તેને પછી કોઈ વિચલિત કરી નથી શકતું.

**આત્માની સંનિધિ :**

દક્ષિણ ભારતની ઘટના છે. એક સાધુ ઊભા ઊભા ધ્યાન કરતા હતા. ત્યાં ઢોર ચરાવનારા ઢોર ચરાવતા હતા. તેમણે જોયું, એક કાળો સાપ સાધુ તરફ જઈ રહ્યો હતો. ઢોર ચરાવનારાએ સાધુને બચાવવા માટે સાવધ કર્યા. સાધુ તો ધ્યાનમાં તલ્લીન હતા. સાપ સાધુની નજીક પહોંચ્યો. તેમના પગમાં કરડવા લાગ્યો. તે કરડતાં કરડતાં થાકી ગયો. પોતાના સ્થાને પાછો ફર્યો. સાધુ એમ જ અડગ અને અડોલ ઊભા રહ્યા. ઢોર ચરાવનારા જોતા જ રહ્યા. તેમણે વિચાર્યું કે, ઝેર ચઢી રહ્યું છે. સાધુ હવે ઢળી પડશે. પણ આશ્ચર્ય હતું, સાધુ એમ જ ઊભા રહ્યા ! ધ્યાન સમાપ્ત થયું. લોકોએ કહ્યું, "મહારાજ, સાપ આવ્યો હતો !"

સંત બોલ્યા, "આવ્યો હશે."

"સાપ આપને કરડ્યો હતો."

"કરડ્યો હશે."

"શું આપને ખ્યાલ પણ નહોતો આવ્યો ?"

"ના, મને ખબર જ નથી પડી."

"શું ઝેર પણ ના ચઢ્યું ?"

"નહિ. હું મારા આત્મામાં હતો. શરીરમાં શું થઈ રહ્યું છે તેની મને ખબર જ ના પડી."

જ્યારે વ્યક્તિ સમાધિની મુદ્રામાં, ધ્યાનના ઊંડાણમાં પહોંચી જાય છે, ત્યારે તેની ઉપર ઝેરની કશી અસર થતી નથી. તેની ઉપર ના તો વરસાદની કાંઈ અસર થાય છે, ના તડકાની અસર થાય છે !

**વિજ્ઞાનના પ્રયત્ન :**

ભગવાન મહાવીર શરીરમાં રહેવા છતાં વિદેહી હતા. આપણે શરીરની વર્તમાન અવસ્થાથી ગભરાઈએ છીએ. માનવી પોતપોતાની ભૂમિકાને બીજાઓ ઉપર લાદવાનું જાણે છે, પણ તે એ નથી જાણતો કે તેની પોતાની ભૂમિકા શી છે ? મહાવીર જે ભૂમિકામાં હતા, તેમાં તેમને કષ્ટ નહોતું. જો કષ્ટ હોત તો તે ટકી શક્યા ના હોત. આપણી અંદર બહુ જ રહસ્યો અને નિયમો છુપાયેલાં છે. આપણે તેમને સમજી નથી શકતા. આજના પીડા-અનુસંધાનના વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક કહી રહ્યા છે, આપણે માનસિક દશાને બદલીને પીડાને તદ્દન સમાપ્ત કરી શકીએ છીએ. તેમને વિશ્વાસ છે, લોકોને એવું માનસિક પ્રશિક્ષણ આપીશું જેના દ્વારા તે પોતાની પીડા ઉપર નિયંત્રણ કરવાનું શીખી જશે. આવી સ્થિતિમાં ના હોસ્પિટલમાં જવાની જરૂર રહેશે, ના દવા લેવાની. શું આ વિધિઓ આપણને ડૉક્ટર શીખવશે ? આ કાર્ય ધર્મનું છે કે ડૉક્ટરોનું ? આ અધ્યાત્મના લોકોનું કામ છે કે તેઓ એવી વિધિઓ શીખવે, જેના દ્વારા પીડાને સમભાવથી સહન કરી શકાય.

**કષ્ટમુક્તિનો માર્ગ : ભક્તિવાદ :**

કષ્ટાનુભૂતિમાં કમી લાવવાનો મહત્ત્વનો ઉપાય છે, ભક્તિવાદ. ધર્મના ક્ષેત્રમાં ભક્તિવાદનું મહત્ત્વ ખૂબ છે. એક વ્યક્તિ ભણેલી-ગણેલી છે, વિદ્વાન છે, તાર્કિક છે પરંતુ તેને ભક્તિમાં રસ નહિ હોય તો તે વધુ પીડા ભોગવશે. પીડાની અનુભૂતિમાં જ્ઞાન કામ નથી આવતું. તેને ભક્તિવાદ વડે જ ઓછી કરી શકાય છે. તે એક એવું આલંબન છે, જે કષ્ટની અનુભૂતિને ઓછી કરી દે છે. આલંબનના સહારે વ્યક્તિ બધું જ સહન કરી લે છે. આસ્થા અને શ્રદ્ધાના સહારે મોટાં મોટાં કષ્ટ અકિંચિત્કર બની જાય છે.

મહાવીરે કેટલાં કષ્ટ સહ્યાં તે જાણવું મહત્ત્વપૂર્ણ છે પરંતુ તેથી પણ અધિક તો એ જાણવું મહત્ત્વપૂર્ણ છે કે, તેમણે કષ્ટોને કઈ રીતે સહ્યાં. મહાવીરે કેટલાં કષ્ટ સહ્યાં તે આપણે જાણી લઈએ છીએ, પણ તેમણે કષ્ટો કેવી રીતે સહ્યાં, એ વાતને ભૂલી જઈએ છીએ. મહાવીરે કષ્ટ સહ્યાં, એથી આપણને શું મળવાનું છે ? સહન કરવાના હેતુ શા હતા ? એવી કઈ ચાવી હતી જેના દ્વારા આ તાળું ખોલવામાં આવ્યું ? તેમને કષ્ટ કષ્ટ ના લાગ્યાં, તે આનંદમાં બદલાઈ ગયાં. જો આપણે આ સૂત્રોને શોધવામાં સફળ થઈએ તો મહાવીરના જીવનમાંથી કંઈક શીખી શકીએ. જે લોકોએ આ દિશામાં પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે, તે સૌએ કષ્ટમુક્તિનો માર્ગ મેળવી લીધો છે.

**આત્મા સાથે જોડાવું તે શ્રદ્ધા છે :**

રાણાવાસ ચાતુર્માસમાં પ્રેક્ષાધ્યાન શિબિર ચાલી રહી હતી. શ્રી ડુંગરગઢની એક વૃદ્ધ મહિલા આસામથી ઉપાસના કરવા માટે આવી.

બહેનોએ તેમને કહ્યું, તમે શિબિરમાં ભાગ લો. તે વૃદ્ધ મહિલાએ કહ્યું, મારો હાથ તૂટેલો છે. હું શી રીતે શિબિરમાં ભાગ લઈ શકું ? મેં સાંભળ્યું છે કે, શિબિરમાં દરેકે પોતાનું કામ પોતે જ કરવાનું હોય છે, અને હું તો એક ગ્લાસ પાણી પણ ઉઠાવી નથી શકતી. આ હાલતમાં શિબિરમાં જોડાવાનું કેમ શક્ય બને ? બહેનોએ કહ્યું, જો શિબિરમાં જોડાવાની તમારી ઇચ્છા હોય તો અમે તમને મદદ કરીશું. બહેનોના આગ્રહથી તે વૃદ્ધ મહિલા શિબિરમાં જોડાઈ ગઈ. તે શિબિરમાં ભાવપરિવર્તનના પ્રયોગો થયા. પ્રવચનોનો મુખ્ય વિષય પણ એ જ હતો. તે મહિલાએ ચાર-પાંચ દિવસ પ્રવચનો સાંભળ્યાં, પ્રયોગો કર્યા. તેમાં આશ્ચર્યજનક પરિવર્તન આવી ગયું.જે હાથ વડે તે ગ્લાસ પણ ઉઠાવી શકતી નહોતી, તે હાથ દ્વારા તે કપડાં ધોવા લાગી; છરી વડે શાકભાજી સમારવા લાગી, પોતાનું તમામ કામ સ્વયં કરવામાં સક્ષમ બની ગઈ. આ વાત સમજમાં આવે તેવી નથી, પણ જે આંખો સામે પ્રત્યક્ષ હોય તેનો ઇન્કાર કેમ થઈ શકે ?

જેનામાં આસ્થા અને સંકલ્પનું બળ જગાડી શકાય છે, જેનામાં ભક્તિ અને શ્રદ્ધાનો ઉત્કર્ષ થાય છે, તેનાં રસાયણ બદલાઈ જાય છે. શ્રદ્ધા, આસ્થા, ભક્તિ અને સંકલ્પનું જાગરણ કષ્ટોને સહન કરવાની શક્તિ આપે છે. પોતાના આત્મા સાથે જોડાઈ જવું એ જ સાચી શ્રદ્ધા છે. ભગવાન મહાવીર પોતાના આત્મા પ્રત્યે સમર્પિત થઈ ગયા. તેની સાથે જોડાઈ ગયા. તેમણે કષ્ટોને સહન કરવાનું, તેમના ઉપર વિજય પ્રાપ્ત કરવાનું સૂત્ર મેળવી લીધું.

★

# 14. સંકલ્પની ધૂણી ઉપર કરવામાં આવેલું તપ

વ્યક્તિ શરીરબળથી ઓછું જીવે છે, સંકલ્પબળથી વધુ જીવે છે. સંકલ્પબળ વગર માણસ વધુ કષ્ટોને સહન કરી શકતો નથી. એક દૂબળો-પાતળો માણસ પણ ભયંકર કષ્ટોને સહન કરી શકે છે અને એક ખડતલ શરીરવાળો માણસ પણ કષ્ટોને સહન નથી કરી શકતો. ઝૂકી પડે છે. શરીરની શક્તિ છે, પણ એથી મોટી શક્તિ મનની હોય છે, સંકલ્પની શક્તિ. આપણે વર્તમાનને જોઈએ. મહાત્મા ગાંધીએ ઓછાં કષ્ટ નથી સહ્યાં. તેઓ શરીરથી દૂબળા-પાતળા હતા, પરંતુ તેમનું મનોબળ અત્યંત દૃઢ હતું. જે વ્યક્તિએ પોતાની સંકલ્પશક્તિને જગાડી છે, તે ભયંકરમાં ભયંકર તોફાનનો પ્રતિકાર કરી શકે છે. જેનું સંકલ્પબળ જાગૃત નથી થતું, તે સામાન્ય કષ્ટથી પણ ગભરાઈ જાય છે. એમ લાગે છે કે, મહાવીર અને સંકલ્પબળ બે (અલગ) નહોતાં. જન્મથી જ સંકલ્પ તેમનો સાથી બની ગયો હતો. સંકલ્પ અને વ્રતમાં કોઈ જ અંતર નથી. જેનામાં સંકલ્પશક્તિ નથી, તે વ્રતધારી નહિ બની શકે. જે વ્રતધારી બને છે, તેની સંકલ્પશક્તિ વિકસિત હોય છે. વ્રતની સાથે સંકલ્પશક્તિ નથી હોતી તો વ્રત કેટલું નભશે ? સંકલ્પશક્તિના અભાવમાં વ્રત નિભાવી નથી શકાતું. તે વારંવાર તૂટી જાય છે. સંકલ્પનું બળ જ વ્રતને બચાવે છે.

**નંદીવર્ધનનો પ્રસ્તાવ : મહાવીરનો સંકલ્પ :**

ભગવાન મહાવીરે દીક્ષાનો સંકલ્પ વ્યક્ત કર્યો. નંદીવર્ધને કહ્યું, "કુમાર, માતા-પિતા તો (આપણને) છોડીને જતાં રહ્યાં અને તમે હવે દીક્ષા

લઈ રહ્યા છો, આ ઉચિત નથી. સમગ્ર રાજ્ય તેમના શોકમાં ગરકાવ છે."

"શોક કેટલા દિવસ ચાલશે ?"

"બે વર્ષ સુધી રાજકીય શોક રહેશે."

"તો શું બે વર્ષ સુધી મારે મારે ઘેર રહેવું પડશે ? એ તો મારા માટે મુશ્કેલ છે."

જે વ્યક્તિનો આત્મા જાગી જાય છે, તેને માટે ઘેર રહેવાનું મુશ્કેલ બને છે.

નંદીવર્ધને પ્રેમાળ સ્વરમાં કહ્યું : "એક તરફ માતા-પિતાનો વિયોગ છે, બીજી તરફ તમે પણ છોડીને જઈ રહ્યા છો. આ સારું નથી. મારા માટે ગંભીર સમસ્યા પેદા થઈ જશે."

મહાવીરે સંકલ્પની ભાષામાં કહ્યું, "હું ઘેર રહેવા તૈયાર છું, પરંતુ મારી શરતો છે. મારો સંકલ્પ છે કે, હું જ્યાં સુધી ઘરમાં રહીશ ત્યાં સુધી રાત્રિભોજન નહિ કરું. સજીવ ભોજન નહિ કરું. બ્રહ્મચર્ય પાળીશ. એકાંતમાં રહીશ. શરીરની માવજત નહિ કરું. જો આપ મારી આટલી શરતો સ્વીકારો તો હું બે વર્ષ માટે રોકાઈ જાઉં."

નંદીવર્ધન નહોતા ઇચ્છતા કે રાજકુમાર વર્ધમાન આ રીતે રાજમહેલમાં રહે, પણ તેમણે મહાવીરના સંકલ્પ સામે ઝૂકવું જ પડ્યું.

**સંકલ્પોની હારમાળા :**

બે વર્ષ વીત્યાં. સંકલ્પને નવો આયામ મળ્યો. મહાવીરે મુનિવ્રત સ્વીકારતાં સંકલ્પ કર્યો, 'સવ્વં મે પાવકમ્મં અકરણિજ્જં.' આજથી તમામ પાપકર્મ મારે માટે અકરણીય છે. સંકલ્પની આ યાત્રા આગળ વધી. મહાવીર ત્યાંથી પ્રસ્થાન કરીને એક આશ્રમમાં રોકાયા. આશ્રમમાં દીર્ઘકાળ સુધી પ્રવાસ કર્યો. એક દિવસ કુલપતિ પાસે ફરિયાદ આવી, આપે કોને આશ્રમમાં રાખ્યા છે ? તે બિલકુલ બેપરવા અને ઉદાસીન છે. તે પોતાની કુટિરની સુરક્ષા પણ નથી કરી શકતા. ગાયો આવે છે અને કુટિરનું ઘાસ ખાઈ જાય છે. તે કાંઈ દેખભાળ કરતા નથી. કુલપતિએ મહાવીરને કહ્યું, "રાજકુમાર વર્ધમાન ! આપ સંન્યાસી બની ચૂક્યા છો. ઓછામાં ઓછું કુટિરની રખેવાળી તો કરો. એક ચકલી પણ પોતાના માળાની રખેવાળી કરે છે. તમે જરાય ધ્યાન આપતા નથી, તે યોગ્ય નથી. આપ રાજકુમાર હતા, આપે તો અધિક જાગરૂક રહેવું જોઈએ."

કુલપતિ આટલું કહીને ચાલ્યા ગયા.

મહાવીરે વિચાર્યું, 'હું કોના પ્રત્યે જાગરૂક રહું ? મારા માટે આ શક્ય નથી.' મહાવીરે ત્યાંથી પ્રસ્થાન કર્યું. તેમણે સંકલ્પ કર્યો, જ્યાં પણ અપ્રીતિકર સ્થાન હોય ત્યાં હું નહિ રહું. જ્યાં મારા રહેવાથી બીજાઓના મનમાં અપ્રીતિ

પેદા થાય, ત્યાં નહિ રહેવાનો સંકલ્પ કરું છું.

તેમણે અન્ય પણ કેટલાક સંકલ્પ કર્યા :

- હું હાથમાં જ ભોજન કરીશ.
- હું ગૃહસ્થનું અભિવાદન નહિ કરું.
- ઘણું ખરું મૌન જ પાળીશ.
- મોટે ભાગે ધ્યાનમાં મગ્ન રહીશ.

**સંકલ્પની પ્રતિમા :**

મહાવીરનું સંકલ્પબળ નિરંતર જાગૃત રહેતું હતું. એમ લાગે છે કે, સામે કોઈ ઘટના આવતી, તો મહાવીરનો સંકલ્પ એક નવું રૂપ લેતો. મહાવીર સંકલ્પની પ્રતિમા બની ચૂક્યા હતા. તેમનો સંકલ્પ પણ એટલો મજબૂત રહેતો, જેને જગતની કોઈ તાકાત ડોલાવી ના શકતી, તોડી ના શકતી. સાડા બાર વર્ષના સાધનાકાળમાં તેમના સંકલ્પને વિચલિત કરવા માટે સેંકડો પ્રસંગો આવ્યા, છતાં મહાવીર ક્યારેય વિચલિત ન થયા. એવો એક પણ પ્રસંગ ના બન્યો, કે મહાવીર હારી જાય અને સામેની વ્યક્તિ જીતી જાય ! તેમનું સંકલ્પબળ સદા અતૂટ રહ્યું. જે વ્યક્તિનો સંકલ્પ મજબૂત હોય છે, તે કદીય પરાજિત નથી થતી. પરાજિત તો એ જ થાય છે, જેનો સંકલ્પ શિથિલ હોય છે. જે વ્યક્તિ સવારે એક સંકલ્પ કરે છે, અને રાત્રે ભૂલી જાય છે અથવા બદલી નાખે છે, તે કોઈ પણ કાર્યમાં સફળ નથી થઈ શકતો.

**રાત્રિક પ્રતિમાનો સંકલ્પ :**

આપણા વિકાસનું સર્વાધિક શક્તિશાળી સાધન છે- સંકલ્પ. એકવાર મનમાં જે સંકલ્પ જાગે, તે વજ્રરેખા બની જાય, લક્ષ્મણરેખા બની જાય, તેમાં પરિવર્તનની સંભાવના જ ના આવે તો સફળતાનું ઝરણું વહી નીકળે છે. લચીલા હોવું સારું છે. વિચારોમાં લચીલાપણું અને દષ્ટિકોણની સાપેક્ષતા બહુ સારી વાત છે. પરંતુ જ્યાં ચરિત્રનો પ્રશ્ન છે, ત્યાં લચીલાપણું ખૂબ જ ખતરનાક બને છે. સંકલ્પની દઢતા જ વ્યક્તિને આગળ વધારે છે. જેનો સંકલ્પ મજબૂત નથી હોતો તેને માટે અનેક ખતરા પેદા થઈ જાય છે. સાધનાના ક્ષેત્રમાં મહાવીર એવા અલૌકિક પુરુષ થયા છે જેમના સંકલ્પની કોઈ જોડ નથી ! મહાવીર એક વખત શૂલપાણી યક્ષના મંદિરમાં ઊભા રહી ગયા. તેમણે એક રાત્રિક પ્રતિમાનો સંકલ્પ કરી લીધો. કાયોત્સર્ગ સાથે સંકલ્પ કરવો તે એક પ્રતિમા છે.

**સાગરચંદ્રની ઘટના :**

રાજકુમાર સાગરચંદ્રની ઘટના છે. તેમણે સંકલ્પ કર્યો, જ્યાં સુધી દીવો બળશે ત્યાં સુધી હું કાયોત્સર્ગમાં રહીશ. તેઓ આવા સંકલ્પપૂર્વક કાયોત્સર્ગની મુદ્રામાં ઊભા રહ્યા. રાજકુમારે વિચાર્યું હતું કે, દીવો કેટલો સમય

બળશે ? એકાદ કલાક પછી તેમાં તેલ ખલાસ થશે અને દીવો બુઝાઈ જશે. એક કલાક પછી દીવો બુઝાવા લાગ્યો. પણ ત્યાં દાસી ઊભી હતી. તેણે વિચાર્યું કે, મહારાજ ધ્યાનની મુદ્રામાં ઊભા છે, ક્યાંક દીવો બુઝાઈ ન જાય. જેવો દીવો ટમટમવા લાગ્યો, અંતિમ શ્વાસ લેવા લાગ્યો તેવું જ દાસીએ તેમાં તેલ ભરી દીધું. પુનઃ પ્રાણસંચાર કરી દીધો. સ્નેહ મળ્યો, બૂઝતો દીવો પુનઃ ઝગમગી ઊઠ્યો. રાજકુમારનો કાયોત્સર્ગ લાંબો થઈ ગયો. તેણે વિચાર્યું, સારું થયું. આજે દીર્ઘ કાયોત્સર્ગ થશે. બે કલાક વીત્યા. દીવો ટમટમવા લાગ્યો. દાસીએ તેમાં ફરીથી તેલ ભરી લીધું. રાજકુમાર સુકુમાર હતો, પરંતુ તેનું સંકલ્પબળ સુકોમળ નહોતું. રાતભર ના તો દાસી ઊંઘી, ના રાજા ઊંઘ્યા અને ના દીવો બુઝાયો !

ક્યારેક આવી ઘટનાઓ ઘટે છે. વ્યક્તિનો સંકલ્પ મજબૂત બની જાય છે. એક સાથે બધી શક્તિઓ જાગી જાય છે. તેવી સ્થિતિમાં અસંકલ્પી વ્યક્તિ પણ દૃઢસંકલ્પી બની જાય છે.

**પૂજારીનો ભય :**

ભગવાન મહાવીરનો સંકલ્પ હતો કે હું આજે આખી રાત આ યક્ષમંદિરમાં ઊભા ઊભા કાયોત્સર્ગ કરીશ. સાંજનો સમય હતો. પૂજારી પૂજા કરવા આવ્યો. તેણે જોયું તો કોઈ સંન્યાસી ધ્યાનમગ્ન ઊભા હતા. તેણે મંદિરમાં પૂજા કરી. પૂજા કરીને તે જવા લાગ્યો. તેણે સંન્યાસીને કહ્યું, "મહારાજ ! સૂર્ય અસ્ત થઈ રહ્યો છે. અંધારું ગાઢ થઈ રહ્યું છે. આપને ખબર છે કે આ યક્ષમંદિર છે. અહીં કોઈ રાતભર રોકાઈ શકતું નથી. જો કોઈ ભૂલ્યો-ભટક્યો રહી જાય છે તો, નીકળી શકતો નથી. તેણે પોતાના જીવનથી હાથ ધોવા પડે છે. તે આવે છે જાતે, પણ તેને બહાર કાઢવો પડે છે બીજાઓ દ્વારા ! તેથી કૃપા કરીને તમે ધ્યાન સમાપ્ત કરો અને ગામમાં ચાલો. હું આપના માટે ખૂબ જ સુંદર સ્થળની વ્યવસ્થા કરીશ."

મહાવીરે સાંભળ્યું-ના સાંભળ્યું કર્યું. પૂજારીએ વિચાર્યું કે, ભારે મુસીબત છે. આ તો ઉત્તર જ આપતો નથી ! જોખમની વાત તરફ પણ તે કાંઈ ધ્યાન આપતો નથી ! લાગે છે કે આ કોઈ જિદ્દી માણસ છે. તે ગામમાં ગયો. ગામના અગ્રણી લોકોને એકઠા કર્યા. પૂજારીએ તેમને કહ્યું, "યક્ષમંદિરમાં એક સંન્યાસી ધ્યાનની મુદ્રામાં ઊભા છે. ખૂબ ભવ્ય લાગે છે. જો તે મૃત્યુ પામશે તો આપણા ગામની મોટી બદનામી થશે. આપણે સૌ જઈએ અને તેને મનાવીને લઈ આવીએ."

પૂજારી ગામના અગ્રણી લોકોને લઈને મંદિરમાં પાછો આવ્યો. અગ્રણીઓએ કહ્યું, "સંન્યાસીજી ! અહીં રહેવું જોખમભર્યું છે. આપના માટે નહિ, અમારા માટે જોખમ છે. જો આપને કાંઈ થઈ ગયું તો, અમારું શું

થશે ? આપ અમારી વિનંતી સ્વીકારીને ગામમાં ચાલો. આપને માટે સુંદર વ્યવસ્થા કરીશું."

**અભય મૌન હતું :**

મહાવીર કાંઈ જ ન બોલ્યા. તેમને કશો ભય નહોતો. લોકોના મનમાં ભય હતો. મહાવીર અભય હતા. ભય બોલી રહ્યો હતો. અભય મૌન હતું. અભયને બોલવાની જરૂર જ નથી હોતી. કોઈ વ્યક્તિએ એમ પણ કહ્યું હશે કે, આ તો થાંભલો છે, એને શું કહીએ ? આપણું કર્તવ્ય આપણે નિભાવ્યું. જો આ માને નહિ તો, આપણે તેની ચિંતા શા માટે કરવી ? સૌ થાકીને ચાલ્યા ગયા.

રાત જામી. યક્ષ પોતાના અધિષ્ઠાન પર આવ્યો. તે ખૂબ ક્રૂર હતો. તેણે જોયું કે મંદિરમાં કોઈક ઊભું છે. તેણે વિચાર્યું, આ કોણ આવ્યું હશે ? તેણે વિકરાળ હાથીનું સ્વરૂપ ધારણ કર્યું. ભયાનક અટ્ટહાસ્ય કર્યું. સમગ્ર જંગલ ધ્રૂજી ઊઠ્યું, પરંતુ મહાવીર અકંપ ઊભા રહ્યા. યક્ષે વિચાર્યું, માણસ કમજોર તો નથી. તેણે મહાવીરને આમતેમ હલાવ્યા. પરંતુ મહાવીરને વિચલિત કરવામાં તે સફળ થયો નહિ. તેણે ભયંકર સાપનું રૂપ ધારણ કર્યું. ભીષણ ફુત્કાર કર્યો છતાં મહાવીર અચળ રહ્યા. તેણે મહાવીરને ડંખ માર્યો. મહાવીરના મનમાં કોઈ અવઢવ ના થઈ. તેણે મહાવીરને વિચલિત કરવા માટે અનેક ભયાનક રૂપ લીધાં પણ તે પોતાના ઉદ્દેશમાં અસફળ રહ્યો. તે હતપ્રભ અને સ્તબ્ધ બની ગયો.

**સંકલ્પયુદ્ધની સંકલ્પના :**

મહાવીર જીત્યા, યક્ષ હાર્યો. સંકલ્પ જીત્યો, ક્રૂરતા હારી. સંકલ્પની જે તાકાત છે તેને આપણે જાણતા નથી. આપણે સંકલ્પશક્તિનો મહિમા ગાઈએ છીએ, વ્યાખ્યા કરીએ છીએ તેમ છતાં તેનો પ્રયોગ કરવાનું જાણતા નથી. આજકાલ તો સૈન્યબળથી સમૃદ્ધ દેશ પણ સંકલ્પશક્તિના માર્ગે આવે છે. રૂસ અને અમેરિકાના પરામનોવૈજ્ઞાનિક પરામાનસિક શસ્ત્રોના નિર્માણમાં લાગેલા છે. આ માટે અબજો ડોલરનો ખર્ચ થઈ રહ્યો છે. સેનાઓના યુદ્ધમાં જીતનારને પણ મોટું નુકસાન થાય છે. તેના લાખો સૈનિકો હણાય છે. ભારે માનવસંહાર થાય છે. યુદ્ધ અનેક સમસ્યાઓ પેદા કરે છે. આજે એક નવી પદ્ધતિ વિકસી રહી છે; સંકલ્પનું યુદ્ધ લડવામાં આવે. એક તરફ શત્રુઓનું આક્રમણ થઈ રહ્યું છે, બીજી તરફ પ્રયોગશાળામાં વૈજ્ઞાનિકો બેઠા છે, તેઓ પોતાની સંકલ્પશક્તિના સહારે, સંકલ્પના તરંગો છોડે છે. તે સંકલ્પના તરંગો સામેની સેના તરફ જઈ રહ્યા છે. અને એ તરંગોને કારણે સૌ સૈનિકો મૂર્ચ્છિત થઈને પડી રહ્યા છે. સેના તદ્દન નકામી બની રહી છે. વૈજ્ઞાનિકો પ્રયોગની આ દિશામાં આગળ વધી રહ્યા છે. રામાયણમાં નિદ્રાબાણનો પ્રયોગ મળે છે.

એક એવું બાણ છોડવામાં આવ્યું જેથી શત્રુસેના ઊંઘી ગઈ. નકામી બની ગઈ. આ સંકલ્પયુદ્ધની તૈયારી, શત્રુસેનાને નિષ્ક્રિય બનાવવાનો ઉપક્રમ આજે વિકાસોન્મુખ છે. પોતાના રાષ્ટ્રને હાનિ ન થાય અને સામેના રાષ્ટ્રની શક્તિ નિષ્ક્રિય થઈ જાય. આ તથ્ય ઉપર સંકલ્પયુદ્ધની સંકલ્પના આધારિત છે.

**સંકલ્પ કલ્પવૃક્ષ છે :**

આજે સંકલ્પશક્તિના સહારે જે કામ વિદેશોમાં થઈ રહ્યું છે તેને ભારતના લોકોએ હજારો વર્ષો પહેલાં જાણ્યું હતું. સંકલ્પના સહારે બહુ જ મોટાં કામ થઈ શકે છે. ભારતીય સાહિત્યમાં એક પ્રચલિત શબ્દ છે- કલ્પવૃક્ષ. ખબર નથી, આજે કલ્પવૃક્ષ ક્યાં છે ! ભારતમાં તો તે ક્યાંય જોવા મળતું નથી. જો કોઈ કલ્પવૃક્ષ હોત અને તેની નીચે બેસવાથી સઘળી કામનાઓ પૂરી થઈ જતી હોત તો સૌથી પહેલાં તેની નીચે મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી બેસી જાત. તેમને પોતાની ગાદી છિનવાઈ જવાનો ભય રહે છે, તે ભય પછી ક્યારેય ના રહેત. આજનું કલ્પવૃક્ષ કળિયુગનું કલ્પવૃક્ષ છે. જો સત્યુગનું કલ્પવૃક્ષ હોત તો કોઈ શાસકને ગાદી છિનવાઈ જવાનો ભય કદીય ના હોત. કહેવાય છે કે કલ્પવૃક્ષ સ્વર્ગમાં છે, મનુષ્યલોકમાં નથી. પ્રશ્ન થાય છે કે સંકલ્પ એ જ શું કલ્પવૃક્ષ નથી ? ભારતીય સંસ્કૃતિમાં ત્રણ શબ્દો અત્યંત જાણીતા છે : કલ્પવૃક્ષ, ચિંતામણિ રત્ન અને કામધેનુ. આ ત્રણેય દરેક વ્યક્તિની અંદર છે. જેનામાં ચિંતનની શક્તિ છે તેની પાસે ચિંતામણી રત્ન છે. જેનામાં કામનાની શક્તિ છે, તેની પાસે કામધેનુ છે. જેનામાં કલ્પનાશક્તિ છે તેની પાસે કલ્પવૃક્ષ છે. મહાવીરનું કલ્પવૃક્ષ શક્તિશાળી બની ગયું. તે તેમની સઘળી કલ્પનાઓ સાકાર કરી દેતું હતું.

**સંકલ્પનું પરિણામ :**

આચાર્ય હેમચંદ્રે મહાવીરની સ્તુતિમાં લખ્યું છે :

*પન્નગે ચ સુરેન્દ્રે ચ કૌશિકે પાદસંસ્પૃશિ ।*
*નિર્વિશેષમનસ્કાય, શ્રી વીરસ્વામિને નમઃ ॥*

ઈન્દ્ર ચરણોમાં નમસ્કાર કરી રહ્યા હતા અને ચંડકૌશિક નાગ પગમાં ડંખી રહ્યો હતો. એ બન્ને તરફ જેનું મન સમાન હતું, તે મહાવીરને હું નમસ્કાર કરું છું.

સમતાનો વિકાસ સંકલ્પ વગર થઈ શકતો નથી. સમતાનો વિકાસ ત્યારે જ શક્ય બને છે જ્યારે વ્યક્તિની સંકલ્પશક્તિ જાગી જાય. મહાવીર તે માર્ગે જઈ રહ્યા હતા, જે માર્ગ ઉપર ચંડકૌશિક સાપનો નિવાસ હતો. ઢોર ચરાવનારાઓએ કહ્યું, "આપ આ માર્ગે ના જશો. આ માર્ગ ખૂબ ખતરનાક છે." પરંતુ મહાવીર માન્યા નહિ. તેઓ એ જ માર્ગે ચાલતા રહ્યા. ચાલવાની સાથોસાથ એક સંકલ્પ જોડાયેલો હતો, સંકલ્પની સાથે સમતા અને મૈત્રીનો

પ્રયોગ સંલગ્ન હતો. મહાવીર પોતાના એ પ્રયોગમાં સફળ થયા. ચંડકૌશિકનું જીવન સુધરી ગયું.

**સંકલ્પ અને હઠ :**

જે માણસ પોતાના સંકલ્પમાં અડગ રહે છે તેને જિદ્દી પણ કહે છે. સંકલ્પ અને હઠ (જીદ) અમુક હદ સુધી એક જ હોય છે. જેનામાં હઠ નથી હોતી, તે કદાચ કોઈ જ કામનો પણ નથી હોતો. હઠ હોવી જરૂરી છે. પોતાની વાતમાં અડગતા પણ આવશ્યક છે. જે માણસ ક્યાંય ટકી રહેવાનું નથી જાણતો, ઊભા રહેવાનું નથી જાણતો, તે પોતાના જીવનમાં કોઈ સાર્થક કામ નથી કરી શકતો. લચીલા થવાની એક ક્ષણ હોય છે, એક અવકાશ હોય છે પણ જેનામાં અડગ રહેવાની કે દઢતાની શક્તિ નથી હોતી તે ઝાઝો વિકાસ કરી શકતો નથી.

**મહાવીરનો સંકલ્પ : વર્તમાન નિયમ :**

ભગવાન મહાવીરના સંદર્ભમાં 'અબહુબાઈ' શબ્દનો બહુ પ્રયોગ થયો છે. ભગવાન મહાવીર અત્યંત અલ્પ બોલતા હતા. તેમનો સંકલ્પ હતો, 'મારે વધારે બોલવું નથી. અનાવશ્યક તો બોલવું જ નથી, અને આવશ્યકતા હોય ત્યારે પણ ખૂબ ઓછું બોલવું છે.' તેમણે ખાવા-પીવામાં પણ સંકલ્પનો પ્રયોગ કર્યો. તેમણે સંકલ્પ કર્યો, 'મારે ના ભોજન કરવું છે - ના પાણી પીવું છે.' આ સંકલ્પ એક દિવસ નહિ, એક માસ નહિ, છ માસ સુધી ચાલ્યો ! આજે એ વાત અસંભવિત લાગે છે. આધુનિક ચિકિત્સા-નિયમો પ્રમાણે આ સંભવિત નથી કે કોઈ વ્યક્તિ છ મહિના સુધી કાંઈ પણ ખાધા-પીધા વગર જીવતી રહી શકે. મહાવીરનો સંકલ્પ આધુનિક વિજ્ઞાનના આવા નિયમોથી પણ મહાન હતો. તેમણે સંકલ્પ કર્યો, 'જે મળે તે ખાવું છે.' એવું નથી કે ભગવાન મહાવીર સ્વાદિષ્ઠ ભોજન લેતા જ નહોતા, તે સ્વાદિષ્ઠ ભોજન પણ લેતા હતા.

**અચિકિત્સાનો સંકલ્પ :**

ભગવાન મહાવીર ભિક્ષા માટે ગયા. તેઓ જે ઘરમાં ભિક્ષા માટે ગયા, તે ઘરમાં ખાવાનું બન્યું નહોતું. ઘરની દાસીએ કહ્યું, "ભંતે ! આપ બહુ વહેલા આવી ગયા. રસોઈ બની નથી. માત્ર વાસી ભાત છે. હું તેને બહાર નાખવા જઈ રહી છું. શું આપ તે લેશો ?"મહાવીરની પાસે પાત્ર નહોતું. તેમણે પોતાના હાથ લંબાવ્યા. દાસીએ ભાતનું દાન કરી દીધું. મહાવીરે વાસી ભાત ખાઈને પોતાની તપસ્યાનાં પારણાં કરી લીધાં. મહાવીર ખૂબ ઓછું ખાતા હતા. તેમણે પોતાના સાધનાકાળમાં કદી નિયમિત ભોજન નહોતું કર્યું. લાંબી તપસ્યાનાં પારણાં પણ લૂખા-સૂકા ભોજનથી જ કરતા હતા. આ સંશોધનનો વિષય છે કે, મહાવીરે પોતાના સાધનાકાળમાં કેટલા દિવસ ભોજન કર્યું. સાડા

બાર વર્ષમાં તેમણે એક વર્ષ પણ ભોજન નહોતું લીધું. મહાવીરે સંકલ્પ કર્યો કે, સાધનાકાળમાં હું કોઈ જ ચિકિત્સા નહિ કરાવું. સાધનાકાળમાં ચિકિત્સા કરાવવાનો કોઈ પ્રસંગ જ ના બન્યો ! મહાવીર સાધનાકાળમાં બીમાર પડ્યા જ નહિ !

**સંકલ્પ : શક્તિનું નિયોજન :**

આ સંદર્ભમાં એક વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. ઉપવાસ કરવા એક વાત છે, સંકલ્પપૂર્વક ઉપવાસ કરવો તે બીજી વાત છે. આ વિષય ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આપણે ધ્યાન કરીએ, ઉપવાસ કરીએ, અથવા કાયોત્સર્ગ કરીએ તેની સાથે એક સંકલ્પ જોડાયેલો હોવો જોઈએ. આપણે જે સંકલ્પપૂર્વક જે કાંઈ કરીશું, આપણી સમગ્ર ઊર્જા તે જ સંકલ્પની સાથે જોડાઈ જશે. જો સંકલ્પ ના કર્યો, અને ઉપવાસ કે કાયોત્સર્ગ કર્યો તો એથી જે શક્તિ વધશે તેનો પ્રયોગ બીજી દિશામાં પણ થઈ શકે છે. સંકલ્પ વગર ઊર્જાનો પ્રવાહ બીજી દિશામાં વહી જાય છે. કોઈ વ્યક્તિએ કહ્યું, "આપ અહીં બેઠા બેઠા શું કરો છો ?" આ સાંભળીને તે વ્યક્તિ ગુસ્સે થઈ ગઈ. તેની ઊર્જાનું નિયોજન ખોટી દિશામાં થઈ ગયું. કહે છે કે, તપસ્વીને ક્રોધ વધુ આવે છે. તપસ્વીની આગ વધે છે - ઊર્જા વધે છે. તપસ્વીઓએ મોટા મોટા અભિશાપ આપ્યા છે, કારણ કે, તેમણે પોતાનો કોઈ સંકલ્પ નથી બનાવ્યો. મહાવીરે સૌ પ્રથમ સંકલ્પની પસંદગી કરી. તેમની સામે આ સંકલ્પ બરાબર હતો, 'સવ્વં મે પાવકમ્મં અકરણિજ્જં'. તેમણે પોતાની સમગ્ર ઊર્જા તેમાં લગાવી દીધી. મહાવીરે જે તપ કર્યું તે સંકલ્પની ભૂમિ ઉપર કર્યું. તેમના ક્રોધ અને અહંકાર શાંત થઈ ગયા. તેમની સઘળી ઊર્જા શાંતિની દિશામાં વહેતી થઈ ગઈ. મહાવીર સમતા, અહિંસા, મૈત્રી અને પ્રેમની પ્રતિમા બની ગયા. અપેક્ષા છે કે, પ્રત્યેક વ્યક્તિ પોતાની સંકલ્પશક્તિ જગાડે, મહાવીરના અનુયાયી જ નહિ, સ્વયં મહાવીર બનવાનો પ્રયત્ન કરે. જો આવું થાય તો, મહાવીરની સંકલ્પશક્તિ આપણા જીવનની ઉદાત્ત પ્રેરણા બની રહેશે.

★

# વર્ધમાન : પ્રેક્ષાના પ્રયોગ 15.

પત્નીએ પતિને પૂછ્યું, "તમે શું કરી રહ્યા છો ?"

પતિએ ઉત્તર આપ્યો, "હું મીણબત્તી શોધું છું."

"શું મીણબત્તી મળતી નથી ?"

"ના, નથી મળતી."

"લાઈટ ચાલુ કરીને જુઓ..."

"લાઈટ નથી એટલે તો મીણબત્તી શોધું છું. જો વીજળી હોત તો, મીણબત્તીને શોધવાની જરૂર જ શી હોત ?"

જ્યારે જ્યારે વીજળી ચાલી જાય છે, ત્યારે ત્યારે મીણબત્તીની જરૂર પડે છે, દીવા અને ફાણસ સળગાવવામાં આવે છે. વીજળીની હાજરીમાં તેની આવશ્યકતા નથી હોતી.

**ચોથી આંખ :**

પ્રત્યેક વ્યક્તિ પાસે પોતાનો એક પ્રકાશ છે, વીજળી છે અને બીજો છે મીણબત્તી અથવા ફાણસનો પ્રકાશ. અંદરનો પ્રકાશ આપણી વિદ્યુત છે. આંખનો પ્રકાશ બાહ્ય પ્રકાશ છે. દુનિયામાં કોઈ વ્યક્તિ એવી નથી, જેને પોતાનો પ્રકાશ ના હોયે. જે લોકો પાસે આંખોનો પ્રકાશ નથી તેમની પાસે પણ પોતાની ભીતરની આંખ તો છે જ; ત્રીજી આંખ છે જ. એક કવિના શબ્દોમાં ચોથી આંખ પણ છે. એક ન્યાયધીશને ચાર આંખ હોવી જોઈએ. તે બે આંખોથી બહાર જુએ અને બે આંખોથી ભીતરમાં જુએઃ જે દ્વારા તે ન્યાય કરી શકે.

સુણ હાકમ સંગ્રામ, આંધો મત હુવૈ યાર,
ઔરા રે દો ચાહિજૈ, થારે ચાહિજૈ ચાર.

**જોવાના બે પ્રકાર :**

પ્રત્યેક વ્યક્તિ પાસે આંખ છે. જે વ્યક્તિ દૃષ્ટિસંપન્ન નથી હોતી, તે ખૂબ ખતરનાક બની શકે છે. બાહ્ય આંખોનું કામ પણ જોવાનું છે અને ભીતરની આંખોનું કામ પણ જોવાનું છે. જોવાનું બે ભાગમાં વહેંચાઈ ગયું. ભીતરની આંખથી જોવાનું અને બહારની આંખોથી જોવાનું. ભીતરની આંખથી જોવું તે વીજળીનો પ્રકાશ છે. બહારની આંખોથી જોવું તે દીવો કે મીણબત્તીનો પ્રકાશ છે. જ્યારે વીજળી નથી હોતી ત્યારે, મીણબત્તી, દીવો અથવા ફાણસનો ઉપયોગ કરવો પડે છે. આવશ્યકતા છે - દરેક વ્યક્તિની બહારની આંખ પણ જાગૃત રહે અને ભીતરની આંખ પણ જાગે.

**અતીન્દ્રિય ચેતનાનો પ્રશ્ન :**

દર્શનશાસ્ત્ર ખૂબ પ્રચલિત છે. દર્શન તો વિદ્યાની એક સંપૂર્ણ શાખા બની ગયું. ઘણુંખરું પ્રત્યેક વિશ્વવિદ્યાલયમાં દર્શનની એક શાખા મળશે. દર્શનનો અર્થ છે જોવું. દર્શન ભણનાર વિદ્યાર્થી કદીય આંખોથી જોતો નથી. એવા પણ લોકો થયા છે - જેમની પાસે આંખ નહોતી, છતાં તેઓ દર્શનના જાણીતા-માનીતા વિદ્વાન હતા. પ્રેક્ષા ભીતરની આંખ છે. ભીતરની આંખથી જોવું તે પ્રેક્ષા છે. જે વ્યક્તિ ભીતરની આંખથી જોવાનો પ્રયત્ન કરે છે, તે ઘણું બધું જોઈ લે છે. જે માત્ર બાહ્ય આંખોથી કામ લે છે, તે ખૂબ સીમિત બની રહે છે. અપેક્ષા છે કે, આપણી અતીન્દ્રિય ચેતના જાગે. તે નથી જાગતી તો જોવાનું અધૂરું રહી જાય છે. આ એક સચ્ચાઈ છે. આપણે તેને ઊલટાવીને જોઈએ. શું કોઈ એવું પ્રાણી છે, જેની પાસે અતીન્દ્રિય ચેતના ના હોય ? માત્ર મનુષ્ય જ નહિ, પશુ-પક્ષીઓમાં પણ અતીન્દ્રિય ચેતના હોય છે. તેમનામાં મનુષ્ય કરતાં પણ વિશેષ અતીન્દ્રિય ચેતના હોય છે.

પ્રશ્ન ઉદ્ભવ્યો કે, પશુપક્ષીઓમાં અતીન્દ્રિય ચેતના વિશેષ કેમ હોય છે ? આ પ્રશ્ન ઉપર આજના વિચારકો અને વિદ્વાનોએ ચિંતન પછી કહ્યું, મનુષ્યે ઇન્દ્રિયચેતના દ્વારા કામ લેવાનું શરૂ કર્યું અને અતીન્દ્રિય ચેતનાને ભુલાવી દીધી. પશુપક્ષીઓ આજે પણ અતીન્દ્રિય ચેતનાથી કામ લે છે. તેમને દૂર દૂરની વાતની પણ ખબર પડી જાય છે. ભયંકર તોફાન કે ધરતીકંપ આવવાનો હોય તોમનુષ્યને ખબર નથી પડતી પણ પશુ-પક્ષીઓને ખબર પડી જાય છે. કારણ કે તેમની અતીન્દ્રિય ચેતના આજે પણ કામ કરી રહી છે. તેઓ તરંગોના આધારે દૂરની સ્થિતિને જાણી શકે છે. માનવસમાજ ઇન્દ્રિયચેતનામાં એટલો બધો ડૂબી ગયો છે કે, ઇન્દ્રિયો ઉપર એટલો બધો વિશ્વાસુ બની ગયો છે કે, તે તેનાથી દૂર જવા જ નથી માગતો.

**પ્રેક્ષાનો ઈન્દ્રિયસંયમ :**

જે વ્યક્તિ પ્રેક્ષાનો પ્રયોગ શરૂ કરે છે તેણે સૌ પ્રથમ ઈન્દ્રિયસંયમ કરવો પડે છે. ઈન્દ્રિયસંયમનો અર્થ છે : પ્રતિસંલીનતા. તેનું તાત્પર્ય એ છે કે, કાન વડે કામ ના લો, આંખ વડે કામ ના લો, ઈન્દ્રિયો વડે કામ ના લો. ભગવાન મહાવીરે ધ્યાનના અનેક પ્રયોગ કર્યા. કહેવાયું છે : સદ્દરૂવેસુ અમુચ્છિઐ ઝાતિ. મહાવીર શબ્દ અને રૂપ તરફ અમૂર્ચ્છિત થઈને ધ્યાન કરતા. એનો અર્થ છે : સાંભળો, પણ કાનથી ના સાંભળો. જુઓ, પણ આંખથી ના જુઓ. બહારની આંખને બંધ કરી દેવી, બહારના કાનને બંધ કરી દેવા, ભીતરનાં આંખ-કાન ખોલવાં- આ છે પ્રતિસંલીનતાનું રૂપ. પ્રતિસંલીનતાનો અર્થ છે, પોતાનામાં લીન થઈ જવું. જયાચાર્ય જ્યારે લાંબા સમય સુધી ધ્યાન કરતા, ત્યારે તેઓ કાનમાં એવી વસ્તુ મૂકતા જેથી બહારના અવાજ સંભળાય નહિ. મોટા મોટા અનેક સાધકોએ આવા પ્રયોગો કર્યા. જે વ્યક્તિ બહારના અવાજને સાંભળવાનું બંધ કરે છે અને ભીતરના અવાજને સાંભળવાનું શરૂ કરે છે તેના ભીતરમાંથી અવાજ પ્રગટે છે. આપણે જેટલા બહારથી અંદરની તરફ જઈશું, તેટલાં ભીતરનાં આંખ-કાન ખૂલી જશે. આપણે જેટલા બહાર રહીશું, તેટલાં ભીતરનાં આંખ-કાન બંધ થતાં જશે.

**અનિમેષ પ્રેક્ષા :**

મહાવીરની ધ્યાનપદ્ધતિ ભારે વિચિત્ર હતી. તે ત્રણ ભાગમાં વિભાજિત હતી. મહાવીર ઊર્ધ્વલોકનું ધ્યાન કરતા, તીર્યક્લોકનું ધ્યાન કરતા, અધોલોકનું ધ્યાન પણ કરતા. ઊર્ધ્વલોક ધ્યાનનું એક રૂપ છે આકાશદર્શન. જ્યારે મહાવીર તીર્યક્ ધ્યાન પર નજર સ્થિર કરતા, તેઓ ખુલ્લી આંખે ધ્યાન કરતા, લાંબા સમય સુધી ધ્યાન કરતા. તે ધ્યાનનું રૂપ હતું - અનિમેષ પ્રેક્ષા. તેઓ નિર્ધારિત ભાગને ખુલ્લી આંખે જોતા, ખુલ્લી આંખે જોતાં જોતાં જ તેમની આંખોમાં એક શક્તિ પેદા થઈ જતી. એ સ્થિતિમાં તેમને જોઈને બાળકો ચીસો પાડી ઊઠતાં. એક બાળકે જોયું, કેવી આંખો છે ! ખૂબ વિચિત્ર આંખો છે. તે બીજા બાળકને કહેતો, "જુઓ ! કેવી વ્યક્તિ છે ! આંખો છે ! આંખોમાં કેટલી લાલાશ (લાલિમા) છે !" બાળકો મહાવીરને જોઈને ડરી જતાં. અનિમેષ પ્રેક્ષા કરતાં કરતાં તેમની સ્થિતિ આવી થઈ જતી !

અનિમેષ પ્રેક્ષા ધ્યાન-સાધનાનો એક મહત્ત્વપૂર્ણ પ્રયોગ છે. જાતિસ્મરણ, સંમોહન, દૂર-દષ્ટિ, અન્તર્દષ્ટિ આ બધા માટે અનિમેષ પ્રેક્ષા મહત્ત્વનો પ્રયોગ છે. આ પ્રયોગ વડે ઊંડી એકાગ્રતા પ્રગટે છે. જે ધ્યાન-પદ્ધતિઓમાં માત્ર ત્રાટકના પ્રયોગને જ પ્રધાનતા આપવામાં આવી છે, તેમાં મુખ્યત્વે આ જ પ્રયોગ હોય છે. ખરેખર તો આ ખૂબ મહત્ત્વનો પ્રયોગ છે. ભગવાન મહાવીર ખૂબ જ લાંબા સમય સુધી અનિમેષ પ્રેક્ષાનો પ્રયોગ કરતા

હતા. તેમના પ્રયોગનું ત્રીજું બિન્દુ હતું : નીચેના લોકની પ્રેક્ષા.

**વાસના-વિજયનો પ્રયોગ :**

આકાશપ્રેક્ષા, તીર્યગ્ લોક પ્રેક્ષા અને અધોલોક પ્રેક્ષા- આ ત્રણ પ્રયોગ મહાવીરની સાધનાપદ્ધતિનાં મુખ્ય અંગ હતાં. પ્રશ્ન ઉદ્ભવે છે કે, મહાવીર શા માટે આ પ્રયોગો કરતા હતા ? તેનું કારણ શું હતું ? તેનું એક કારણ એવું બતાવવામાં આવે છે કે, ઉપરનાં તત્ત્વોને જાણવા માટે ઊર્ધ્વ દિશામાં ધ્યાન કરવામાં આવે છે. તીર્યગ્ લોકનાં તત્ત્વોને જાણવા માટે તીર્યગ્ દિશામાં ધ્યાન કરવામાં આવે છે. અધોલોક- ભૂગર્ભનાં તત્ત્વોને જાણવા માટે નીચેના લોકનું ધ્યાન કરવામાં આવે છે. આ એક કારણ થયું. બીજું કારણ એ છે કે, પ્રાણ અને અપાનનું સંતુલન. અપન પર વિજય મેળવવા માટે, પ્રાણ અને અપનનું સંતુલન સ્થાપવા માટે ઊર્ધ્વ દિશામાં ધ્યાન કરવું આવશ્યક છે. વાસનાવિજયનો આ મહત્ત્વનો પ્રયોગ છે.

**વૃત્તિનિયંત્રણનું સૂત્ર :**

મહાવીર મોટાં મોટાં ધ્યાન કરતા હતા. કેટલીક સ્ત્રીઓ આવી. મહાવીરનાં રૂપ અને તેજ જોઈને તે સ્ત્રીઓ વિમુગ્ધ થઈ ગઈ. એક સ્ત્રીએ કહ્યું, "તમે રાજકુમાર જેવા લાગો છો. તમે કોણ છો ? તમારી પત્ની કોણ છે ? શું તે ક્ષત્રિયાણી છે, બ્રાહ્મણ છે કે પછી વાણિયણ છે ?" મહાવીર મૌન રહ્યા. બીજી સ્ત્રીએ કહ્યું, "કેવો માણસ છે ? અમે પૂછીએ છીએ અને આ તો જવાબ પણ આપતો નથી !" ત્રીજી સ્ત્રી બોલી, "સુંદર કુમાર ! આંખ ખોલીને સામે તો જુઓ." ચોથી બોલી, "લાગે છે કે કોઈ નપુંસક છે." છતાં મહાવીર ના કાંઈ બોલ્યા, ના આંખો ખોલી. તેમનો પ્રયત્ન સફળ થયો નહિ.

આ ઘટનાનું તારણ કાઢવામાં આવ્યું. મહાવીરની આંખ ઉપરની તરફ સ્થિર હતી. તેમણે ઊર્ધ્વ ધ્યાન દ્વારા અપાન ઉપર પ્રાણનું નિયંત્રણ સ્થાપી દીધું હતું, તેથી તેઓ વાસનાથી વિરત બન્યા હતા. તેમણે વાસનાને જીતી લીધી હતી, તેથી ક્યારેય વિચલિત થવાનો પ્રસંગ બન્યો જ નહિ. વૃત્તિઓને નિયંત્રિત કરવાનો આ પ્રયોગ છે. જ્યાં સુધી અપાન ઉપર પ્રાણનું નિયંત્રણ નથી હોતું, ત્યાં સુધી વૃત્તિ-નિયંત્રણનું સૂત્ર હાથમાં આવતું નથી.

**બે પ્રકારનાં આલંબન :**

આપણા શરીરના ત્રણ ભાગ છે. ઊર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક. લોકનો એક અર્થ છે શરીર. પ્રાચીન જૈન તથા બૌદ્ધ સાહિત્યમાં શરીરના અર્થમાં 'લોક' શબ્દનો પ્રયોગ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. શરીરમાં જેટલાં ચક્ર- ચૈતન્ય કેન્દ્રો માનવામાં આવે છે, તેમને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યાં છે. સૌથી મહત્ત્વપૂર્ણ ચૈતન્યકેન્દ્ર ઊર્ધ્વલોકમાં છે. આનંદકેન્દ્ર, વિશુદ્ધિકેન્દ્ર, જ્યોતિકેન્દ્ર, શાંતિકેન્દ્ર વગેરે ઊર્ધ્વલોકમાં છે. તૈજસકેન્દ્ર મધ્યલોકમાં છે.

સ્વાસ્થ્ય કેન્દ્ર અને શક્તિકેન્દ્ર અધોલોકમાં છે. આપણા શરીરમાં અન્ય પણ ઘણાં કેન્દ્રો છે. સમગ્ર શરીર ચૈતન્યકેન્દ્રોથી ભર્યું ભર્યું છે. ભગવાન મહાવીરે આવાં કેન્દ્રો ઉપર ખૂબ ધ્યાન કર્યું. તેઓ પુદ્ગલ ઉપર દૃષ્ટિ સ્થિર કરતા, ભલે તે શરીરનો ભાગ હોય કે બહારનો પુદ્ગલ.

ધ્યાન માટે શરીર તથા બાહ્ય પુદ્ગલ બન્નેનું આલંબન લઈ શકાય છે. બહારનું આલંબન કે શરીરનું આલંબન આ બન્નેમાંથી કોઈ એક આલંબન ઉપર મહાવીર લાંબા સમય સુધી અનિમેષ પ્રેક્ષા કરતા હતા. સામે કોઈ મકાન છે, તેની ઉપર ધ્યાન સ્થિર કરવું તે બાહ્ય આલંબન છે. બહારના પદાર્થોને જાણવા માટે ઊર્ધ્વલોક, અધોલોક અને મધ્યલોક આ ત્રણે ઉપર ધ્યાન કરી શકાય છે. ભીતરને જાણવા-પોતાના ઉપર વિજય મેળવવા માટે શરીરના ઊર્ધ્વ, અધઃ અને તીર્યગ્ ભાગ ઉપર ધ્યાન કરવામાં આવે છે. બન્ને પ્રકારની ધ્યાન પ્રક્રિયા આચારાંગસૂત્ર દ્વારા સિદ્ધ થાય છે. આચારાંગમાં ધ્યાનનાં મહત્ત્વનાં સૂત્રો ભર્યા ભર્યા છે. તેમને પકડનાર વ્યક્તિ ધ્યાનનાં રહસ્યોને પામી જાય છે.

**ધ્યાન સહજ વૃત્તિ છે :**

ભગવાન મહાવીરની સાધના જ્ઞાતા-દૃષ્ટાની સાધના હતી. માત્ર જ્ઞાતા-દૃષ્ટા હોવું એ ધ્યાન છે. જ્યારે જોવા-સાંભળવાની સાથે સંવેદન જોડાઈ જાય છે, ત્યારે ધ્યાન અધ્યાન બની જાય છે. જ્ઞાન અને દર્શન અલગ છે. સંવેદન અલગ છે. સંવેદનનો સંબંધ વેદનીય કર્મ સાથે છે. પ્રેક્ષા એટલે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ, દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ. તેમનો પ્રયોગ કરવો એ જ પ્રેક્ષા છે. ભગવાન મહાવીરે જ્ઞાતા-દૃષ્ટાભાવનું જે દર્શન આપ્યું, તે ધ્યાનની ખૂબ સીધી અને પ્રભાવી અસર છે.

ધ્યાન એક અપ્રયત્ન છે. કહેવાયું છે, ઉત્તમા સહજા વૃત્તિ. સહજવૃત્તિ ઉત્તમ હોય છે. ધ્યાન સહજવૃત્તિ છે. જાણવામાં કશું કરવાનું નથી હોતું, તે અક્રિયા છે. મહાવીર માત્ર જોવા અને જાણવામાં લીન રહેતા. તેથી તેઓ અકષાયી હતા. અકષાયી હોવું એ ખૂબ મોટી વાત છે. લૌકિક ભાષામાં અકષાયીનો અર્થ કંઈક બીજો થાય છે. અકષાયીનો અર્થ છે કષાયમુક્ત થવું. આપણે ઊંડાણમાં જઈએ તો ધ્યાનની પણ આવી જ વ્યાખ્યા છે. આવી જ વ્યાખ્યા અહિંસાની છે. વીતરાગ થવું, ધ્યાની થવું અથવા અહિંસક થવું આ બધામાં ભિન્નતા નથી. વાસ્તવમાં આ બધાં એક જ બિન્દુ ઉપર મળે છે. જો એક વ્યક્તિ શુદ્ધ દૃષ્ટિથી અહિંસક રહે તો તે ધ્યાનમાં છે. જો તે ધ્યાનમાં નથી, તો તે અહિંસક નથી હોઈ શકતી. જો અહિંસક હોય તો તે ધ્યાન વગર ન હોઈ શકે. ઘણા બધા લોકો ધ્યાન કરવા બેસતા નથી, પણ પોતાનાં આત્મા અને ચેતના નિર્મળ હોય છે. પોતાની વૃત્તિઓ ઉપર તેમનું નિયંત્રણ હોય છે. ત્યારે

માનવું જ જોઈએ કે તેઓ સહજ ધ્યાનની મુદ્રામાં રહેલા છે.

**આચાર્ય ભિક્ષુ સહજ ધ્યાની હતા :**

આપણે આચાર્ય ભિક્ષુના જીવનને જોઈએ. તેઓ અંતિમ સમયે ધ્યાનમુદ્રામાં દિવંગત થયા, તેવો ઉલ્લેખ મળે છે. પરંતુ તેઓ કદીય અલગ રીતે ધ્યાન કરતા હતા તેવો ઉલ્લેખ નથી મળતો. લાગે છે કે, અહિંસાની વાત તેમના આત્મામાં એટલી સ્થિર હતી કે તેઓ નિરંતર સહજ ધ્યાનની સ્થિતિમાં રહેતા. તેથી પ્રાણી માત્ર તરફ તેમના મનમાં ઊંડી સંવેદના અને કરુણા હતી. આચાર્ય ભિક્ષુનો આ સિદ્ધાંત : 'રાંકાને મારે ધીગાને પોખૈ' ધ્યાનનું ફલિત છે. સૂક્ષ્મ જીવો પ્રત્યે, પ્રાણીમાત્ર પ્રત્યે કરુણાનો પ્રવાહ ન હોય તો કદીય આવો સિદ્ધાંત ફલિત ન થાય.

કબીરના પુત્ર કમાલે કહ્યું, 'જેવી પ્રાણધારા મારી અંદર વહી રહી છે, તેવી જ પ્રાણધારા ઘાસમાં વહી રહી છે. તેથી કમાલ હવે ઘાસ નહિ કાપી શકે.' જે વ્યક્તિને આવી ઊંડી દૃષ્ટિ પ્રાપ્ત થઈ જાય છે, પ્રાણીમાત્ર પ્રત્યે કરુણા અને અહિંસાનો ભાવ સધાઈ જાય છે તેને ધ્યાનમાં અલગ રીતે બેસવાની જરૂર નથી હોતી. તે નિરંતર ધ્યાનની સ્થિતિમાં ચાલ્યો જાય છે. દરેક વ્યક્તિ સહજ રીતે આ સ્થિતિને પામી નથી શકતી. તેણે અભ્યાસ કરવો પડે છે. કરુણા અને અહિંસાને જગાડવા માટે પ્રારંભમાં અભ્યાસ કરવો આવશ્યક છે. આપણે અભ્યાસ કરીએ, કરુણાની વૃત્તિ જગાડીએ. જેનામાં કરુણા અથવા અહિંસા જાગી ગઈ, તેનું ધ્યાન સિદ્ધ થઈ ગયું.

**ધ્યાનનું સૌથી મોટું સૂત્ર :**

ભગવાન મહાવીરે પ્રેક્ષા કરી, માત્ર જોયું અને જાણ્યું. અર્થાત્ તેમના જ્ઞાન અને દર્શન સાથે સંવેદન જોડાયેલું નહોતું. શિષ્યે આચાર્યને પૂછ્યું, "ગુરુદેવ ! ધ્યાન શું છે ?" આચાર્યે કહ્યું, "વત્સ, માત્ર સાંભળો." શિષ્યે પુનઃ પૂછ્યું, "આપના કથનનો અર્થ શો છે ?" આચાર્ય બોલ્યા, "તમે કાન વડે કામ લો. સાંભળો, પરંતુ તેની સાથે બીજું કાંઈ ના જોડો. તમે ધ્યાનની સ્થિતિમાં પહોંચી જશો."

જ્યાં જ્યાં કાન સાથે મન જોડાયું, સંવેદના જોડાઈ, ત્યાં ત્યાં સાંભળવું માત્ર સાંભળવું ના રહ્યું. તેમાં સંવેદન મુખ્ય બની જાય છે. મૂર્ચ્છા મુખ્ય બની જાય છે, અને સાંભળવું ગૌણ થઈ જાય છે. જ્યાં માત્ર ઇન્દ્રિયો વડે કામ લેવાય છે, તેની સાથે મન અને સંવેદન નથી જોડાતું. ત્યાં સાંભળવું મુખ્ય બની જાય છે. સંવેદન અને મૂર્ચ્છા ગૌણ બની જાય છે. ધ્યાનનું આ સૌથી મોટું સૂત્ર છે. ભગવાન મહાવીરની ધ્યાનપદ્ધતિનું પ્રેક્ષાધ્યાનનું આ સંદર્ભમાં જ સમ્યક્ મૂલ્યાંકન અને અવબોધ પ્રાપ્ત થઈ જાય છે. ભગવાન

મહાવીરે જે પ્રયોગો કર્યા, તેઓ જે પ્રયોગોમાંથી પસાર થયા, તેમની સાધનાનાં જે આધારસૂત્રો હતાં, તે આજે પ્રેક્ષાધ્યાન પદ્ધતિનાં મહત્ત્વનાં આધાર બનેલાં છે. તેની સાધના કરનાર મહાવીરની ધ્યાનપદ્ધતિનો સાક્ષાત્કાર કરી શકે છે.

✪ ✪ ✪

